ગ્રન્થાંક-૮૪

શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ વિરચિત

પ્રથમ - દ્વિતીય

# કર્મગ્રન્થ સાર્થ

## ભાગ ૧ લો

(૧ કર્મવિપાક : ૨ કર્મસ્તવ)

(પ્રદિપક સાથે)

: પ્રકાશક :

(સદ્ગત શેઠશ્રી વેણીચંદ સુરચંદ સંસ્થાપિત)

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા

અને

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ - મહેસાણા

કિંમત રૂા. ૫૨=૦૦

છાપેલી કિંમતથી વધારે કિંમત લેવી નહિ.

૧ થી ૧૦૨

૨૪૮ થી ૩૧૦

॥ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ ॥

ગ્રન્થાંક-૮૪

તપાગચ્છાચાર્ય શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

વિરચિત

# નવ્ય-કર્મગ્રન્થ-ભાગ ૧ લો

## (૧ કર્મવિપાક : ૨ કર્મસ્તવ)

મુનિશ્રી જીવવિજયજી વિરચિત સ્તબકાર્થ

અને

શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ સંકલિત

કર્મગ્રંથ પ્રદીપ સાથે

: પ્રકાશક :

(સદ્ગત શેઠશ્રી વેણીચંદ સુરચંદ સંસ્થાપિત)

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા

અને

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ - મહેસાણા

વીર સં. ૨૫૩૨ ઈ.સ. ૨૦૦૬ વિ.સં. ૨૦૬૨

આવૃત્તિ : ૮મી નકલ : ૩૦૦૦

કિંમત રૂા. ૫૨=૦૦

છાપેલી કિંમતથી વધારે કિંમત લેવી નહિ.

# પ્રકાશકીય નિવેદન

આ અગાઉ આ ગ્રંથની સાત આવૃત્તિ છપાઈ ચૂકી છે. સાતમી આવૃત્તિની ૩૦૦૦ નકલ ખલાસ થતાં આ આવૃત્તિની ૩૦૦૦ નકલો છપાવેલ છે.

આ આવૃત્તિમાં સાતમી આવૃત્તિની માફક પહેલો અને બીજો **કર્મગ્રંથ** જ છપાવેલ છે. અને તેમાં સાતમી આવૃત્તિ પ્રમાણે પરિશિષ્ટરૂપે **કર્મગ્રંથ-પ્રદીપ** પણ લેવામાં આવેલ છે. જે કર્મગ્રંથના અભ્યાસીઓના બુદ્ધિ વિકાસ માટે ઉપયોગી થશે. તેમજ બીજા કર્મગ્રંથના પ્રદીપમાં સંસ્થાના ભૂતપૂર્વ સ્વ. વિદ્યાર્થી **શિવલાલ સૌભાગ્યચંદનું** લખેલ **સત્તા પ્રકરણ** પણ વિસ્તૃત માહિતી જાણવા ઈચ્છનાર માટે દાખલ કરવામાં આવેલ છે.

આ આવૃત્તિમાં સ્ખલનાઓ જણાય તો અમને જણાવવા વિનંતી છે. જેથી હવે પછીની આવૃત્તિમાં યોગ્ય સુધારો થઈ શકે.

દૃષ્ટિદોષથી કે પ્રેસદોષથી થયેલ ભૂલો અંગે ક્ષમા યાચીએ છીએ.

| | |
|---|---|
| **મહેસાણા** | **લિ.** |
| **સં. ૨૦૬૨ વૈશાખ** | **ડૉ. મફતલાલ જે. શાહ** |
| **મે ૨૦૦૬** | **ઓનરરી સેક્રેટરી** |


**પ્રાપ્તિસ્થાનો**

| | |
|---|---|
| **શ્રી જૈન શ્રેયસ્કર મંડળ**<br>સ્ટેશન રોડ<br>મહેસાણા (ઉ. ગુ.) | **શ્રી જૈન શ્રેયસ્કર મંડળ**<br>ઠે. બાબુ બિલ્ડીંગ<br>પાલીતાણા (સૌરાષ્ટ્ર) |

: મુદ્રક :

**ભરત પ્રિન્ટરી**

કાન્તિલાલ ડી. શાહ

ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧. ફોન : ૨૨૧૬૪૭૯૮

## ખાસ વિજ્ઞપ્તિ

પરમાત્મા શ્રી વીતરાગદેવની આજ્ઞાને ત્રિવિધે શિરસાવંદ્ય કરી આ જગતમાં મહાભાગ્યશાળી તરીકે સાબિત થઈ ચૂકેલ હે પુણ્યવંત આત્મા !

આ પુસ્તકમાંનાં કેટલાંક સૂત્રો જૈનધર્મના સારરૂપ છે કે જેના ઉપર આખા જૈનધર્મની રચના ગોઠવાયેલી છે. બીજાં સૂત્રો પણ તેના જ સામાન્ય કે વિશેષ વિવેચનરૂપ જ છે.

એટલે આ પુસ્તકની અને આમાંના કોઈપણ લખાણની બીલકુલ આશાતના ન થાય, તેની સંપૂર્ણ કાળજી રાખવાનું ચૂકશો નહીં, એવી આશા રાખવામાં આવે છે.

નાભિથી નીચે પુસ્તક ન રહે, તેની સંપૂર્ણ કાળજી રાખશો. પૂરેપૂરા બહુમાનથી આ સૂત્રો ભણજો, આ ખાસ કાળજી રાખી આ પુસ્તકની સંપૂર્ણ રક્ષા અને ભક્તિ જાળવજો.

થુંક વગેરે અપવિત્ર પદાર્થનો સ્પર્શ ન થાય, જ્ઞાન સામે અવિનયથી બેસવું નહીં-વર્તવું નહીં, તથા અવિનયી વર્તન અટકાવવું.

આના કરતાં જગત્‌માં ઉત્તમ લખાણ એકેય નથી અને અનેક પુણ્યરાશિથી જ આ તમને પ્રાપ્ત થયું છે, તે રખે ભૂલતા !

- પ્રકાશક

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧. કર્મવિપાક (૧લો કર્મગ્રંથ) | ૫ |
| ૨. કર્મવિપાક-પ્રદીપક | ૧૦૩ |
| ૩. કર્મસ્તવ (૨જો કર્મગ્રંથ) | ૨૪૯ |
| ૪. કર્મસ્તવ-પ્રદીપક | ૩૦૮ |
| ૫. સત્તા વિષે સ્પષ્ટીકરણ | ૩૪૦ |


## ઉત્તમાર્થ - સાધના

આ સંસ્થા ઉત્તમ શ્રદ્ધાળુ જૈન વિદ્વાનો, અધ્યાપકો તૈયાર કરી અને ઉત્તમ જૈન ધાર્મિક સાહિત્ય પ્રકાશિત કરી ભવ્ય આત્માઓને શ્રી વીતરાગ ધર્મની અભિમુખ રાખી પારમાર્થિક જનકલ્યાણ સાધે છે.

॥ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ ॥

ગ્રન્થાંક-૮૪

શ્રીમદ્ દેવેન્દ્રસૂરિજી વિરચિત

# સાર્થ કર્મ્મગ્રન્થો

ભાગ ૧ લો

(૧–૨)

: પ્રકાશક :

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
અને
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ - મહેસાણા (ઉ.ગુ.)

## શ્રી જીવવિજયજી મહારાજ કૃત–

# સ્તબકાર્થઃ

### मङ्गलाचरणम्

### [ आर्या छन्दः ]

**प्रणिपत्य जिनं वीरं, वृत्त्यनुसारेण जीवविजयाह्वः ।**
**वितनोमी स्तबकार्थं, कर्म्मग्रन्थे सुगमरीत्या ॥ १ ॥**

**गहनार्थोऽयं ग्रन्थो, मन्दधियां वृत्तयोऽपि दुर्बोधाः ।**
**तेषामनुग्रहकृते, न्याय्यं स्तबकार्थकरणं मे ॥ २ ॥**

**શ્રી વીર** પરમાત્માને પ્રણામ કરી જીવવિજય નામનો હું મુનિ કર્મગ્રંથનું સરલ વિવેચન રચું છું. ૧

આ ગ્રંથ તો મહાન્ છે જ, અને બાળ જીવોની બુદ્ધિ મંદ હોય છે, તેથી તેઓના લાભ માટે આ ટુંક વિવેચન કરવાનો મારો પ્રયાસ સફળ થશે. ૨

**પ્રશ્ન** "**કર્મગ્રંથ**" તે શું કહીએ ?

ઉ૦ જીવે મિથ્યાત્વાદિક હેતુએ કરીને કરીએ-આત્મા સાથે પુદ્ગલ બાંધિયે, તે-**કર્મ્મ** કહીએ.

**क्रियते, इति कर्म्म, इति व्युत्पत्तेः**

તે કર્મ્મનું = મૂળોત્તર પ્રકૃતિભેદે કરી, તથા-પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશાદિ, ભેદે કરી તથા-બંધ, ઉદય, ઉદીરણા, અને સત્તાદિ, ભેદે કરી, ગ્રથન-રચવું-પ્રતિપાદન છે જેને વિષે = તે **કર્મ્મગ્રન્થ** કહીએ.

તિહાં-પ્રથમ **કર્મ્મવિપાક** નામે **કર્મ્મગ્રંથ** કહે છે.

# (૧)

# કર્મવિપાક કર્મગ્રંથ

## મંગલાચરણઃ વિષયઃ પ્રયોજનઃ અને કર્મનો વ્યુત્પત્ત્યર્થઃ

**सिरि-वीर-जिणं वंदिअ, कम्मविवागं समासओ वुच्छं।**
**कीरइ जिएण हेउहिं, जेणं-तो भन्नए "कम्मं" ॥१॥**

### શબ્દાર્થ :

**सिरिवीरजिणं** = શ્રી વીર જિનેશ્વરને, **वंदिय** = વંદન કરીને, **कम्म-विवागं** = કર્મ-વિપાક, **समासओ** = ટુંકામાં, **वुच्छं** = કહીશ, **कीरई** = કરાય છે, **जिअेण** = જીવે, **हेउहिं** = હેતુઓ વડે, **जेणं** = જેથી, **तो** = તેથી, **भन्नअे** = કહેવાય છે, **कम्मं** = કર્મ ૧.

### ગાથાર્થ :

**શ્રી મહાવીરસ્વામીને વંદન કરી, કર્મવિપાક (નામનો ગ્રન્થ) હું ટુંકામાં કહેવાનો છું.**

**જેથી- જીવવડે હેતુઓ દ્વારા "કરાય" છે,**

**તેથી- "કર્મ" કહેવાય છે. ૧**

सिरि = શ્રી, તે-અતિશય, પ્રાતિહાર્યાદિક તીર્થંકરલક્ષ્મી. તેણે કરી સહિત એવા वीर = તે-પરીસહાદિક સહવા સમર્થ. जिणं = તે રાગદ્વેષના જીપણહાર. એહવા શ્રી વીરજિન પ્રત્યે વંદિય-વાંદીને. કર્મ્મનો જે વિપાક = પ્રકૃતિપ્રતિપાદન રૂપ, તે સમાસઓ-સંક્ષેપથકી કહીશ.

એટલે-કર્મ્મવિપાક નામા પહેલો કર્મ્મગ્રંથ કહું છું.

હવે–

કર્મ્મ, તે શું ? તે કહે છે.

અંજનચૂર્ણના ડાભડાની પેઠે નિરંતર પુદ્‌ગલે કરીને ભર્યા લોકને વિષે ક્ષીર-નીરને ન્યાયે અને લોહાગ્નિને ન્યાયે કર્મ પુદ્‌ગલની વર્ગણા જીવે પોતાના આત્મા સંઘાતે મિથ્યાત્વ અવિરતિ, કષાય, યોગ, રૂપ અભ્યંતર હેતુઓએ કરી, તથા **"પડિણીયત્તણનિન્હવ"** ઇત્યાદિ બાહ્ય હેતુઓએ કરીને, સંબદ્ધ કરીએ, તે **કર્મ્મ** કહીએ.

તે કર્મ્મ **રૂપી** છે, **અરૂપી** નથી. આત્માને કર્મ્મનો કીધો ઉપઘાત થાય છે, તે માટે.

ઇહાં- કોઈ કહેશે-કે "આત્માને રૂપી કર્મ્મનો કીધો ઉપઘાત, અનુગ્રહ, કેમ ઘટે ?"

તેનો ઉત્તર એ છે, કે "ડાહ્યા મનુષ્યને પણ મદ્યપાનાદિકે મતિનો ઉપઘાત થાય છે, અને બ્રાહ્મી પ્રમુખ ઔષધિએ અનુગ્રહ પણ થતો દીસે છે.

એ પુદ્‌ગલયોગે જેમ બાહ્યથકી અરૂપી જીવને ઉપઘાત, અનુગ્રહ થાતો દીસે છે, તેમ કમ્મવર્ગણાએ કરીને જીવને ઉપઘાત, અનુગ્રહ, થાય છે."

તથા-જીવ સમયે સમયે શુભાશુભ કર્મ્મ બાંધે છે, છોડે છે, પણ **પ્રવાહથકી કર્મબંધ અનાદિ** છે.

**"अणाइयं तं पवाहेणं-इति वचनात्."**

અન્યથા-કર્મની આદિ કહીએ, તો-તે કર્મ્મબંધ થકી પૂર્વે, જીવ કર્મ્મરહિત હોવો જોઈએ; અને તે "**કર્મ્મબંધ** રહિતને કર્મ્મબંધ થયો." કહિયે, તો સિદ્ધને પણ કર્મ્મબંધ થાય.

તે માટે કર્મ્મબંધ તે અનાદિ છે.

ઇહાં, કોઈ કહે કે-"અનાદિ સંયોગનો વિયોગ કેમ થાય ?"

**તત્રોત્તર–** ૧

"કંચન અને ઉપલનો સંયોગ અનાદિનો છે, તેનો તથાવિધ સામગ્રીવશે વિયોગ થાય છે, તેમ જીવ-કર્મનો પણ તથાવિધ સામગ્રીવશે ભવસ્થિતિ પરિપાકે આત્યંતિક વિયોગ થાય છે. ફરી તેને પાછો સંયોગ ન થાય. काञ्चनोपलवत् ॥१॥

**તે કર્મના-લાડુના દૃષ્ટાંતપૂર્વક ચાર પ્રકારો અને મૂળોત્તર ભેદો.**

**पयइ-ठिइ-रस-पएसा, तं चउहा मोअगस्स दिट्ठंता।**
**मूल-पगइट्ठ-उत्तर-पगइ-अडवन्न-सय-भेयं ॥२॥**

**શબ્દાર્થ :**

**पयइ-ठिई-रस-पएसा** = પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ ને આશ્રયીને, **तं** = તે **चउहा** = ચાર પ્રકારે, **मोअगस्स** = લાડુના, **दिट्ठंता** = દૃષ્ટાંતે કરીને, **मूल-पगइट्ठ-उत्तर-पगइ-अडवन्नसय-भेयं** = મૂળ પ્રકૃતિએ આઠ, અને ઉત્તર પ્રકૃતિએ એકસો અઠ્ઠાવન ભેદોવાળું. ૨

**ગાથાર્થ :**

મૂળ પ્રકૃતિએ આઠ અને ઉત્તર પ્રકૃતિએ એકસો અઠ્ઠાવન ભેદોવાળું તે કર્મ પ્રકૃતિ, સ્થિતિ, રસ, અને પ્રદેશને આશ્રયીને લાડુને દૃષ્ટાંતે ચાર પ્રકારે છે. ૨

કર્મનો સ્વભાવ તે-**પ્રકૃતિ** ૧. કાળનું માન તે-**સ્થિતિ** ૨. કર્મ પુદ્‌ગલના શુભ-અશુભ રસનું તીવ્ર-મંદપણું તે **અનુભાગ** ૩. અને પુદ્‌ગલના દળિયાનું માન **તે-પ્રદેશ** કહીએ-૪.

એમ ચાર પ્રકારે કર્મ્મ છે તે મોદક-લાડુઓને દૃષ્ટાંતે જાણવાં.

**प्रकृतिस्तु स्वभावः स्यात् स्थितिः कालावधारणम् ।**
**अनुभागो रसो ज्ञेयः प्रदेशो दल-संचयः ॥११॥**

"એ મોદકના દૃષ્ટાંત થકી જાણવો." તે કેમ ?

તે કહે છે-

જેમ-કોઈ વાતાપહારી સુંઠાદિ દ્રવ્યે નિષ્પન્ન મોદક તે-પ્રકૃતિએ-સ્વભાવે-વાયુનેજ ટાળે વળી પિત્તાપહારીદ્રવ્યે નિષ્પન્ન, તે પિત્તનેજ ટાળે; વળી-કફાપહારી દ્રવ્યે નિષ્પન્ન, તે કફને ટાળે. તેમ-કર્મ પણ કોઈક જ્ઞાનને આવરે, કોઈ દર્શનને-દેખવાને આવરે, ઇત્યાદિ-તે **પ્રકૃતિ** કહીએ. ૧

તથા-કોઈક મોદક એક દિન જ રહે, કોઈક બે દિન રહે; યાવત્ કોઈ માસ લગે રહે, તે ઉપરાંત-વિણસે. તેમ-કોઈ કર્મ્મની સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ કોઈકની ૩૦ કોડાકોડી સાગર પ્રમાણ કોઈકની ૭૦ કોડાકોડી સાગર પ્રમાણ હોય; ઇત્યાદિ. એ **સ્થિતિ** કહિયે ૨.

તથા-સ્નિગ્ધ, રૂક્ષ, મધુર, કટુકાદિક, **રસ.** તે કોઈક મોદકનો એક ગુણ હોય, કોઈકમાં દ્વિગુણ, ત્રિગુણ, ચતુર્ગુણ, પણ હોય તેમ-કર્મ્મનો કોઈ વખત એકસ્થાનીય રસ હોય અને કોઈ વખત તીવ્ર, તીવ્રતર, કષાયને યોગે દ્વિસ્થાનીય, ત્રિસ્થાનીય, ચતુઃસ્થાનીય, રસ હોય. એ-**રસ** કહીએ ૩.

તે મોદકના પ્રદેશ, તે-કણિયા રૂપ. તે કોઈ એક પસલી પ્રમાણ, કોઈ એક પાશેર, અધશેર, શેર, પ્રમાણ હોય. તેમ-કોઈ કર્મના દળિયાં કોઈકને થોડાં, કોઈકને ઘણાં. એ-**પ્રદેશ** ૪.

એ મોદકનાં દૃષ્ટાંત જાણવાં.

હવે, તે કર્મની મૂળ પ્રકૃતિ આઠ છે અને તે મૂળ પ્રકૃતિની ઉત્તરપ્રકૃતિ = તે ઉત્તરભેદ, એકસો અઠ્ઠાવન છે. ॥૨॥

**ઉત્તર ભેદોની સંખ્યા સાથે મૂળ પ્રકૃતિનાં નામો :-**

**इह नाण-दंसणावरण-वेय-मोहाउ-नाम-गोआणि ।**
**विग्घं च पण-नव-दु-अट्ठवीस-चउ-तिसय-दु-पण-विहं ॥३॥**

**શબ્દાર્થ :**

इह = અહીં, **नाण-दंसणावरणवेअ-मोहाउ-नाम-गोआणि** = જ્ઞાન અને દર્શનાવરણીય, વેદ્ય, મોહ, આયુષ નામ, ગોત્ર, **विग्घं** = અંતરાય, **पण नव-दु-अट्ठवीस-चउ-तिसय-दु-पण-विहं**= પાંચ, નવ, બે, અઠ્ઠાવીસ, ચાર, એકસો ત્રણ, બે તથા પાંચ ભેદોવાળું. ૩

**ગાથાર્થ :**

અહીં - **પાંચ, નવ, બે, અઠ્ઠાવીશ, ચાર, એક સો ત્રણ, બે અને પાંચ ભેદોવાળા જ્ઞાન-દર્શનનાં આવરણ, વેદનીય, મોહનીય, આયુષ, નામ, ગોત્ર અને અંતરાય (કર્મ) છે.** ૩

ઈહાં = પ્રવચનને વિષે.

વિશેષાવબોધરૂપ-જ્ઞાનને આવરે-ઢાંકે તે-**જ્ઞાનાવરણીય કર્મ** કહીએ. ૧

સામાન્યાવબોધરૂપ-દર્શનને એટલે-ઈન્દ્રિયના વિષયને આવરે. તે-**દર્શનાવરણીય કર્મ.** ૨

સાતા-અસાતાપણે વેદવું પડે. તે - **વેદનીય કર્મ ૩.**

મુંઝવે-વિકળ કરે-સમ્યક્ત્વ, ચારિત્ર થકી. તે - **મોહનીય કર્મ ૪.**

અન્ય-ભવાંતરને પમાડે, તે - **આયુઃ કર્મ ૫.**

શુભાશુભપણું પમાડે, તે - **નામ કર્મ ૬.**

ઊંચ-નીચ પણે ગાઈએ-બોલાવીએ, તે - **ગોત્ર કર્મ ૭.**

દાનાદિક લબ્ધિનો અંતરાય કરે, તે-વિઘ્ન-**અંતરાય કર્મ ૮.**

**એ આઠ કર્મનાં નામ કહ્યાં.**

**હવે એહની ઉત્તર પ્રકૃતિની સંખ્યા કહે છે-**

૧. જ્ઞાનાવરણીય **પાંચ** ભેદે છે.

૨. દર્શનાવરણીય નવ ભેદે છે.

૩. વેદનીય બે ભેદે છે.

૪. મોહનીય **અટ્ઠાવીશ** ભેદે છે.

૫. આયુષ **કર્મ ચાર** ભેદે છે.

૬. નામકર્મ **એકસો** ત્રણ ભેદે છે.

૭. ગોત્રકર્મ બે ભેદે છે.

૮. અને અંતરાયકર્મ **પાંચ** ભેદે છે.

એવં-આઠ કર્મની એકસો અઠ્ઠાવન ઉત્તર પ્રકૃતિ જાણવી એ આઠ કર્મનો ઉપન્યાસક્રમ કહીએ છીએ-

ઈહાં જ્ઞાન, દર્શન, તે જીવનું લક્ષણ છે.

**"चेतनालक्षणो जीवः" इति वचनात्.**

તે-**જ્ઞાન, દર્શન,** વિનાનો જીવ, તે અજીવપણું પામે.

તે બે માંહે પણ જ્ઞાન મુખ્ય છે :- સાકારોપયોગ-વિશેષોપયોગ માટે.

સાકારોપયોગવંત જીવને સર્વ લબ્ધિ ઊપજે. મોક્ષપ્રાપ્તિ સમયે પણ સાકારોપયોગવંત હોય. તે માટે **જ્ઞાન** મુખ્ય છે.

તે - **જ્ઞાનને** આવરે-ઢાંકે, તે **જ્ઞાનાવરણીય કર્મ.**

તે-એટલા માટે પ્રથમ કહ્યું ૧

તે પછી - બીજે સમયે કેવલીને અનાકારોપયોગ-સામાન્યોપયોગ-દર્શનોપયોગ હોય. તે - **દર્શન** આવરે-ઢાંકે, તે **દર્શનાવરણીય કર્મ.**

તે માટે, **જ્ઞાનાવરણીય** પછી **દર્શનાવરણીય** કહ્યું ૨.

એ બે આવરણીય કર્મો પોતપોતાનો વિપાક દેખાડતાં સુખ-દુઃખ, વેદનીય-વિપાકનો હેતુ થાય.

તે માટે, તે પછી-**વેદનીય** કહ્યું. ૩

સાતા-અસાતા વેદનીયને ઉદયે જીવને અવશ્ય રાગ-દ્વેષ-કષાય ઉપજે.

તે માટે, તે પછી **મોહનીય** કહ્યું. ૪

મોહનીયે મુંઝાયા જીવ બહુ આરંભાદિકે કરી નરક-તિર્યંચાદિકનું આયુઃ બાંધે.

તે માટે-તે પછી **આયુઃ** કર્મ કહ્યું.

ભવથકી ભવાંતરે જાતાં જીવને નિશ્ચે ઉદય આવે, તે **આયુઃ** કહિયે.

યદ્યપિ કર્મ તો સર્વ ઉદયે આવે જ, પણ શેષ ૭ કર્મ - તે ભવે, તથા ભવાંતરે, તથા ઘણે ભવે, પણ ઉદય આવે, અને **આયુઃ કર્મ** તો તે ભવે ઉદય આવે જ નહીં, ભવાંતરે (અનંતર ભવે) જ ઉદય આવે, એ વિશેષ છે. ૫

આયુને ઉદયે અવશ્ય ગતિ-જાત્યાદિક **નામકર્મ**નો ઉદય હોય.

તે માટે, તે પછી-**નામકર્મ** કહ્યું. ૬

નામકર્મને ઉદયે અવશ્ય ઊંચ-નીચાદિક ગોત્રનો ઉદય હોય.

તે માટે, તે પછી-**ગોત્રકર્મ** કહ્યું. ૭

ઊંચ-નીચ ગોત્રને ઉદયે અનુક્રમે **દાન, લાભાદિક**નો ઉદય-વિનાશ થાય.

તે માટે-તે પછી **અંતરાય કર્મ** કહ્યું. ૮

**એ આઠ કર્મનો ઉપન્યાસક્રમ કહ્યો. ॥૩॥**

## ૧લું-પાંચ ભેદે જ્ઞાનાવરણીય કર્મ

### પાંચ જ્ઞાન, મતિજ્ઞાન, વ્યંજનાવગ્રહ :-

**मइ-सुअ-ओही-मण-केवलाणि, नाणाणि तत्थ मइ-नाणं ।**
**वंजण-वग्गह-चउहा, मण-नयण-विणिंदिय-चउक्का ॥४॥**

**શબ્દાર્થ :**

**मई-सुअ-ओही-मण-केवलाणि** = મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલ, **नाणाणि** = જ્ઞાનો, **तत्थ** = તેઓમાં, **मई-नाणं** = મતિજ્ઞાન, **वंजण-वग्गह** = વ્યંજનાવગ્રહ, **चउहा** = ચાર પ્રકારે, **मण-नयण-विणिंदिय-चउक्का** = મન અને ચક્ષુ સિવાયની ચાર ઇન્દ્રિયોને આશ્રયીને. ૪

**ગાથાર્થ :**

**મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, અને કેવલ - જ્ઞાનો છે.**

**તેઓમાં-**

**મતિજ્ઞાન-**

**"મન અને આંખો વિના ચાર ઇન્દ્રિયોને આશ્રયીને વ્યંજનાવગ્રહ ચાર પ્રકારે છે. ૪**

જ્ઞાન પાંચ છે, તે ક્યાં ?

ઇન્દ્રિયો અને મને કરીને માનીએ - જાણીએ-તે **મતિજ્ઞાન.**

**સિદ્ધાંતે-આભિનિબોધિક**-જ્ઞાન કહીએ अभिनिबुध्यते, इति आभिनिबोधिकम् १

સાંભળવે કરી જાણીએ, તે-**શ્રુતજ્ઞાન** ૨.

અવધિ-મર્યાદા પ્રમાણે રૂપી દ્રવ્યનું જાણવું, તે-**અવધિજ્ઞાન.** ૩

મનચિંતિત અર્થનું જાણવું, તે **મનઃ પર્યવજ્ઞાન.** ૪

કેવળ-અખંડપણે લોકાલોકનું તથા રૂપી-અરૂપી સર્વ દ્રવ્યનું તથા સર્વ જીવાજીવના સર્વ પર્યાયનું સમકાળે જાણવું, તે-**કેવલજ્ઞાન** કહીએ ૫.

એ પાંચ જ્ઞાન કહીએ.

તે માંહે-

પહેલાં બે જ્ઞાન, તે-**પરોક્ષ** જ્ઞાન છે, છેલ્લાં ત્રણ **પ્રત્યક્ષ** જ્ઞાન છે.

હવે-

પ્રથમ-

મતિજ્ઞાન અઠ્ઠાવીસ ભેદે છે.

તે અઠ્ઠાવીશ ભેદ કહે છે.

ઇન્દ્રિયને પ્રાપ્ત વિષય-પદાર્થનું અવ્યક્તપણે જાણવું - તે-વ્યંજનાવગ્રહ કહીયે.

તે ચાર ભેદે હોય.

તે કહે છે.

મન અને નયન - તે ચક્ષુ ઇન્દ્રિય, એ બે વિના, શેષ ચાર ઇન્દ્રિયનો વ્યંજનાવગ્રહ હોય.

મન અને ચક્ષુનો વિષય અપ્રાપ્યકારી છે-પુદ્ગલ અણફરસ્યે વિષય જાણે. તે માટે, તે-મન અને ચક્ષુનો વ્યંજનાવગ્રહ ન હોય. ૪

### મતિજ્ઞાન-ચાલુ-

**અર્થાવગ્રહ, ઇહા, અપાય, ધારણા, તથા શ્રુતજ્ઞાનના ભેદો-**

**अत्थुग्गह-ईहा-ऽवाय-धारणा करण-माणसेहिं छ-हा ।**
**इय अट्ठ-वीस-भेअं, चउ-दस-हा वीस-हा व सुयं ॥५॥**

**શબ્દાર્થ :**

**अत्थुग्गह-ईहाऽवाय-धारणा**= અર્થાવગ્રહ, ઇહા, અપાય, અને ધારણા, **करण-माणसेहिं**= ઇન્દ્રિયો અને મન વડે કરીને, **छ-हा** = છ પ્રકારે, **इय** = એ પ્રમાણે, **अट्ठ-वीस-भेयं** = અટ્ઠાવીસ પ્રકારે, **चउदसहा** = ચઉદ પ્રકારે, **वीस-हा** = વીશ પ્રકારે, **व** = અથવા, **सुयं** = શ્રુતજ્ઞાન. ૫.

**ગાથાર્થ :**

**ઇન્દ્રિયો અને મન વડે કરીને અર્થાવગ્રહ, ઇહા, અપાય અને ધારણા છ પ્રકારે છે.**

**એમ અટ્ઠાવીશ ભેદે મતિજ્ઞાન છે.**

**શ્રુતજ્ઞાન-ચૌદ પ્રકારે અથવા વીશ પ્રકારે છે. ૫**

ઇન્દ્રિયને વિષયપ્રાપ્ત પદાર્થનું સામાન્યપણે જાણવું. તે-**અર્થાવગ્રહ** કહીયે ૧.

"એ શું હશે ?" એ વિચારવું, તે-ઇહા ૨.

તેનું નિર્ધારવું, તે-**અપાય** કહીએ ૩.

તે ધારી રાખવું, તે-**ધારણા** ૪.

એ ચારે કરણ (પાંચ ઇન્દ્રિય) અને છઠ્ઠું મન એમ છ છ ભેદે હોય.

એમ-છxચોક = ચોવીશ ભેદ થયા. અને ચાર ભેદે વ્યંજનાવગ્રહ, એમ અટ્ઠાવીશ ભેદે મતિજ્ઞાન હોય.

ઇહાં-**મતિજ્ઞાન** બે ભેદે છે.

**૧ શ્રુતનિશ્રિત અને ૨ અશ્રુતનિશ્રિત**

તિહાં-

જે પ્રાયે શ્રુતના અભ્યાસ વિના-સહેજે જ વિશિષ્ટ ક્ષયોપશમને વશે મતિ ઉપજે, તે-**અશ્રુતનિશ્રિત** કહીયે.

તે ચાર ભેદે છે **ઔત્પાતિકી ૧, વૈનયિકી ૨, કાર્મ્મિકી ૩, પારિણામિકી ૪.** એ ચાર બુદ્ધિ.

સહેજે-પોતાની મેળેજ ઉપજે, તે-**ઔત્પાતિકી** બુદ્ધિ ૧.

ગુરુનો વિનય શુશ્રુષા-સેવા કરતાં આવે, તે **વૈનયિકી** બુદ્ધિ ૨.

કર્મ્મ કરતાં ઉપજે, તે-**કાર્મ્મિકી** ૩.

પરિણામ તે દીર્ઘકાળનું પૂર્વાપર અર્થનું અવલોકન, તે-**પારિણામિકી** બુદ્ધિ ૪.

એહનું વિશેષ સ્વરૂપ. नंदीसूत्र आवश्यकबृहद्वृत्ति પ્રમુખ થકી જાણવું.

અને જે શ્રુતને અભ્યાસે શ્રુતસ્મરણપૂર્વક ઇન્દ્રિયાર્થ થકી વ્યવહાર સંપજે, તે **શ્રુતનિશ્રિત મતિજ્ઞાન** કહિયે.

તે પણ ચાર ભેદે છે -

**અવગ્રહ ૧. ઈહા ૨. અપાય ૩. ધારણા ૪.**

તિહાં વળી **અવગ્રહ** બે ભેદે-

**વ્યંજનાવગ્રહ ૧. અર્થાવગ્રહ ૨.**

તિહાં-

વ્યંજીએ = પ્રગટ કરીએ, અર્થ, દીવે કરીને જેમ ઘટ. તે-**વ્યંજન** = ઇન્દ્રિય. તેણે કરીને ઇન્દ્રિયને સ્પૃષ્ટ જે શબ્દાદિક વિષયના પુદ્ગલ તેહના અર્થનું અત્યંત અવ્યક્તપણે ગ્રહવું, તે-**વ્યંજનાવગ્રહ** કહીએ.

તે-**વ્યંજનાવગ્રહ** મન અને નયન વિના ચાર ઇન્દ્રિયવડે ચાર ભેદે હોય.

મન અને ચક્ષુ અપ્રાપ્યકારી છે, અસ્પૃષ્ટ પુદ્ગલનો વિષય જાણે, તે માટે-તેહનો વ્યંજનાવગ્રહ ન હોય અને શેષ ૪ ઈન્દ્રિય તે પ્રાપ્યકારી છે, સ્પૃષ્ટ પુદ્ગલનો વિષય જાણે, તે માટે તેહનો વ્યંજનાવગ્રહ હોય.

**पुट्ठं सुणेइ सद्दं, रूवं पुण पासए अपुट्ठं तु ।**
**गंधं रसं च फासं, बद्धं पुट्ठं विआगरे ।। १ ।।**

વ્યંજનાવગ્રહનો કાળ-

જઘન્યથી-

આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ.

ઉત્કૃષ્ટો-

આણપ્રાણ પૃથક્ત્વ હોય.

હવે શબ્દ, રૂપાદિક, વિષયનું સામાન્યમાત્ર અવ્યક્તપણે જાણવું. તે-**અર્થાવગ્રહ** કહીએ.

તે **અર્થાવગ્રહ** પાંચ ઈન્દ્રિયનો અને મનનો એમ-છ ભેદે હોય.

અવગ્રહિત વસ્તુ નિર્ધારવાને હેતુએ કરીને વિચારવું, તે-**ઈહા.**

તે પણ છ ભેદે હોય.

ઈહિત વસ્તુનું નિર્ધારવું, તે-**અપાય.**

તે પણ-છ ભેદે હોય.

તે નિર્ધારિત અર્થનું **અવિચ્યુતિ, વાસના,** અને **સ્મૃતિ** એ ત્રણ પ્રકારે કરીને ધારવું, તે-ધારણા તે પણ છ ભેદે હોય. यतः-

**अत्थाणं उग्गहणम्मि उग्गहो, तह विआरणे ईहा ।**
**निच्छयम्मि अवाओ, धरणं पुण धारणं बिंति ।। १ ।।**

એહનું કાળમાન-યથા-

**उग्गह इक्कं समयं, ईहावाया मुहुत्तमद्धं च ।**
**कालमसंखं संखं च, धारणा होइ नायव्वा ॥ २ ॥**

એ અઠ્ઠાવીશ ભેદ **મતિજ્ઞાન**ના જાણવા.

**એને વળી પ્રત્યેકે વિવરીને કહે છે :-**

**૧. કોઈ પુરુષે અવ્યક્ત શબ્દ સાંભળ્યો.**

તે ભાષાના પુદ્ગલ તે પુરુષના કર્ણ માંહે પેસીને શ્રોત્રેન્દ્રિયને ફરસ્યા. તે વારે અતિ અવ્યક્તપણે થયું જે જ્ઞાન, તે **શ્રોતેન્દ્રિયનો વ્યંજનાવગ્રહ ૧.**

તે પછી-"કોઈએ મ્હને સાદ દીધો." એહવું અવ્યક્ત જ્ઞાન, તે-**શ્રોત્રેન્દ્રિયનો અર્થાવગ્રહ ૨.**

"એ અમુક પુરુષનો કે અમુક સ્ત્રીનો સાદ જણાય છે." એહવી વિચારણા, તે-**ઈહા ૩.**

એ તો "ખર સ્વર માટે અમુકનો જ સાદ છે," એહવો નિશ્ચય થાય, તે-**અપાય ૪.**

તે વાર પછી તેને ઘણા કાળ સુધી ધારી રાખે, તે-**ધારણા ૫.**

**૨. કોઈક પુરુષે અવ્યક્ત રૂપ દીઠું.**

તે રૂપના પુદ્ગલ અપ્રાપ્યકારી હોવાથી ચક્ષુને ફરસતા નથી, માટે તેનો વ્યંજનાવગ્રહ ન હોય.

દેખવાને પ્રથમ સમયે જ અવ્યક્ત જ્ઞાનરૂપ **ચક્ષુરિન્દ્રિયનો અર્થાવગ્રહ** થાય.

તે પછી-"એ સ્થાણુ કે પુરુષ ? સ્થાણુ તે સ્થિર હોય, પુરુષ તો હાલે ચાલે" એહવી વિચારણા, તે-ઈહા ૨.

"એ તો નિશ્ચયે સ્થાણુ છે. સ્થિર હોવા માટે." એહવું જ્ઞાન, તે-**અપાય ૩.**

તે પછી-તેને ધારી રાખે, **તે-ધારણા ૪.**

**૩ કોઈક પુરુષે અવ્યક્તગંધ સુંઘ્યો-આઘ્રાયો.**

તે ગંધના પુદ્‌ગલ ઘ્રાણેન્દ્રિય સાથે બદ્ધ-સ્પૃષ્ટ થયા, ત્યારે-અતિ અવ્યક્તપણે થયું જે ગંધ જ્ઞાન, તે - **ઘ્રાણેન્દ્રિયનો વ્યંજનાવગ્રહ ૧.**

તે પછી-"કાંઈક સુગંધ આવે છે." એવું અવ્યક્ત-જ્ઞાન. તે-**ઘ્રાયણેન્દ્રિયનો અર્થાવગ્રહ ૨.**

"એ કપૂર કે સુંઠનો ગંધ?" એહવી વિચારણા, તે- **ઈહા ૩.**

"એ તો શીતળ, માટે કપૂરનો જ ગંધ." તે - **અપાય ૪.**

ત્યાર પછી તેને ધારી રાખે, તે-**ધારણા ૫.**

**૪ કોઈક પુરુષે અવ્યક્તપણે રસ આસ્વાદ્યો.**

તે રસના પુદ્‌ગલ રસનેન્દ્રિય સાથે બદ્ધ-સ્પૃષ્ટ થયા, તે સમયે અતિ અવ્યકતપણે થયું જે રસનું જ્ઞાન, તે-**રસનેન્દ્રિયનો વ્યંજનાવગ્રહ ૧.**

તે પછી "કાંઈક સ્વાદ જણાય છે." એહવું અવ્યક્ત જ્ઞાન તે - **રસનેન્દ્રિયનો અર્થાવગ્રહ ૨.**

તે પછી "એ ગૉળ કે સાકર હશે ? એવી વિચારણા, તે-**ઈહા ૩.**

"એ તો અતિ મધુર, માટે સાકરનો જ રસ." એવું નિશ્ચય જ્ઞાન તે-**અપાય ૪.**

તે પછી-તેને ધારી રાખે, તે-**ધારણા ૫.**

**૫ કોઈક પુરુષે અવ્યક્તપણે ફરસ વેદ્યો.**

તે ફરસના પુદ્‌ગલ સ્પર્શનેન્દ્રિય સાથે બદ્ધ, સ્પૃષ્ટ થયા. તે સમયે અતિ અવ્યક્ત સ્પર્શનું થયું જે જ્ઞાન, તે - **સ્પર્શનેન્દ્રિયનો વ્યંજનાવગ્રહ ૧.**

તે પછી "કાંઈ મ્હારે શરીરે સ્પર્શ થયો. એવું અવ્યક્ત જ્ઞાન, તે - **સ્પર્શનેન્દ્રિયનો અર્થાવગ્રહ ૨.**

"એ રજ્જુ કે સર્પ હશે ?" એવી વિચારણા તે - **ઈહા ૩.**

"એ તો સુકોમળ જણાય છે, માટે નિશ્ચે સર્પનો સ્પર્શ." એવું જ્ઞાન, તે-**અપાય ૪.**

તે પછી તેને ધારી રાખે, તે-**ધારણા ૫.**

**૬ કોઈક પુરુષ અવ્યક્ત સ્વપ્ન દેખી જાગ્યો.**

તે સ્વપ્નમાંહે કોઈક વસ્તુ સંભવી, તેના પુદ્‌ગલ મનને ફરસતા નથી, તે માટે **વ્યંજનાવગ્રહ** ન હોય.

ચિંતવવાને પ્રથમ સમયે જ અવ્યક્ત જ્ઞાનરૂપ મનનો **અર્થાવગ્રહ** થાય. ૧.

તે પછી "એ સ્વપ્નમાં મેં શું દીઠું? એવી વિચારણા, તે-**ઈહા ૨.**

"એ તો મ્હેં અમુક જ સ્વપ્ન દીઠું, એવો નિર્દ્ધાર તે-**અપાય ૩.**

તે પછી-તેને ધારી રાખે, તે-**ધારણા ૪.**

એ **મતિજ્ઞાનના ૨૮ ભેદો** નંદીસૂત્રને અનુસારે વિવરીને દેખાડ્યા.

તે માંહે-ચ્યાર બુદ્ધિ ભેળવીયે; ત્યારે ૩૨ થાય.

તથા **જાતિસ્મરણ** પણ અતીત-સંજ્ઞી પંચેન્દ્રિયના-ભવ સંખ્યાતા (અસંખ્યાતા પણ) દેખે. તે પણ **મતિજ્ઞાન** કહિયે. આચારાંગે તેને **ધારણાનો** ભેદ કહ્યો છે.

તથા-મતિજ્ઞાનના ૨૮ ભેદના-

| | | | | | |
|---|---|---|---|---|---|
| **બહુ** | ૧ | **ક્ષિપ્ર** | ૫ | **સંદિગ્ધ** | ૯ |
| **અબહુ** | ૨ | **અક્ષિપ્ર** | ૬ | **અસંદિગ્ધ** | ૧૦ |
| **બહુવિધ** | ૩ | **નિશ્રિત** | ૭ | **ધ્રુવ** | ૧૧ |
| **અબહુવિધ** | ૪ | **અનિશ્રિત** | ૮ | **અધ્રુવ** | ૧૨ |

એ બાર ભેદ છે.

**એહનો અર્થ-**

કોઈક-અનેક વાજીંત્રના શબ્દ સામટા સાંભળીને-

"ઈહાં આટલી ભેરી, આટલા શંખ, વાગે છે." એમ સર્વ પૃથક્ પૃથક્ શબ્દ ગ્રહે, તે - **બહુગ્રાહી ૧.**

અને કોઈ અવ્યક્તપણે "વાજીંત્ર વાગે છે." એટલું જ જાણે, પણ વિશેષ ન જાણે, તે - **અબહુગ્રાહી ૨.**

કોઈક-"મધુર, મંદત્વાદિ," બહુ ધર્મ્મોપેત જાણે, તે-**બહુવિધગ્રાહી ૩.**

અને કોઈક-એક, બે, પર્યાયોપેત ગ્રહે, તે-**અબહુવિધગ્રાહી ૪.**

કોઈક તરત જાણે, તે - **ક્ષિપ્રગ્રાહી ૫.**

કોઈક વિચારી વિચારીને ઘણી વેળાએ જાણે, તે-**અક્ષિપ્રગાહી ૬.**

કોઈક-લિંગનિશ્રાએ જાણે, જેમ પતાકાએ કરી દેવકુળ જાણીએ, તે-**નિશ્રિતગ્રાહી ૭.**

નિશ્રા વિના જાણે, તે-**અનિશ્રિતગ્રાહી. ૮.**

સંશય સહિત ગ્રહે, તે-**સંદિગ્ધગ્રાહી ૯.**

સંશયરહિત ગ્રહે, તે-**અસંદિગ્ધગ્રાહી ૧૦.**

જે એકવાર ગ્રહ્યું, તે સદાયે રહે, વિસરે નહીં. તે-**ધ્રુવ ૧૧.**

અને જે એકવાર ગ્રહ્યું, તે સર્વદા ન રહે, તે-**અધ્રુવ ૧૨.**

પૂર્વોક્ત જે અઠ્ઠાવીસ ભેદ, તેને આ પ્રમાણે બાર ગુણા કરીએ ત્યારે ૩૩૬ થાય, તેમાં વળી ૪ બુદ્ધિ ભેળવીએ, ત્યારે ૩૪૦ **મતિજ્ઞાન**ના ભેદ થાય.

**એ મતિજ્ઞાની-ઓઘે-સામાન્યે-આદેશથકી-**

**દ્રવ્યથકી :-** સર્વ દ્રવ્ય જાણે, પણ દેખે નહીં.

**ક્ષેત્ર થકી :-** મતિજ્ઞાની-આદેશે સર્વ ક્ષેત્ર-લોકાલોક જાણે, પણ દેખે નહીં.

**કાળ થકી :-** મતિજ્ઞાની-આદેશે-સર્વ કાળ જાણે, પણ દેખે નહીં.

**ભાવ થકી :-** પતિજ્ઞાની-આદેશે-સર્વ ભાવ જાણે પણ દેખે નહીં.

**એ મતિજ્ઞાનના ભેદ કહ્યા.**

## હવે શ્રુત જ્ઞાનનું વિવેચન કરે છે.

**યદ્યપિ-મતિ-**શ્રુત તો સંલગ્નજ છે-

जत्थ मइ-नाणं तत्थ सुय-नाणं, जत्थ सुय-नाणं तत्थ मइ-नाणं इति वचनात्.

તથાપિ-પૂર્વે **મતિજ્ઞાન**, પછી **શ્રુતજ્ઞાન** છે.

मइ-पुव्वं जेण सुअं, नमई सुअ-पुव्विआ इत्यागमवचनात्.

તથા-**મતિ**-તે **શ્રુત**નો હેતુ છે, અને **શ્રુત** તે **મતિ**નું ફળ છે.

તથા-**મતિ** તે મૂળગું આપણું સ્વરૂપ કોઈને કહી ન શકે, અને **શ્રુત** તે અક્ષરરૂપ છે. તે માટે-પૂર્વે **મતિ** અને તે પછી **શ્રુત** જ્ઞાન છે.

હવે-**શ્રુતજ્ઞાન**ના ૧૪ અથવા ૨૦ ભેદ છે. ૫.

તિહાં-પ્રથમ ચૌદ ભેદ કહે છે :-

**अक्खर-सन्नी-सम्मं, साइअं खलु स-पज्जवसिअं च ।**
**गमिअं अंग-पविट्ठं, सत्तवि एए स-पडि-वक्खा ॥६॥**

**શબ્દાર્થ :**

**अक्खर-सन्नी-सम्मं** = અક્ષર, સંજ્ઞિ, સમ્યક્, **साइअं** = સાદિક, **खलु** = જ, **सपज्जवसिअं** = સપર્યવસિત-અંતસહિત-સાંત, **गमिअं** = ગમિક, **अंगपविट्ठं** = અંગપ્રવિષ્ટ, **सत्त** = સાત, **वि** = પણ, **एए** = એ, **सपडि-वक्खा** = વિરુદ્ધ સહિત ૬.

**ગાથાર્થ :**

**વિરુદ્ધ સહિત-અક્ષર, સંજ્ઞિ, સમ્યક્, સાદિ, સપર્યવસિત, ગમિક, અંગપ્રવિષ્ટ, એ સાતેય. ૬**

| | | | |
|---|---|---|---|
| અક્ષર શ્રુત | ૧ | અનાદિ શ્રુત | ૮ |
| અનક્ષર શ્રુત | ૨ | સપર્યવસિત શ્રુત | ૯ |
| સંજ્ઞિ શ્રુત | ૩ | અપર્યવસિત શ્રુત | ૧૦ |
| અસંજ્ઞિ શ્રુત | ૪ | ગમિક શ્રુત | ૧૧ |
| સમ્યક્ શ્રુત | ૫ | અગમિક શ્રુત | ૧૨ |
| મિથ્યાશ્રુત | ૬ | અંગપ્રવિષ્ટશ્રુત | ૧૩ |
| સાદિશ્રુત | ૭ | અંગબાહ્યશ્રુત | ૧૪ |

એમ-સાતે ય સૂત્રોક્ત ભેદ, તે પોતાના પ્રતિપક્ષી સહિત કહેવા, એટલે ચૌદ ભેદ શ્રુતજ્ઞાનના જાણવા.

**એ ચૌદ ભેદનું વિવેચન કરે છે :-**

**અક્ષર** શ્રુત ત્રણ પ્રકારે-

**સંજ્ઞાક્ષર ૧, વ્યંજનાક્ષર ૨, લબ્ધ્યક્ષર ૩.**

એમાં-**સંજ્ઞાક્ષર**, તે-અઢાર ભેદે લિપિ-અક્ષરના આકાર-જાણવા. તેનાં નામ :-

**"हंस-लिवी भूय-लीवि, जक्खा तह रक्खसी अ बोधव्वा ।**
**उड्डी जवणी तुरुक्की, कीरी दविडी अ सिंधविआ ॥१॥**
**मालविणी नडि नागरि, लाड-लिवी पारसी अ बोधव्वा ।**
**तह अ निमित्तीअ लिवी, चाणक्की मूलदेवी अ ॥२॥**

તથા-**વ્યંજનાક્ષર** તે અકારાદિ હકાર પર્યંત બાવન અક્ષર મુખે ઉચ્ચરવારૂપ.

એ બે અજ્ઞાનાત્મક છે, પણ-શ્રુતના કારણ માટે-શ્રુત કહીએ.

**લબ્ધ્યક્ષર** તે અર્થને પ્રત્યયે કરીને ગર્ભાક્ષર લાધે, એ અક્ષરે કરીને અભિલાપ્ય ભાવ પ્રતિપાદવા, જે માટે-લોકમાં અનંતા ભાવ **અનભિલાપ્ય** છે :-

**पण्णवणिज्जा भावा अणंतभागो उ अणभिलप्पाणं ।**
**पण्णवणिज्जाणं पुण, अणंत-भागो सुअ-निवद्धो ॥**

એ **અક્ષરશ્રુત** કહિયે ૧.

**અનક્ષર** તે ક્ષ્વેડિત, શિરઃકંપન, હસ્તચાલનાદિએ કરી "મુજને તેડે છે, વારે છે." ઇત્યાદિ અભિપ્રાયનું જાણવું, તે **અનક્ષરશ્રુત ૨.**

**સંજ્ઞા ૩ છે :-**

**દીર્ઘકાલિકી ૧, હેતુવાદોપદેશિકી ૨, દૃષ્ટિવાદોપદેશિકી ૩.**

તિહાં-

"એ કેમ કરવું ? કેમ થાશે ?" ઈત્યાદિ અતીત, અનાગત, ઘણા કાળનું ચિંતવવું, તે-**દીર્ઘકાલિકી ૧.**

જે તાત્કાલિક ઇષ્ટ-અનિષ્ટ વસ્તુ જાણીને પ્રવૃત્તિ, નિવૃત્તિ થાય, તે-**હેતુવાદોપદેશિકી** ૨.

ક્ષાયોપશમિક જ્ઞાને કરી સમ્યગ્દષ્ટિપણું હોય, તે-**દૃષ્ટિવાદોપદેશિકી** ૩.

એ ત્રણ સંજ્ઞા છે.

ત્યાં-વિકલેન્દ્રિય અને અસંજ્ઞીને **હેતુવાદોપદેશિકી** સંજ્ઞા છે. અને સંજ્ઞિ પંચેન્દ્રિયને **દીર્ઘકાલિકી** સંજ્ઞા છે. તે માટે-સર્વ **આગમમાંહે દીર્ઘકાલિકી સંજ્ઞાએ** સંજ્ઞિપણું કહીએ, તે સંજ્ઞિનું શ્રુત, તે-**સંજ્ઞિશ્રુત** ૪.

મન રહિત-અસંજ્ઞિનું શ્રુત, તે-**અસંજ્ઞિશ્રુત** કહીએ ૩.

સમ્યગ્‌દષ્ટિ પ્રણીત તથા મિથ્યાદષ્ટિ પ્રણીત પણ સમ્યગ્દષ્ટિ પાસે આવ્યું, તે **સમ્યક્‌શ્રુત** કહિયે, યથાવસ્થિત ભાવના અવગમ થકી, ૫.

તેહજ-મિથ્યાદષ્ટિને હાથે આવ્યું **મિથ્યા શ્રુત** કહિયે, યથાવસ્થિત બોધના અભાવ થકી. ૬ यत :-

**सदसदऽविसेसणाओ, भवहेऊ, जहिच्छओवलंभाओ ।**
**नाणफलाभावाओ, मिच्छदिट्ठिस्स अन्नाणं ।।१।।**

पूर्वान्तर्गतेयं गाथा તથા-

**દ્રવ્ય થકી-**

| | |
|---|---|
| એક પુરુષ આશ્રયીને :- **સાદિ-સપર્યવસિત છે.** | ઘણા પુરુષ આશ્રયીને :- **અનાદિ અપર્યવસિત છે.** |
| **ક્ષેત્ર થકી-** | |
| ભરત-ઐરવત આશ્રયીને, **સાદિ-પર્યવસિત છે.** | મહાવિદેહ આશ્રયીને :- **અનાદિ-અપર્યવસિત છે.** |

| કાળ થકી- | |
| --- | --- |
| ઉત્સર્પિણી-અવસર્પિણી આશ્રયીને :- સાદિ-સપર્યવસિત છે. | નો-ઉત્સર્પિણી-અવસર્પિણી આશ્રયીને :- અનાદિ અપર્યવસિત છે. |

ભાવ થકી -
ભવસિદ્ધિયા આશ્રયીને :-
સાદિ-સપર્યવસિત છે.

**नट्ठम्मि अ छाउमत्थिए नाणे-इति वचनात्.**

ક્ષાયોપશમિક ભાવે અનાદિ-અપર્યવસિત છે. ૭-૮-૯-૧૦.

ગમે તે-સરખા પાઠ, જ્યાં હોય, તે ગમિકશ્રુત दृष्टिवाद-गतम् ૧૧.

અગમિક - તે અણસરખા અક્ષર આલાવા જ્યાં હોય, તે અગમિકશ્રુત कालिकश्रुतगतम् ૧૨.

અંગપ્રવિષ્ટ તે- द्वादशाङ्गी ૧૩.

અંગબાહ્ય તે-આવશ્યકાદિક ૧૪.

એ ચૌદ ભેદ શ્રુતજ્ઞાનના જાણવા ॥૬॥

### શ્રુતજ્ઞાનના ૨૦ ભેદઃ-

**पज्जय-अक्खर-पय-संघाया, पडिवत्ती तह य अणुओगो।**
**पाहुड-पाहुड-पाहुड,-वत्थू पुव्वा य स-समासा ॥७॥**

### શબ્દાર્થ :

**पज्जय** = પર્યાય, **अक्खर** = અક્ષર, **संघाया** = સંઘાત, **पडिवत्ती** = પ્રતિપત્તિ, **तह** = તથા **य** = અને, **अणुओगो** =

અનુયોગ, **पाहुड-पाहुड** = પ્રાભૃત-પ્રાભૃત, **पाहुड-वत्थू** = પ્રાભૃત વસ્તુ, **पुव्वा** = પૂર્વો, **य** = અને, **ससमासा** = સમાસ સહિત. ॥૭॥

ગાથાર્થ :

**સમાસસહિત-પર્યાય, અક્ષર, પદ, સંઘાત, પ્રતિપત્તિ, અનુયોગ, પ્રાભૃત-પ્રાભૃત, પ્રાભૃત-વસ્તુ અને પૂર્વો ॥૭॥**

**હવે ૨૦ ભેદ કહે છે-**

| | | | |
|---|---|---|---|
| પર્યાયશ્રુત | ૧. | અનુયોગ શ્રુત | ૧૧. |
| પર્યાયસમાસશ્રુત | ૨. | અનુયોગસમાસ શ્રુત | ૧૨. |
| અક્ષરશ્રુત | ૩. | પ્રાભૃતપ્રાભાૃતશ્રુત | ૧૩. |
| અક્ષરસમાસશ્રુત | ૪. | પ્રાભૃતપ્રાભૃતસમાસશ્રુત | ૧૪. |
| પદશ્રુત | ૫. | પ્રાભૃતશ્રુત | ૧૫. |
| પદસમાસશ્રુત | ૬. | પ્રાભૃતસમાસશ્રુત | ૧૬. |
| સંઘાતશ્રુત | ૭. | વસ્તુશ્રુત | ૧૭. |
| સંઘાતસમાસશ્રુત | ૮. | વસ્તુસમાસશ્રુત | ૧૮ |
| પ્રતિપત્તિશ્રુત | ૯. | પૂર્વશ્રુત | ૧૯. |
| પ્રતિપત્તિસમાસશ્રુત | ૧૦. | પૂર્વસમાસશ્રુત | ૨૦. |

એ સૂત્રોક્ત દસ ભેદ, તે વળી, સમાસ સહિત, એટલે વીશ થાય.

**હવે એ વીશ ભેદનું વિવેચન કરે છે :-**

**પર્યાય** તે-જ્ઞાનનો એક સૂક્ષ્મ અંશ અવિભાગ-પલિચ્છેદ. લબ્ધિ અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદિયા જીવનું જે સર્વથી જઘન્ય શ્રુત તે થકી, અન્ય જીવને વિષે એક જ્ઞાનનો અવિભાગ-પલિચ્છેદ-અંશ વધે, તે-**પર્યાયશ્રુત** કહીએ. ૧.

અને બે, ત્રણ, પ્રમુખ જ્ઞાનાંશ વધે, એટલે-જીવને વિષે અનેક પર્યાયનું જ્ઞાન, તે-**પર્યાયસમાસશ્રુત.** ૨.

**અક્ષરશ્રુતઃ**- અકારાદિક લબ્ધ્યક્ષર તે-**અક્ષરશ્રુત.** ૩.

બે ત્રણ અક્ષરનું જાણવું, તે-**અક્ષરસમાસશ્રુત.** ૪.

अर्थ परिसमाप्ति, पदम्, तथा विभक्त्यन्तं पदम्

એમ કહેવાય છે, પણ તેવાં પદ અહીં પદશ્રુતમાં ગ્રહણ નહિ કરતાં, શ્રી **આચારાંગ**ને વિષે અઢાર હજાર પદ કહ્યાં છે, તે માહેલાં એક પદનું જ્ઞાન, તે **પદશ્રુત** ૫.

તે પદનો સમુદાય, ઘણા પદનું જ્ઞાન. તે-**પદસમાસ શ્રુત** ૬.

**સંઘાત શ્રુત** - गइ इंदिए अ काए ०-

ઇત્યાદિ ગાથાએ ઉક્ત દ્વારનો એક દેશ-જે ગત્યાદિક, તેહનો પણ એક દેશ-દેવગત્યાદિક, તેહની જે માર્ગણાનું જ્ઞાન, તે-**સંઘાતશ્રુત.** ૭.

તે-બે, ત્રણ માર્ગણાનું જ્ઞાન, તે - **સંઘાતસમાસશ્રુત.** ૮.

ગત્યાદિક એક દ્વારે જીવની માર્ગણાનું જ્ઞાન, તે **પ્રતિપત્તિશ્રુત.** ૯.

બેથી માંડી સર્વ માર્ગણાનું જ્ઞાન,તે -**પ્રતિપત્તિસમાસશ્રુત.** ૧૦.

संत-पय-परूवणया० ઇત્યાદિક **અનુયોગ** કહીએ તે માંહેલા એકનું જ્ઞાન, તે-**અનુયોગશ્રુત.** ૧૧.

તે-બે, ત્રણ અનુયોગનું જાણવું, તે -**અનુયોગસમાસ શ્રુત.** ૧૨.

પ્રાભૃતને અંતર્વર્તિ અધિકાર વિશેષ, તે **પ્રાભૃત-પ્રાભૃત શ્રુત.** ૧૩.

તે-બે, ત્રણ, પ્રાભૃત-પ્રાભૃતનું જ્ઞાન, તે-**પ્રાભૃત-પ્રાભૃત સમાસશ્રુત.** ૧૪.

વસ્તુને અંતર્વર્તિ અધિકાર, તે-**પ્રાભૃતશ્રુત. ૧૫.**

તે-બે, ત્રણનું જ્ઞાન, તે **પ્રાભૃતસમાસશ્રુત. ૧૬.**

પૂર્વાન્તર્વર્તિ અધિકાર, તે **વસ્તુશ્રુત. ૧૭.**

તે-બે, ત્રણનું જ્ઞાન, તે-**વસ્તુસમાસશ્રુત. ૧૮.**

**ઉત્પાદપૂર્વાદિક** :- એક પૂર્વનું જ્ઞાન, તે-**પૂર્વશ્રુત. ૧૯.**

તે બે, ત્રણનું જ્ઞાન તથા સંપૂર્ણ ચૌદ પૂર્વનું જ્ઞાન, તે-**પૂર્વસમાસશ્રુત. ૨૦.**

**એ-વીસ ભેદ શ્રુતજ્ઞાનના સંક્ષેપથકી વર્ણવ્યા.**

**વિસ્તાર બૃહત્કર્મપ્રકૃતિથકી** જાણવો.

એ-**શ્રુતજ્ઞાની**-

**દ્રવ્યથકી**:- ઉપયોગવંત થકો:- સર્વ દ્રવ્ય જાણે, દેખે.

**કાળ થકી**:- ઉપયોગવંત **શ્રુતજ્ઞાની સર્વકાળ** જાણે, દેખે.

**ભાવ થકી**:- ઉપયોગવંત **શ્રુતજ્ઞાની સર્વભાવ** જાણે, દેખે.

**ક્ષેત્ર થકી**:- ઉપયોગવંત **શ્રુતજ્ઞાની**:-**સર્વ ક્ષેત્ર**-લોકાલોક જાણે, દેખે.

તે માટે જ-**સંપૂર્ણ શ્રુતજ્ઞાની** તે **કેવલી** સરખો કહીએ.

**એ પ્રકારે શ્રુતજ્ઞાનના ભેદ કહ્યા. ॥૭॥**

❀ ❀ ❀

અવિજ્ઞાન:-તેના છ ભેદો:- મન:પર્યવજ્ઞાન તેના બે ભેદો અને કેવલજ્ઞાન.

**अणुगामि-वड्ढमाणय-पडिवाई-इयरविहा छ-हा ओहि ।**
**रिउ-मइ-विउल-मई, मण-नाणं केवलमिग-विहाणं ॥८॥**

## શબ્દાર્થ :

**अणुगामि-वड्ढमाणय-पडिवाई** = અનુગામિ, વર્ધમાનક, પ્રતિપાતિ, **ईयर-विहा** = વિરુદ્ધ પ્રકારે, **छ-हा** = છ પ્રકારે, **ओही** = અવધિજ્ઞાન, **रिउ-मई-विउलमई** = ઋજુમતિ, વિપુલમતિ, **मण-नाणं** = મનઃપર્યવજ્ઞાન, **केवलं** = કેવલજ્ઞાન, **इग-विहाणं** = એક પ્રકારનું. ॥૮॥

## ગાથાર્થ :

અનુગામી, વર્દ્ધમાનક, અને પ્રતિપાતિ, અને વિરુદ્ધ પ્રકારે, એમ છ પ્રકારે અવધિજ્ઞાન, ઋજુમતિ, અને વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન

જે સ્થાનકે રહ્યાં અવધિ ઉપન્યું હતું, તે સ્થાનકે આવે ત્યારેજ હોય, અન્યત્ર જાય ત્યારે ન હોય, શૃંખલાબદ્ધ દીપકની પેરે, તે ક્ષેત્રપ્રત્યયી ક્ષયોપશમ માટે, તે-**અનનુગામી અવધિજ્ઞાન ૨.**

ઘણાં ઘણાં ઇંધણને પ્રક્ષેપે જેમ અગ્નિ વધે, તેમ પ્રશસ્ત, અતિપ્રશસ્તતર અધ્યવસાય થકી સમયે સમયે અવધિજ્ઞાન વધે, પ્રથમ ઊપજતાં અંગુળને અસંખ્યાતમે ભાગે ક્ષેત્ર જાણે-દેખે. પછી વધતું વધતું યાવત્ અલોકને વિષે લોક જેવડાં અસંખ્યાતા ખંડુક દેખે, તે-**વર્દ્ધમાન અવધિજ્ઞાન ૩.**

પૂર્વે-શુભ પરિણામવશે ઘણું ઉપજે, અને પછી-તથાવિધ સામગ્રીને અભાવે પડતે પરિણામે કરીને ઘટતું જાય તે-**હીયમાન અવધિજ્ઞાન ૪.**

જે-સંખ્યાત અસંખ્યાતા યોજન ઉત્કૃષ્ટપણે યાવત્ સમગ્ર લોકને દેખીને પણ પડે-આવ્યું જાય-તે-**પ્રતિપાતી અવધિજ્ઞાન ૫.**

જે સમગ્ર લોકને દેખીને અલોકનો એક પ્રદેશ દેખે, આવ્યું ન જાય, તે-**અપ્રતિપાતી અવધિજ્ઞાન ૬.**

**હીયમાન અને પ્રતિપાતીમાં શું વિશેષ છે ?**

तत्रोत्तरम्-**હીયમાન** તે-હળવે હળવે ઘટતું જાય, અને પ્રતિપાતિ તે-વિધ્યાત પ્રદીપની પેરે સમકાળે-સામટું જાય. એ વિશેષ છે.

**એ છ ભેદે અવધિજ્ઞાન જાણવું.**

એ અવધિજ્ઞાની-

**દ્રવ્યથી :-**

જઘન્યપણે-અનંતા રૂપી દ્રવ્ય જાણે-દેખે.

ઉત્કૃષ્ટપણે-સર્વ રૂપી દ્રવ્ય જાણે-દેખે.

**ક્ષેત્રથકી :-**

જઘન્યથી અંગુળનો અસંખ્યાતમો ભાગ જાણે-દેખે.

ઉત્કૃષ્ટપણે અલોકને વિષે લોક જેવડાં અસંખ્યાતા ખંડુક જાણે-દેખે.

**કાળ થકી :-**

જઘન્યથી-આવલિકાનો અસંખ્યાતમો ભાગ જાણે-દેખે.

ઉત્કૃષ્ટપણે-અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી લગે અતીત અનાગત કાળ જાણે-દેખે.

**ભાવથકી :-**

જઘન્યથી-અનંતા ભાવ જાણે-દેખે.

ઉત્કૃષ્ટપણે પણ અનંતા ભાવ જાણે-દેખે - સર્વ ભાવનો અનંતમો ભાગ જાણે-દેખે.

એ પ્રમાણે અવધિજ્ઞાન કહ્યું.

વિભગજ્ઞાન તે-મિથ્યાત્વીને હોય, તે માટે-મલીન છે.

ભાવથી અવળું સવળું જાણે-દેખે, પણ તો અવધિજ્ઞાનની જ જાતિ છે, તે માટે ભેળું જાણવું.

**હવે મનઃપર્યવજ્ઞાનના ભેદ કહે છે :-**

અઢી દ્વીપમાં જે સંજ્ઞિપંચેન્દ્રિય જીવના મનોગત ભાવ જાણે તે-**મનઃપર્યવજ્ઞાન** કહીએ.

તે-બે ભેદે છે :-

**૧. ઋજુમતિ** **૨. વિપુલમતિ**

જેમ-"એણે ઘડો ચિંતવ્યો છે." એટલો જ સામાન્યપણે મનનો અધ્યવસાય ગ્રહે, તે-**ઋજુમતિ ૧.**

તથા "એણે ઘડો ચિંતવ્યો છે.

**તે દ્રવ્ય થકી-સુવર્ણનો સુકુમાળ"** ઇત્યાદિ વિશેષગ્રાહિણી મતિ તે-**વિપુલમતિ** ૨ કહીએ.

એ **મનઃપર્યવજ્ઞાન**ના બે ભેદ કહ્યા.

હવે-તે-**મનઃપર્યવજ્ઞાની :-**

**દ્રવ્ય થકી :-**

**ઋજુમતિ :-** અનંતા-અનંતપ્રદેશી સ્કંધ જાણે-દેખે.

**વિપુલમતિ :-** તે-વિશુદ્ધ પણે જાણે-દેખે.

**ક્ષેત્ર થકી :-**

**ઋજુ મતિ :-**

હેઠે-**રત્નપ્રભાના ક્ષુલ્લક પ્રતર લગે.**

ઊંચું-**જ્યોતિષીના ઉપરના તલા લગે.**

તીર્ચ્છું-અઢી દ્વીપમાં બે સમુદ્રમાં આવેલ-પન્નર કર્મભૂમિ, ત્રીશ અકર્મભૂમિ, છપ્પન અંતરદ્વીપને વિષે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના મનોગત ભાવ જાણે-દેખે.

અને **વિપુલમતિ :-**

તેહજ ક્ષેત્ર અઢી અંગુળે અધિક જાણે-દેખે, અને તે વળી વિશુદ્ધ જાણે-દેખે.

**કાળ થકી :-**

**ઋજુમતિ :-**

જઘન્યથી-પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.

ઉત્કૃષ્ટથી-પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, અતીત અનાગત કાળ જાણે-દેખે.

અને વિપુલમતિ :-

તેહ જ અધિકેરો અને વિશુદ્ધતર જાણે, દેખે.

ભાવ થકી :-

ઋજુમતિ :-

અનંતા ભાવ જાણે-દેખે.

સર્વ ભાવોનો અનંતમો ભાગ જાણે-દેખે.

અને વિપુલમતિ :-

તેહજ અધિકેરો અને વિશુદ્ધતર જાણે-દેખે.

હવે કેવલજ્ઞાન કહે છે :-

તે-કેવલજ્ઞાન એકજ પ્રકારે છે.

સર્વ-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, સમકાળે સામટું ગ્રહે-જાણે-દેખે તે માટે સહુને સરખું હોય.

केवलं शुद्धम्, तदावरणापगमात् सकलं वा केवलम्,
तत्प्रथमतयैव निःशेष-तदावरण-विगमतः संपूर्णोत्पत्तेः,
असाधारणं वा केवलम्, अनन्यसदृशत्वात्, अनन्तं वा
केवलम्, ज्ञेयाऽनन्तत्वाद्, अनन्तकालावस्थायित्वाद्वा,
निर्व्याघातं वा केवलम्, लोकेऽलोके वा प्रसत्तौ व्याघाताभावात्,
तथा, केवलम्-एकम्, मत्यादिचतुष्करहितत्वात्.

જેમ-સૂર્યાસ્ત છતે ચંદ્ર, તારક, દીપાદિક, પ્રકાશ કરે, તેમ-કેવલજ્ઞાનાવરણે મત્યાદિકના આવરણને ક્ષયોપશમે જીવાજીવાદિકનો કાંઈક પ્રકાશ થાય.

અને સૂર્ય ઉગ્યે, જેમ-ચંદ્રાદિકનો પ્રકાશ અંતર્ભૂત થાય, તેમ કેવલજ્ઞાનાવરણ ટળે. ત્યારે મત્યાદિક સર્વજ્ઞાનનો પ્રકાશ તેમાં અંતર્ભૂત થાય.

अत्र कश्चिद्वक्ति જે-

"મત્યાદિક પોતપોતાના આવરણને ક્ષયોપશમે પ્રકટ થાય છે, તો સર્વથા ક્ષયે તો અતિવિશુદ્ધ જ થાય.

तत्रोत्तरम्-

જેમ=અતિઘન-પડલમાંહે રહ્યા સૂર્યનો પ્રકાશ કટકુટ્યા-વરણવિવરે પેઠો થકો ઘટાદિક પ્રકાશે, તેમ-કેવલજ્ઞાનાવરણ છતે મત્યાવરણાદિકને ક્ષયોપશમે કાંઈક પ્રકાશ કરે; તે મત્યાદિક જ્ઞાન કહેવાય.

અને સર્વાવરણ ટળે, તો સૂર્યની પરે કેવલજ્ઞાન જ કહેવાય, પણ અનેરાં, જ્ઞાન ન કહેવાય.

**હવે તે કેવલજ્ઞાની-**

**દ્રવ્ય થકી :-**

કેવલજ્ઞાની રૂપી-અરૂપી સર્વ દ્રવ્ય જાણે-દેખે.

**ક્ષેત્ર થકી :-**

કેવલજ્ઞાની લોક, અલોક, સર્વ ક્ષેત્ર જાણે-દેખે.

**કાળ થકી :-**

કેવલજ્ઞાની સર્વ અતીત, અનાગત, વર્તમાન કાળ સમકાળે જાણે-દેખે.

**ભાવ થકી :-**

કેવલજ્ઞાન સર્વ જીવ, અજીવના સર્વ ભાવ જાણે-દેખે.

એ પ્રકારે કેવલજ્ઞાનનું સ્વરૂપ કહ્યું.

**એ પાંચ જ્ઞાનના ભેદ કહ્યા. ॥૮॥**

## દૃષ્ટાંતપૂર્વક જ્ઞાનાવરણીય કર્મ અને ૨જું નવ દર્શનાવરણીય કર્મ

**एसिं जं आवरणं, पडुव्व चक्खुस्स तं तया-ऽऽवरणं ।**
**दंसण-चउ पण-निद्दा, वित्ति-समं दंसणा-ऽऽवरणं ॥९॥**

**શબ્દાર્થ :**

**एसिं** = એ જ્ઞાનોનું, **जं** = જે, **आवरणं** = આચ્છાદન, **पडुव्व** = પાટાની પેઠે, **चक्खुस्स** = આંખના, **तं** = તે, **तया-ऽऽवरणं** = તેનું આવરણ, **दंसणचउ** = દર્શનાવરીણય ચાર, **पण-निद्दा** = પાંચ નિદ્રા, **वित्ति-समं** = પોળીઆ-પહેરેગીર જેવું, **दंसणा-ऽऽवरणं** = દર્શનાવરણીય કર્મ ૯.

**ગાથાર્થ :**

**ચક્ષુના પાટાની પેઠે એ જ્ઞાનોનું જે આચ્છાદન તે-તે આવરણ કર્મ છે. ચાર દર્શન અને પાંચ નિદ્રા છે. દર્શનાવરણીયકર્મ પ્રતિહારી જેવું છે. ॥૯॥**

**હવે જ્ઞાનાવરણીય કર્મ્મ, તે શું કહીએ ? તે કહે છે-**

એ પાંચ જ્ઞાનનાં જે આવરણ, તેને **જ્ઞાનાવરણીય** કહીએ.

આવરણ તે-આંખના પાટાની પેરે. જેમ આંખે પાટો બાંધ્યે કાંઈ સૂઝે નહિ. તેમ-**મતિજ્ઞાન**નાં આવરણ આડાં આવે, તેથી મતિ ઉપજે નહિ, તે-**મતિજ્ઞાનાવરણીય** કહીએ. ૧,

**શ્રુતજ્ઞાન**નાં આવરણ આડાં છતે શ્રુત આવડે નહિ, તે-**શ્રુતજ્ઞાનાવરણીય** કહીએ. ૨,

**અવધિજ્ઞાન**નાં આવરણ આડાં છતે, **અવધિજ્ઞાન** ઊપજે નહિ, તે-**અવધિજ્ઞાનાવરણીય** કહીએ. ૩,

**મનઃપર્યવજ્ઞાન**નાં આવરણ આડાં છતે, **મનઃપર્યવજ્ઞાન** ઉપજે નહિ, તે **મનઃપર્યવજ્ઞાનાવરણીય** કહીએ. ૪,

**કેવલજ્ઞાન**નાં આવરણ આડાં છતે, **કેવલજ્ઞાન** ઉપજે નહિ તે,-**કેવલજ્ઞાનાવરણીય કર્મ** કહીએ. ૫.

**એ જ્ઞાનાવરણીય કર્મ્મની પાંચ ઉત્તર પ્રકૃતિ કહી.**

હવે **દર્શનાવરણીય કર્મ્મ**ની નવ ઉત્તર પ્રકૃતિ કહે છે-

ચાર દર્શનનાં આવરણ અને પાંચ નિદ્રા એ-નવ ભેદે **દર્શનાવરણીય કર્મ્મ** કહીએ.

તે-**વેત્રી** સમાન કહ્યું. **વેત્રી**-તે પ્રતિહાર-પોળિયો તેણે રોક્યો મનુષ્ય જેમ રાજાનું દર્શન ન પામે, તેમ-દર્શનાવરણે આવર્યા જીવને તથાવિધ પદાર્થનું દર્શન ન થાય. ॥૯॥

**ચાર દર્શનાવરણીય કર્મ**

**चक्खु-दिट्ठि-अचक्खु-सेसिंदिअ-ओहि-केवलेहिं च ।**
**दंसणमिह सामन्नं तस्साऽवरणं तयं चउ-हा ॥१०॥**

**શબ્દાર્થ :**

**चक्खु-दिट्ठि-अचक्खु-सेसिंदिय-ओहि-केवलेहिं** = ચક્ષુ એટલે દષ્ટિ=આંખ અચક્ષુ એટલે બાકીની ઇન્દ્રિયો અવધિ અને કેવલ વડે કરીને, **दंसण** = દર્શન, **ईह** = અહીં, **सामन्नं** = સામાન્ય, **तस्स** = તેનું, **आवरण** = આવરણ, **तयं** = તે, **चउहा** = ચાર પ્રકારે ૧૦.

**ગાથાર્થ :**

ચક્ષુ=આંખ, અચક્ષુ=બાકીની ઇન્દ્રિયો અવધિ અને કેવલ વડે સામાન્ય જ્ઞાન, તે અહીં દર્શન. તેનું આવરણ તે ચાર પ્રકારે છે. ॥૧૦॥

દૃષ્ટિ આંખે કરીને દેખવું, તે **ચક્ષુદર્શન** કહીએ ૧.

શેષ ચાર ઇન્દ્રિય અને મન તેણે કરી જાણવું - દેખવું, તે-**અચક્ષુદર્શન** ૨.

**અવધિદર્શન** ૩. **કેવલદર્શન** ૪.

ઈહ-પ્રવચને-સિદ્ધાંતમાં-

સામાન્યોપયોગ, તે-સામાન્યપણે દેખવું, તે **દર્શન** કહીએ.

અને વિશેષોપયોગ, તે-વિશેષપણે જાણવું, તે **જ્ઞાન** કહીએ.

છદ્મસ્થને પ્રથમ સામાન્યોપયોગી-**દર્શન** હોય, અને પછી વિશેષોપયોગી - **જ્ઞાન** હોય.

અને કેવલીને પ્રથમ-પહેલે સમયે **કેવલજ્ઞાન** હોય, અને બીજે સમયે **કેવલદર્શન** હોય.

તે દર્શનને આવરે-આચ્છાદે (ઢાંકે), તે તદાવરણ કર્મ્મ કહીએ.

જે ચક્ષુદર્શનને આવરે, તે-**ચક્ષુદર્શનાવરણ** ૧.

અચક્ષુદર્શનને આવરે, તે-**અચક્ષુદર્શનાવરણ** ૨.

અવધિદર્શનને આવરે, તે-**અવધિદર્શનાવરણ** ૩.

કેવલદર્શનને આવરે, તે-**કેવલદર્શનાવરણ** કર્મ્મ કહીએ. ૪.

ઇહાં—**એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય**ને તો મૂળથી ચક્ષુ હોય જ નહિ.

**ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય**ને ચક્ષુ હોય, તો પણ વિણસે, તિમિરાદિકે તેજહીન હોય.

એ **ચક્ષુદર્શનાવરણ**ના ઉદયથી **એકેન્દ્રિય** અને **વિકલેન્દ્રિય**ને ઇન્દ્રિય ન્યૂન હોય.

પંચેન્દ્રિયને સર્વ ઇન્દ્રિય પૂરી હોય, તો પણ હીણી હોય-બધિર, મૂકાદિક હોય, તે- **અચક્ષુદર્શનાવરણ**નો ઉદય.

**અવધિ, કેવલ**, ન હોય, તેને **અવધિદર્શનાવરણ, કેવલ-દર્શનાવરણ**નો ઉદય કહીએ.

ઇહાં કોઈક કહે, જે-

"અવધિ અને કેવલ દર્શન કહ્યાં, તેમ મનઃપર્યવ દર્શન કેમ ન કહ્યું ?"

तत्रोत्तरम्-

મનઃપર્યવજ્ઞાની તથાવિધ ક્ષયોપશમને પરવડાપણે (પ્રકટતા-વિશાળતાવડે) કરીને, પ્રથમ અને પછી પણ મનના ભાવ વિશેષપણે જ ગ્રહે, સામાન્યપણું હોય નહિ. તે માટે દર્શન ન કહ્યું. ॥૧૦॥

### પાંચ નિદ્રા - ૧ નિદ્રા, ૨ નિદ્રા-નિદ્રા, ૩ પ્રચલા, ૪ પ્રચલા-પ્રચલા

**सुह-पडिबोहा निद्दा-निद्दा-निद्दा य दुक्ख-पडिबोहा ।**
**पयला ठिओवविट्ठुस्स, पयल-पयला उ चंकमओ ।११।**

**શબ્દાર્થ :**

**सुह-पडिबोहा** = સુખ-પ્રતિબોધા=જેમાં સહેલાઈથી જગાય, **निद्दा** = નિદ્રા, **निद्दा-निद्दा** = નિદ્રા-નિદ્રા, **दुक्ख-पडिबोहा** = દુઃખ-પ્રતિબોધા=જેમાં મુશ્કેલીથી જગાય, **पयला** = પ્રચલા, **ठिओवविट्ठुस्स** = સ્થિતોપવિષ્ટસ્ય=ઉભા રહેલા અને બેઠેલાને, **पयल-पयला** = પ્રચલા-પ્રચલા = પ્રચલાપ્રચલા. **उ** = તુ-તો, **चंकमओ** = ચંક્રમત = ચાલતાને ॥૧૧॥

ગાથાર્થ

જેમાં-સહેલાઈથી જાગી શકાય, તે-નિદ્રા, મુશ્કેલીથી જાગી શકાય, તે-નિદ્રાનિદ્રા, ઉભા રહેલા કે બેઠેલાને આવે, તે-પ્રચલા અને ચાલતાંને આવે તે-પ્રચલા પ્રચલા ॥૧૧॥

સુખે-લઘુ શબ્દ કર્યે જ જાગે. તે-નિદ્રા કહીએ ૧,

દુઃખે-ઘણું ઘોલના (ઢંઢોળવા) કર્યે જાગે, તે નિદ્રા-નિદ્રા (અત્યંત નિદ્રા) કહીએ ૨,

ઊભો થકો, બેઠો થકો, ઊંઘે તે પ્રચલા કહીએ ૩,

પ્રચલા થકી પણ અત્યંત કે-જેથી ચાલતો થકો પણ ઊંઘે, તે-પ્રચલા-પ્રચલા કહીએ ૪. ॥૧૧॥

## ૫ થીણદ્ધિ, ૩જું વેદનીયકર્મ

**दिण-चिंतिअत्थ-करणी, थीणद्धी अद्ध-चक्की-अद्ध-बला ।**
**महु-लित्त-खग्ग-धारा-, लिहणंव दु-हा उ वेअणीअं ॥१२॥**

શબ્દાર્થ :

**दिण-चिंतिअत्थकरणी** = દિવસે ચિંતિત કામ કરનારી, **थीणद्धी** = સ્ત્યાનર્દ્ધિ, **अद्ध-चक्कि-अद्ध-बला** = અર્દ્ધચક્રિ એટલે વાસુદેવના અર્ધા બળવાળી, **महु-लित्त-खग्ग-धारा-लिहणं** =મધે ચોપડેલી તલવારની ધાર ચાટવા, **व** = જેવું, **दुहा** = બે પ્રકારે **वेअणीअं** = વેદનીય કર્મ ॥૧૨॥

ગાથાર્થ :

અર્ધચક્રવર્તિના અરધા બળ જેટલા બળવાળી થીણદ્ધી-નિદ્રા દિવસે વિચારેલું કામ કરાવે છે. મધથી લીંપાયેલી તલવારની ધાર ચાટવા જેવું બે પ્રકારે વંદનીય કર્મ છે. ॥૧૨॥

દિવસે ચિંતવ્યું કાર્ય પોતાને કરવાનું અશક્ય હોય, તે-રાત્રે નિદ્રામાંહે કરે, તે-**થીણદ્ધિ નિદ્રા** કહીએ. ૫

તે-થીણદ્ધિ નિદ્રા આવ્યે, **વજ્રઋષભનારાચસંઘયણવાળા** જીવને અર્દ્ધચક્રી જે **વાસુદેવ**, તેનાથી અર્દ્ધબળ હોય તે મરીને નરકે જાય.

**છેવટ્ઠા સંઘયણવાળાને** પણ એ નિદ્રામાંહે બમણું, ત્રમણું, બળ વધે.

स्त्याना संघातीभूता गृद्धिर्दिनचिन्तितार्थसाधनविषयाऽभिकाङ्क्षा यस्याम्, सा स्त्यानगृद्धिः । प्राकृतत्वात्-"थीणद्धी" इति निपातः ॥

**એ નવ ભેદે દર્શનાવરણ કર્મ્મ કહ્યું.**

**હવે-વેદનીય કર્મ્મ બે ભેદે છે :-**

મધુલિપ્ત ખડ્ગધારાનું ચાટવું, તેની પેરે-બે ભેદે વેદનીય **કર્મ્મ** છે.

એમાં મધુના ચાટવાની પેરે **સાતા વેદનીય** ૧.

અને ખડ્ગધારાએ જીભ છેદાય, તેની પેરે-**અસાતા-વેદનીય** ૨.

**એ બે પ્રાયે સંલગ્નજ હોય.** ॥૧૨॥

**ओसन्नं सुर-मणुए, सायम-सायं तु तिरिय-निरएसु ।**
**मज्जं व मोहणीयं, दु-विहं दंसण-चरण-मोहा ॥१३॥**

**શબ્દાર્થ :**

**ओसन्नं** = પ્રાયઃ-ઘણું કરીને, **सुर-मणुए** = દેવ અને મનુષ્યોમાં, **सायं** = સાતા, **असायं** = અસાતા, **तु** = અને,

**तिरिअ-निरएसु** = તિર્યંચ અને નારકોમાં, **मज्जं** = દારૂ-મદિરા, **व** = જેવું, **मोहणीयं** = મોહનીય, **दु-विहं** = બે પ્રકારે, **दंसण-चरण-मोहा** = દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયની અપેક્ષાએ. ॥૧૩॥

ગાથાર્થ :

**ઘણે ભાગે-દેવ અને મનુષ્યોમાં સાતા અને નારક અને તિર્યંચોમાં અસાતા હોય છે. દર્શનમોહ અને ચારિત્રમોહની અપેક્ષાએ બે પ્રકારે મદિરા જેવું મોહનીય કર્મ છે. ॥૧૩॥**

પ્રાયઃ-દેવતા અને મનુષ્યને વિષે **સાતા વેદનીય**નો ઉદય હોય, પણ નિશ્ચે નહિ, કેમકે-ચ્યવનકાળે તથા ગર્ભાવાસે ચિત્તની ઉદ્વેગતાએ દુઃખ પણ હોય છે.

અને તિર્યંચ, નારકીને, પ્રાયે **અસાતા વેદનીય**નો ઉદય હોય, તે પણ નિશ્ચય નહીં, કેમકે-જિનજન્માદિ કાળે નારકીને પણ સુખ હોય.

તથા, પટ્ટ-હસ્તી, તુરંગમાદિકોને સાતા પણ હોય,

**એ બે ભેદે વેદનીય કર્મ્મ કહ્યું.**

**હવે મોહનીય કર્મ્મ કહે છે :-**

મદિરાપાન સરખું **મોહનીયકર્મ્મ** છે,

જીવને મુંઝાવે, વિવેકથી વિકળ કરે તે-**મોહનીય** બે ભેદે છે :-

યથાવસ્થિત તત્ત્વનું શ્રદ્ધાન તે **દર્શન** કહીએ, તેને વિષે મુંઝવે, તે-**દર્શન-મોહનીય ૧.**

અને ચારિત્ર તે-શુદ્ધાચરણ, તેહને વિષે મુંઝવે, તે-**ચારિત્ર-મોહનીય ૨.** ॥૧૩॥

### ત્રણ દર્શનમોહનીય કર્મ

**दंसण-मोहं ति-विहं, सम्मं मीसं तहेव मिच्छत्तं ।**
**सुद्धं अद्ध-विसुद्धं, अ-विसुद्धं तं हवइ कमसो ।१४।**

શબ્દાર્થ :

**दंसण-मोहं** = દર્શન મોહનીય, **तिविहं** = ત્રણ પ્રકારે, **सम्मं** = સમ્યક્ત્વ, **मीसं** = મિશ્ર, **तहेव** = તેમજ, **मिच्छत्तं** = મિથ્યાત્વ, **सुद्धं** = શુદ્ધ, **अद्धविसुद्धं** = અર્ધવિશુદ્ધ, **अ-विसुद्धं** = અશુદ્ધ, **तं** = તે, **हवइ** = હોય છે, **कमसो** = અનુક્રમે ॥૧૪॥

ગાથાર્થ :

**દર્શન-મોહનીય ત્રણ પ્રકારે છે-સમ્યક્ત્વ, મિશ્ર અને મિથ્યાત્વ તે-અનુક્રમે-શુદ્ધ, અર્ધશુદ્ધ અને મેલું હોય છે. ॥૧૪॥**

**દર્શનમોહનીય** ત્રણ પ્રકારે છે, તેનાં નામ-

સમ્યક્ત્વમાં મુંઝવે, તે-**સમ્યક્ત્વ મોહનીય ૧.**

મિશ્રપણામાં મુંઝવે, તે-**મિશ્ર મોહનીય ૨.**

તેમજ વળી મિથ્યામતિમાં મુંઝાઈ રહે, તે-**મિથ્યાત્વ-મોહનીય ૩.**

જેમ-**મદન કોદ્રવ** ધાન્ય-

શોધ્યું, ખાંડ્યું, તુસ રહિત, તે વિકાર ન કરે.

અર્ધ શોધ્યું, કાંઈક વિકાર કરે.

અને અણશોધ્યું, અણખાંડ્યું. તુસ સહિત તે-ઘણો વિકાર કરે.

તેમ-મિથ્યાત્વના પુદ્ગલ-

શુદ્ધ કર્યા, તે **સમ્યક્ત્વ-મોહનીય ૧.**

અર્દ્ધશોધ્યા, તે **મિશ્રમોહનીય ૨.**

અને અણશોધ્યા-મલીન, તે **મિથ્યાત્વ મોહનીય ૩.** ॥૧૪॥

## સમ્યક્ત્વનું સ્વરૂપ

**जीय-अजीय-पुण्ण-पावा-ऽऽसव-संवर-बंध-मुक्ख-निज्जरणा।**
**जेणं सद्दहइ तयं, सम्मं खइगा-ऽऽइ-बहु-भेअं ॥१५॥**

### શબ્દાર્થ :

**जीअ-अजीय-पुण्ण-पावा-ऽऽसव-संवर-बंध-मुक्ख-निज्जरणा** = જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, મોક્ષ અને નિર્જરા, **जेणं** = જેણે કરીને, **सद्दहइ** = શ્રદ્ધાય-શ્રદ્ધા કરાય, **तयं** = તે, **सम्मं** = સમ્યક્ત્વ, **खइगा-ऽऽइऽबहु-भेयं** = ક્ષાયિકાદિક-ઘણા ભેદોવાળું. ॥૧૫॥

### ગાથાર્થ :

જેથી-જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બધ, મોક્ષ, અને નિર્જરાની શ્રદ્ધા થાય, તે ક્ષાયિક વગેરે ઘણા ભેદોવાળું સમ્યક્ છે. ॥૧૫॥

વળી, તેનું સ્વરૂપ કહે છે :-

ચેતના લક્ષણ **જીવતત્ત્વ** ૧૪ ભેદે. ૧

જડ લક્ષણ તે **અજીવતત્ત્વ** ૧૪ ભેદે. ૨

શુભ પ્રકૃતિનો ઉદય તે-**પુણ્યતત્ત્વ** ૪૨ ભેદે. ૩

અશુભ પ્રકૃતિનો ઉદય તે-**પાપતત્ત્વ** ૮૨ ભેદે. ૪

કર્મનું મેળવવું તે-**આશ્રવતત્ત્વ** ૪૨ ભેદે. ૫

આશ્રવનું રૂંધવું તે-**સંવરતત્ત્વ** ૫૭ ભેદે. ૬

કર્મનો બંધ તે-**બંધતત્ત્વ** ૪ ભેદે. ૭

કર્મનો અત્યંત વિયોગ તે-**મોક્ષતત્ત્વ** ૯ ભેદે. ૮

કર્મ્મનું છોડવું **નિર્જ્જરાતત્ત્વ** ૧૨ ભેદે. ૯

એ નવતત્ત્વ જેણે કરીને સદ્દહે, તે **સમ્યક્ત્વ** કહીએ. તે સમ્યક્ત્વ ક્ષાયિકાદિક બહુ ભેદે છે.

**ક્ષાયિક ૧. વેદક ૨. ક્ષાયોપશમિક ૩. ઔપશમિક ૪ અને સાસ્વાદન.**

તેમાં-**ક્ષાયિક** તે અપૌદ્ગલિક શુદ્ધ સમ્યક્ત્વ છે.

અને **ઔપશમિક** તથા **સાસ્વાદન** પણ અપૌદ્ગલિક છે. ત્યાં-પુદ્ગલની સત્તા તો છે, પણ વેદવું નથી, તે માટે.

**અને ક્ષાયોપશમિક** તે **સમ્યક્ત્વ મોહનીય** કહીએ, પુદ્ગલ વેદવા માટે. ઇહાં કોઈક કહે કે :-

"સમ્યક્ત્વ પુદ્ગલ શુદ્ધ છે, વિકાર ન કરે, તો તેને **મોહનીય** કેમ કહો છો ?"

તેનો ઉત્તર એ છે, જે "પૌદ્ગલિક સમ્યક્ત્વ તે મિથ્યાત્વનાં દળિયાં છે, તે શુદ્ધ થકાં સમ્યક્ત્વપણે કહેવાય. પણ તીવ્ર મોહને ઉદયે પાછાં અશુદ્ધ થાય, તે માટે **સમ્યક્ત્વ મોહનીય** કહીએ છીએ." ॥૧૫॥

## મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય

**मीसा न राग-दोसो, जिण-धम्मे अंत-मुहू जहा अन्ने ।**
**नालियर-दीव-मणुणो, मिच्छं जिण-धम्म-विवरीअं ॥१६॥**

### શબ્દાર્થ :

**मीसा** = મિશ્રથી, **राग-दोसो** = રાગ-દ્વેષ, **जिण-धम्मे** = જૈનધર્મ ઉપર, **अंत-मुहू** = અન્તર્મુહૂર્તસુધી, **जहा** = જેમ, **अन्ने** = અન્ન ઉપર, **नालियर-दीवमणुणो** = નાળિયેર દ્વીપના મનુષ્યને, **मिच्छं** = મિથ્યાત્વ, **जिण-धम्म-विवरीअं** = જૈન-ધર્મથી-વિપરીત. ॥૧૬॥

**ગાથાર્થ :**

**જેમ નાળિયેરદ્વીપના માણસોને અન્ન ઉપર રાગ કે દ્વેષ ન હોય, તેમ મિશ્ર મોહનીય કર્મથી જૈન ધર્મ ઉપર અન્તર્મુહૂર્ત સુધી રાગ કે દ્વેષ ન હોય. મિથ્યાત્વ જૈનધર્મથી વિપરીત હોય છે. ॥૧૬॥**

મિશ્ર મોહનીયને ઉદયે જિનધર્મ્મને વિષે રાગ પણ ન હોય, અને દ્વેષ પણ ન હોય, સમભાવ હોય.

તે-મિશ્રપણું અંતર્મુહૂર્ત પ્રમાણ જ હોય.

દૃષ્ટાંત કહે છે, કે-

જેમ-અન્ન ઉપર નાળિયેરદ્વીપના મનુષ્યને રાગ પણ ન હોય, અને દ્વેષ પણ ન હોય. કેમકે-તે મનુષ્યે અન્ન દીઠું - સાંભળ્યું નથી, તે માટે એ **મિશ્રમોહનીય** કહીએ.

જિનપ્રણીત ધર્મ્મ થકી વિપરીત મતિ હોય-શુદ્ધ ધર્મ સર્વથા રુચે નહીં, તે-**મિથ્યાત્વ** મોહનીય કહીએ.

**એ ત્રણ દર્શનમોહનીય કહ્યા. ॥૧૬॥**

## ચારિત્રમોહનીય કર્મ ૧૬ કષાય

## ચારિત્રમોહનીય કર્મ

**सोलस-कसाय-नव-नो-कसाय, दु-विहं चरित्त-मोहणीयं ।**
**अण-अपच्चक्खाणा, पच्चक्खाणा य संजलणा ॥१७॥**

**શબ્દાર્થ :**

**सोलस-कसाय** = સોળ કષાય, **नव-नो-कसाय** = નવ નોકષાય, **दु-विहं** = બે પ્રકારે, **चरित्त-मोहणिअं** = ચારિત્ર મોહનીય, **अणअपच्चक्खाणा** = અનંતાનુબંધીય અપ્રત્યા-

ખ્યાનીય, **पच्चक्खाणा** = પ્રત્યાખ્યાનાવરણીય, **संजलणा** = સંજ્વલન. ॥૧૭॥

**ગાથાર્થ :**

**સોળ કષાયો અને નવ નોકષાયો વડે બે પ્રકારનું ચારિત્રમોહનીય કર્મ છે. અનન્તાનુબંધીયો, અપ્રત્યાખ્યાનીઓ, પ્રત્યાખ્યાનીયો અને સંજ્વલનો ॥૧૭॥**

**હવે ચારિત્ર મોહનીય બે ભેદે છે :-**

**કષાય મોહનીય ૧**

**નોકષાય મોહનીય ૨**

તેમાં **કષાય મોહનીય** ૧૬ ભેદે છે.

અને **નોકષાય મોહનીય** નવ ભેદે છે.

કષાય તો નહિ, પણ **કષાયને** ઉપજાવે, **કષાયન સહચારી, કષાયને પ્રેરક, કષાયપણે** પરિણમે, તે **નોકષાય** કહીએ.

અનંતા સંસારના અનુબંધિ-મિથ્યાત્વનો ઉદય કરે, તે **અનંતાનુબંધીય** ચાર કષાય ૧.

જેહના ઉદયથી થોડું પણ પચ્ચક્ખાણ ઉદય ન આવે તે-**અપ્રત્યાખ્યાનીય** ચાર કષાય ૨.

સર્વવિરતિરૂપ પચ્ચક્ખાણને આવરે, તે **પ્રત્યાખ્યાના-વરણીય** ચાર કષાય-ક્રોધ, માન, માયા અને લોભ ૩.

ચારિત્રીયાને પણ લગારેક (ઉદય આવે-પ્રગટ થાય), બાળે, તે-**સંજ્વલન** ચાર કષાય ૪.

**એમ ૪ x ૪ = ૧૬ સોળ થયા. ॥૧૭॥**

## ૪ કષાય મોહનીયની સ્થિતિ વિગેરે

**जा-जीव-वरिस-चउमास, पक्ख-गा निरय-तिरिय-नर-अमरा ।**
**सम्मा-ऽणु-सव्वविरई-अहखाय-चरित्त-घाय-करा ॥१८॥**

### શબ્દાર્થ :

**जा-जीव-वरिस-चउमास-पक्ख-गा** = જાવજ્જીવ સુધી, વર્ષ ચાર માસ, અને પખવાડીયા સુધી ટકનારા. **निरय-तिरिय-नर-अमरा** = નારક, તિર્યંચ મનુષ્ય, અને દેવપણાના નિમિત્ત, **सम्मा-ऽणु-सव्व-विरई-अहक्खाय-चरित्त-घाय-करा** = સમ્યક્ત્વ, અણુવિરતિ, સર્વવિરતિ અને યથાખ્યાત, ચારિત્ર અટકાવનારા. ॥૧૮॥

### ગાથાર્થ :

**જાવજીવ, વરસ, ચાર માસ, અને પખવાડીયા, સુધી રહેનારા, નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ, (ના કારણ) ભૂત, સમ્યક્ત્વ, દેશ-વિરતિ, સર્વવિરતિ, અને યથાખ્યાત, ચારિત્રનો નાશ કરનાર છે. ॥૧૮॥**

ચારેય અનંતાનુબંધિયા કષાય ઉત્કૃષ્ટ **યાવજ્જીવ** લગે રહે. ૧

અપ્રત્યાખ્યાનીયા **વર્ષ** લગે રહે. ૨

પ્રત્યાખ્યાનીયા કષાય **ચાર માસ** લગે રહે. ૩

સંજ્વલનીયા કષાય **પંદર દિવસ** રહે. ૪

વળી, અનંતાનુબંધિના ઉદયે મરે, તે નરકે જાય. ૧

અપ્રત્યાખ્યાનીયના ઉદયે મરે, તે તિર્યંચ થાય. ૨

પ્રત્યાખ્યાનીયાને ઉદયે મરે, તે મનુષ્ય થાય. ૩

સંજ્વલનના ઉદયે મરે, તે-દેવગતિએ જાય. ૪

અનંતાનુબંધિયા કષાય સમ્યક્ત્વ પામવા ન આપે. ૧

અપ્રત્યાખ્યાનીયા દેશવિરતિ ચારિત્ર પામવા ન આપે. ૨ પ્રત્યાખ્યાનીયા સર્વવિરતિ પામવા ન આપે. ૩ સંજ્વલન કષાય પોતાને ઉદયે **યથાખ્યાત ચારિત્રનો** ઘાત કરે છે. ૪ ॥૧૮॥

## ચાર પ્રકારના ક્રોધ અને માનના દૃષ્ટાન્તો

**जल-रेणु-पुढवी-पव्वय-राई-सरिसो-चउ-व्विहो कोहो ।**
**तिणिस-लया-कट्ठ-ट्ठिय-सेल-त्थंभोवमो माणो ॥१९॥**

### શબ્દાર્થ :

**जल-रेणु-पुढवी-पव्वय-राई-सरिसो**= પાણીમાં અને ધૂળમાં પડેલી લીટી-તથા જમીનમાં અને પર્વતમાં પડેલી ફાટ જેવો, **चउव्विहो**= ચાર પ્રકારનો, **कोहो**= ક્રોધ, **तिणिस-लयाकट्ठट्ठिअ-सेल-त्थंभोवमो** = તિનિસલતા-નેતરની સોટી, કાષ્ઠના હાડકાના અને પત્થરના થાંભલા જેવો, **माणो** = માન. ॥૧૯॥

### ગાથાર્થ :

**પાણીમાં અને રેતીમાં પડેલા લીટા તથા જમીનમાં અને પર્વતમાં પડેલી ચીરાડ જેવો ચાર પ્રકારનો ક્રોધ, અને માન નેતરની સોટી, લાકડા, હાડકા અને પત્થરના થાંભલા જેવો હોય છે. ॥૧૯॥**

જળની રેખા સમાન સંજ્વલન ક્રોધ, તરત વિલય થાય ૧.

રેતી મધ્યે રેખા સમાન પ્રત્યાખ્યાન ક્રોધ, વાયરે મટે ૨.

ફાટી ગયેલી પૃથ્વીની રેખા સમાન અપ્રત્યાખ્યાનીય ક્રોધ, મેહ વૂઠે (વરસ્યે) મટે ૩.

ફાટી ગયેલા પર્વતની રાય-રેખા-ત્રડ સમાન અનંતાનુબંધીય ક્રોધ, કોઈ વખતે પણ ન મટે ૪.

એ ચાર ભેદે ક્રોધનાં ચાર દૃષ્ટાંત કહ્યાં.

તિનિસ તે નેત્રલતા તે સરખો સંજ્વલન માન, સુખે નમાડીયે, તેમ નમે ૧.

કાષ્ઠ સરિખો પ્રત્યાખ્યાનીય માન, ઉપાયે નમે ૨.

અસ્થિ-હાડકા સરખો અપ્રત્યાખ્યાનીય માન, મહાકષ્ટે નમે ૩.

પથ્થરના સ્તંભ સરખો અનંતાનુબંધીય માન, કોઈ રીતે નમે જ નહીં ૪.

એ માનનાં દૃષ્ટાંત કહ્યાં ॥૧૯॥

## માયા અને લોભનાં ચાર ચાર દૃષ્ટાંતો

**मायाऽवलेहि-गो-मुत्ति-मिंढ-सिंग-घण-वंस-मूल-समा ।**
**लोहो हलिद्दखंजण-कद्दम-किमि-राग-सामाणो (सारिच्छो) ।२०।**

### શબ્દાર્થ :

**माया** = કપટ, **अवलेहि-गोमुत्ति-मिंढ-सिंग-घण-वंस-मूल समा** = લાકડાની છોલ, ગોમૂત્રિકા, ઘેટાના શિંગડા, અને મજબૂત વાંસના મૂળ જેવી, **लोहो** = લોભ, **हलिद्द-खंजण-कद्दम-किमि-राग-सामाणो** = હળદર, કાજળ, કાદવ અને કિરમજીના રંગ જેવો જાણવો. ॥૨૦॥

### ગાથાર્થ :

છોલ, ગોમૂત્રની ધાર, ઘેટાના શીંગડા, અને વાંસના કઠણ મૂળ જેવી (ચાર પ્રકારની) માયા અને લોભ, હળદર, કાજળ, ગાડાના પૈડાની મળી-કીલ અને કીરમજી રંગ જેવો હોય છે. ॥૨૦॥

વંશાદિકની છોલ, તે અવલેહી કહીએ. તે સંજ્વલનની માયા જાણવી, એ સુખે વળે=પોતાની વક્રતા છોડે ૧.

વૃષભના મૂત્રની ધારા સરખી પ્રત્યાખ્યાનીયની માયા, એ પવનાદિકે વક્રતા છાંડે ૨.

મેંઢા (ઘેટા)ના શૃંગ સરખી અપ્રત્યાખ્યાનીયની માયા, તેની વક્રતા અતિ કષ્ટે ટળે ૩.

ઘન-કઠિન વંશીમૂળ સરખી અનંતાનુબંધિની માયા, તેની કુટિલતા કોઈ રીતે ટળેજ નહિ ૪.

**એ ૪ દૃષ્ટાંત માયાનાં કહ્યાં.**

જેમ-હળદરનો રંગ સૂર્યને તડકે ટળે, તે સરખો સંજ્વલન લોભ તુરત ટળે ૧.

વસ્ત્રે લાગ્યું દીવાનું કાજળ, તે સરખો પ્રત્યાખ્યાનીય લોભ, તે દુઃખે ઉતરે ૨.

ગાડાના પઈડાંમાં હોય, તે કર્દમ (મળી) સરખો અપ્રત્યાખ્યાનીય લોભ, અતિકષ્ટે ટળે ૩.

કિરમજી રંગ :- તે જેણે હીર (રેશમ) રંગાય, તે સરખો અનંતાનુબંધિલોભ, તે કિમહી ન ટળે ૪.

**એ ચાર દૃષ્ટાંત લોભનાં કહ્યાં ॥૨૦॥**

## નવ નોકષાય તેમાં-હાસ્યાદિક છ નોકષાય ચારિત્રમોહનીયકર્મ

**जस्सुदया होइ जीए, हास-रई-अरइ-सोग-भय-कुच्छा।**
**स-निमित्तमन्न-हा वा, तं इह हासा-ऽऽइ मोहणीयं ॥२१॥**

**શબ્દાર્થ :**

**जस्स** = જેના, **उदया** = ઉદયથી, **होइ** = હોય, **जीए** = જીવમાં, **हास-रइ-अरइ-सोग-भय-कुच्छा** = હાસ્ય, રતિ,

અરતિ, શોક, ભય અને દુર્ગંચ્છા, **स-निमित्तम्** = નિમિત્તપૂર્વક, **अन्न-हा** = બીજી રીતે-નિમિત્ત વિના, **वा** = અથવા, **तं** = તે, **इह** = અહીં, **हासा-ऽऽइ मोहणीयं** = હાસ્યાદિ મોહનીય. ॥૧૨॥

ગાથાર્થ :

**જેના ઉદયથી જીવને નિમિત્ત હોય, અથવા ન હોય, તો પણ હસવાનું, પ્રેમ, નાખુશી, શોક, બીક, અને દુર્ગંચ્છા થાય છે. તે અહીં "હાસ્ય મોહનીય કર્મ" વિગેરે કહેવાય છે. ૨૧**

**હવે નવ નોકષાય કહે છે**

જે કર્મના ઉદય થકી જીવને હાંસુ આવે, તે હાસ્ય ૧.

સાતા (આનંદ) વેદાય, તે-રતિ ૨.

અરતિ (અપ્રેમ) તે-અસાતા વેદાય ૩.

શોક તે-ચિંતા ઉપજે ૪.

ભય તે-ભય (બીક) ઉપજે ૫.

કુચ્છા તે-જુગુપ્સા-દુર્ગંચ્છા ઉપજે ૬.

કોઈક નિમિત્તે અથવા, અન્યથા-કારણ વિના જ ઉપજે, તે-ઈહાં હાસ્યાદિક છ ભેદે નોકષાય મોહનીય કહીએ.

તે આ પ્રમાણેઃ- હાસ્ય (હાસ્યોત્પાદક નોકષાય ચારિત્રાવરણીય-મોહનીય કર્મ) ૧.

રતિ (રતિ-ઉત્પાદક-નોકષાય ચારિત્રાવરણીય મોહનીય કર્મ) ૨.

અરતિ (અરતિ-ઉત્પાદક-નોકષાય ચારિત્રાવરણીય મોહનીય કર્મ) ૩.

શોક (શોક-ઉત્પાદક-નોકષાય ચારિત્રાવરણીય મોહનીય કર્મ) ૪.

ભય (બીક-ઉત્પાદક-નોકષાય ચારિત્રાવરણીય મોહનીય કર્મ) ૫.

જુગુપ્સા (દુર્ગંચ્છા-ઉત્પાદક-નોકષાય ચારિત્રાવરણીય મોહનીય કર્મ) ૬.

## ત્રણ વેદ નોકષાય ચારિત્ર મોહનીય કર્મના સ્વરૂપો અને દૃષ્ટાંતો

**पुरिसित्थि-तदुभयं पइ, अहिलासो जव्वसा हवइ सो उ ।**
**थी-नर-नपुं-वेउदओ, फुंफुम-तण-नगर-दाह-समो ॥२२॥**

शब्दार्थ :

**पुरिसित्थि-तदुभयं** = પુરુષ, સ્ત્રી, અને તે બંનેય **पइ** = તરફ, **अहिलासो** = અભિલાષ, **जव्वसा** = જેને લીધે, **हवइ** = હોય, **सो** = તે, **उ** = તો, **थी-नर-नपुं-वेओदओ** = સ્ત્રી વેદોદય, પુરુષ વેદોદય, નપુંસક વેદોદય, **फुंफुम-तण-नगर-दाह-समो** = લીંડીઓના, તૃણના અને શહેરના દાહ જેવો છે. ॥૨૨॥

ગાથાર્થ :

**જેને લીધે પુરુષ, સ્ત્રીઓ અને તે બંનેય તરફ ઈચ્છા દોડે છે, તે જ બકરીની લીંડીઓ, ઘાસ અને શહેરના દાહ જેવો સ્ત્રી-પુરુષ અને નપુંસક વેદનો ઉદય હોય છે. ॥૨૨॥**

વારંવાર પુરુષ સેવવાનો ૧. વારંવાર સ્ત્રી સેવવાનો, ૨ અને પુરુષ તથા સ્ત્રી બંનેયને સેવવાનો ૩. અભિલાષ-મૈથુન સેવવાની વાંચ્છા-જે કર્મ્મને વશે કરીને હોય, તે અનુક્રમે-**સ્ત્રી ૧, પુરુષ ૨ અને નપુંસક ૩**, વેદનો ઉદય કહીએ.

પુરુષની વાંચ્છા કરાવે તે-**સ્ત્રીવેદ**નો ઉદય કહીએ. ૧

સ્ત્રીની વાંચ્છા કરાવે તે-**પુરુષ વેદ**નો ઉદય. ૨

બેયની વાંચ્છા કરાવે, તે-**નપુંસક વેદ**નો ઉદય. ૩

ફુંફુમ તે કરીષનો અગ્નિ, તે સરખો, સ્ત્રીવેદનો ઉદય, મોડો ઉપશમે ૧.

તૃણની અગ્નિ, તે સરખો, પુરુષવેદનો ઉદય, તુરત ઉપશમે ૨.

નગરના દાહ સરખો નપુંસક વેદનો ઉદય, કેમેય ઓલ્હવાયે નહીં. ૩.

એ રીતે હાસ્યાદિક ૬ અને ૩ વેદ એમ ૯ નોકષાય.

સોળ કષાય અને નવ નોકષાય એમ-પચ્ચીશ ભેદે ચારિત્ર મોહનીય કહ્યું.

અને ત્રણ ભેદે દર્શન મોહનીય.

એમ ૨૮ અટ્ઠાવીશ ભેદે મોહનીય કર્મ્મ કહ્યું. ॥૨૨॥

## આયુઃ કર્મ અને નામકર્મના ભેદો

**सुर-नर-तिरि-निरया-ऽऽऊ, हडि-सरिसं नामकम्म चित्तिसमं ।**
**बायाल-ति-नवइ-विहं, ति-उत्तरसयं च सत्तट्ठी ॥२३॥**

શબ્દાર્થ :

सुर-नर-तिरि-निरयाऽऽऊ = દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકનું આયુષ, हडि-सरिसं = બેડી સરખું, नाम-कम्म = નામ-કર્મ, चित्ति-समं = ચિતારા જેવું, बायाल-ति-नवइ-विहं = બેંતાલીશ અને ત્રાણું પ્રકારનું, ति-उत्तर-सयं = એકસો ત્રણ અને सत्तट्ठी = સડસઠ ભેદો છે. ॥૨૩॥

ગાથાર્થ :

દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકનું આયુષ્ય કર્મ બેડી જેવું હોય છે-ચિતારા જેવું નામકર્મ-બેંતાલીશ, ત્રાણું, અકસો ત્રણ અને સડસઠ એમ ચાર પ્રકારે ભેદો છે. ॥૨૩॥

હવે આયુકર્મ્મ ચાર ભેદે કહે છે-

દેવાયું ૧, મનુષ્યાયુ ૨, તિર્યાંચાયુ ૩, નરકાયુ ૪

એ ચાર ભેદે આયુઃ કર્મ્મ છે. તે આયુઃ કર્મ્મ બેડી સરખું છે, જેમ-ખોડા (બેડી)માં ઘાલેલા ચોરાદિક ઘણુંએ નિકળવા વાંછે, પણ વિવક્ષિત કાળ ભોગવી રહે, ત્યારે જ નિકળે. તેમ-જીવ જયાં ઉપન્યો હોય, ત્યાંનું આયુઃ પૂર્ણ થાય ત્યારેજ નિકળી શકે. એ ૪ ભેદે આયુઃ કર્મ્મ કહ્યું.

હવે **નામકર્મ્મ** કહે છે :-

તે **નામકર્મ્મ** ચિત્રકાર સરખું છે. જેમ-ચિતારો જેવું ચિત્ર આળેખવા વાંછે, તેવું ચિતરે. તેમ-જીવ પણ જેવી ગત્યાદિકે જવું હોય, તેવું **નામકર્મ્મ** બાંધે. તે-**નામકર્મ્મ** બેંતાલીશ ભેદે પણ છે, ત્રાણું ભેદે પણ છે, એકસો ત્રણ ભેદે પણ છે, અને સડસઠ ભેદે પણ છે. ॥૨૩॥

### નામકર્મના બેંતાલીશ ભેદો તેમાં-
### ચૌદ પિંડપ્રકૃતિઓના નામો

**गइ-जाइ-तणु-उवंगा, बंधण-संघायणाणि संघयणा ।**
**संठाण-वण्ण-गंध-रस-फास-अणुपुव्वि-विहग-गई ॥२४॥**

**શબ્દાર્થ :**

**गइ-जाइ-तणु-उवंगा** = ગતિઓ, જાતિઓ, શરીરો, ઉપાંગો, **बंधण-संघायणाणि** = બંધનો, સંઘાતનો, **संघयणा** = સંઘયણો **संठाण-वण्ण-गंध-रस-फास-अणपुव्वि-विहग-गई** = સંસ્થાનો, વર્ણો, ગંધો, રસો, સ્પર્શો, આનુપૂર્વિઓ અને વિહાયોગતિઓ ॥૨૪॥

**ગાથાર્થ :**

(૧)ગતિ, (૨) જાતિ, (૩) શરીર, (૪) અંગોપાંગ, (૫) બંધન, (૬) સંઘાતન, (૭) સંઘયણ (૮) સંસ્થાન, (૯) વર્ણ, (૧૦) ગંધ,

(૧૧) રસ, (૧૨) સ્પર્શ, (૧૩) આનુપૂર્વી, (૧૪) વિહાયોગતિ એમ કુલ ૧૪ પિંડપ્રકૃતિઓ જાણવી. ।।૨૪।।

**પ્રથમ બેંતાલીશ ભેદ કહે છે :-**

| | |
|---|---|
| ગતિ નામકર્મ્મ ૧. | સંસ્થાન નામ કર્મ્મ ૮. |
| જાતિ નામકર્મ્મ ૨. | વર્ણ નામકર્મ્મ ૯. |
| શરીર નામકર્મ્મ ૩. | ગંધ નામકર્મ્મ ૧૦. |
| શરીરાંગોપાંગ નામકર્મ્મ ૪. | રસ નામકર્મ્મ ૧૧. |
| શરીરબંધન નામકર્મ્મ ૫. | સ્પર્શ નામકર્મ્મ ૧૨. |
| શરીરસંઘાતન નામકર્મ્મ ૬. | આનુપૂર્વી નામકર્મ્મ ૧૩. |
| સંઘયણ નામકર્મ્મ ૭. | વિહયોગતિ નામકર્મ્મ ૧૪. |

એ નામકર્મ્મની પ્રકૃતિના અર્થ સૂત્રકાર જ આગળ કહેશે. તેથી અહીં લખ્યા નથી. ।।૨૪।।

**૨૮ પ્રત્યેક પ્રકૃતિઓ તેમાં આઠ સ્વતંત્ર પ્રત્યેક પ્રકૃતિઓ**

**पिंड-पयडि-त्ति चउदस, परघा-ऊसास-आयवुज्जोअं ।**
**अ-गुरुलहु-तित्थ-निमिणो-वघायमिअ अट्ठ पत्तेआ ।२५।**

**શબ્દાર્થ :**

**पिंड-पयडि**= પિંડપ્રકૃતિઓ, **त्ति** = એ પ્રમાણે, **चउ-दस**= ચૌદ, **परघा-उस्सास-आयवुज्जोअं** = પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, આતાપ, ઉદ્યોત, **अगुरुलहु-तित्थ-निमिणोवघायं** = અગુરુલઘુ, તીર્થ, નિર્માણ, અને ઉપઘાત, **इअ** = એ પ્રમાણે, **अट्ठ** = આઠ, **पत्तेआ** = પ્રત્યેક. ।।૨૫।।

ગાથાર્થ :

## એ ચૌદ પિંડ પ્રકૃતિઓ

**પરાઘાત, ઉચ્છ્વાસ, આતાપ, ઉદ્યોત, અ-ગુરુ-લઘુ, તીર્થ, નિર્માણ, ઉપઘાત, એ આઠ પ્રત્યેક ॥૨૫॥ એ પ્રકારે ૧૪ પિંડપ્રકૃતિ જાણવી.**

એક પ્રકૃતિને વિષે બે, ત્રણ, ચાર, ભેળી હોય તે પિંડપ્રકૃતિ કહીએ.

**હવે, ૨૮ અઠ્ઠાવીશ પ્રત્યેકપ્રકૃતિ કહે છે :-**

| | |
|---|---|
| પરાઘાત નામકર્મ્મ ૧. | અગુરુલઘુ નામકર્મ્મ ૫. |
| ઉચ્છ્વાસ નામકર્મ્મ ૨. | તીર્થંકર નામકર્મ્મ ૬. |
| આતાપ નામકર્મ્મ ૩. | નિર્મ્માણ નામકર્મ્મ ૭. |
| ઉદ્યોત નામકર્મ્મ ૪. | ઉપઘાત નામકર્મ્મ ૮. |

એ આઠ **પ્રત્યેક પ્રકૃતિ** છે.

**પ્રત્યેક** :- તે-એકેકીજ છે; એમાંહી ભેળી કોઈ નથી. ॥૨૫॥

## વીશ સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિઓ તેમાં
## ત્રણ દશકની ૧૦ પ્રકૃતિઓ-

**तस-बायर-पज्जत्तं पत्तेय-थिरं सुभं च सुभगं च ।**
**सु-सरा-ऽईज्ज-जसं तस-दसगं थावर-दसं तु इमं ॥२६॥**

શબ્દાર્થ :

**तस-बायर-पज्जत्तं** = ત્રસ, બાદર, પર્યાપ્ત, **पत्तेय-थिरं** = પ્રત્યેક, સ્થિર, **शुभं** = શુભ, **सुभगं** = સૌભાગ્ય, **सुसरा-ऽऽइज्ज-जसं** = સુસ્વર, આદેય, યશ, **तस-दसगं** = ત્રસદશક, **थावर-दसं** = સ્થાવર-દશક, **इमं** = આ :-

ગાથાર્થ :

ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય અને યશ, ત્રસદશક છે, અને સ્થાવર દશક આ છે. ॥૨૬॥

| | |
|---|---|
| ત્રસ નામકર્મ્મ ૧. | શુભ નામકર્મ્મ ૬. |
| બાદર નામકર્મ્મ ૨. | સુભગ નામકર્મ્મ ૭. |
| પર્યાપ્ત નામકર્મ્મ ૩. | સુસ્વર નામકર્મ્મ ૮. |
| પ્રત્યેક નામકર્મ્મ ૪. | આદેય નામ કર્મ્મ ૯. |
| સ્થિર નામકર્મ્મ ૫. | યશ નામકર્મ્મ ૧૦. |

એ ત્રસદશક કહીએ.

વળી વક્ષ્યમાણ (હવે કહીશું તે પ્રકારે) સ્થાવરનો દશક જાણવો, તે કહે છે :- ॥૨૬॥

સ્થાવરદશકની ૧૦ પ્રકૃતિઓ :

**थावर-सुहुम-अपज्जं, साहारण-अथिर-असुभ-दुभगाणि ।**
**दुस्सरऽणाइज्जा-ऽजस-मिअ, नामे सेयरा वीसं ॥२७॥**

શબ્દાર્થ :

**थावर-सुहुम-अपज्जं** = સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, **साहारण-अथिर-असुभ-दुभगाणि** = સાધારણ, અસ્થિર, અશુભ, દૌર્ભાગ્ય, **दुस्सरणाइज्जाऽजस** = દુઃસ્વર, અનાદેય, અયશ, **इअ** = એ પ્રમાણે, **नामे** = નામમાં, **सेयरा** = સેતર પ્રકૃતિઓ, **वीसं** = વીશ ॥૨૭॥

ગાથાર્થ :

સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય અને અપયશ એ પ્રમાણે નામકર્મમાં ઈતર સાથે વીશ. ॥૨૭॥

સ્થાવર નામકર્મ્મ ૧.
સૂક્ષ્મ નામકર્મ્મ ૨.
અપર્યાપ્ત નામકર્મ્મ ૩.
સાધારણ નામકર્મ્મ ૪.
અસ્થિર નામકર્મ્મ ૫.
અશુભ નામકર્મ્મ ૬.
દુર્ભગ નામકર્મ્મ ૭.
દુઃસ્વર નામકર્મ્મ ૮.
અનાદેય નામકર્મ્મ ૯.
અયશ નામકર્મ્મ ૧૦.

**એ પ્રમાણે નામકર્મમાં સ્થાવરનો દશકો જાણવો.**

**ઈતર તે-ત્રસના દશકા સહિત વીશ થાય. તે વળી પરાઘાતા-**દિક આઠ યુક્ત અઠ્ઠાવીશ પ્રત્યેક પ્રકૃતિઓ કહીએ.

તેમાં-૧૪ ચૌદ પિંડપ્રકૃતિ ભેળવીએ, ત્યારે ૪૨ ભેદ નામકર્મના થયા. ||૨૭||

## નામકર્મની પ્રકૃતિઓની વિશેષ સંજ્ઞાઓનું ધોરણ

**तस-चउ-थिर-छक्कं, अथिर-छक्क-सुहुम-तिग-थावर-चउक्कं ।**
**सुभग-तिगा-ऽऽइ विभासा, तया-ऽऽइ-संखाहिं पयडीहिं ॥२८॥**

### શબ્દાર્થ :

**तस-चउ** = ત્રસચતુષ્ક, **थिर छक्कं** = સ્થિર ષટ્ક **अथिर-छक्कं** = અસ્થિર-ષટ્ક **सुहुम-तिग** = સૂક્ષ્મ ત્રિક, **थावर-चउक्कं** = સ્થાવરચતુષ્ક, **सुभगतिगाई** = સુભગ-ત્રિક વિગેરે, **विभासा** = પરિભાષાઓ-સંજ્ઞાઓ, **तयाऽऽइसंखाहिं** = તદાદિ-સંખ્યાભિઃ- તે (અમુક એક) શરૂઆતમાં રાખીને ઠરાવેલી સંખ્યાવાળી, **पयडीहिं** = પ્રકૃતિઓ વડે. ||૨૮||

### ગાથાર્થ :

**ત્રસચતુષ્ક, સ્થિરષટ્ક, અસ્થિરષટ્ક, સૂક્ષ્મ-ત્રિક, સ્થાવર-ચતુષ્ક, સૌભાગ્યત્રિક, વિગેરે વિભાષાઓ-તે તે પ્રકૃતિ આદિમાં રાખી હોય તેવી સંખ્યાવાળી-પ્રકૃતિઓ વડે (કરવી.) ||૨૮||**

**ત્રસચતુષ્ક કહ્યાથી**-ત્રસ ૧, બાદર ૨, પર્યાપ્ત ૩, અને પ્રત્યેક ૪, એ ૪ જાણવી.

**સ્થિરષટ્ક** તે-સ્થિર ૧, શુભ ૨, સુભગ ૩, સુસ્વર ૪, આદેય ૫, અને યશ ૬ એ છ જાણવી.

**અસ્થિરષટ્ક** તે-અસ્થિર ૧, અશુભ ૨, દુર્ભગ ૩, દુઃસ્વર ૪, અનાદેય ૫ અને અપયશ ૬ એ છ જાણવી.

**સૂક્ષ્મત્રિક** તે-સૂક્ષ્મ ૧, અપર્યાપ્ત ૨ અને સાધારણ ૩.

**સ્થાવરચતુષ્ક** તે-સ્થાવર ૧, સૂક્ષ્મ ૨, અપર્યાપ્ત ૩ અને સાધારણ ૪.

**સુભગત્રિક** તે-સુભગ ૧, સુસ્વર ૨, આદેય ૩ એ ત્રણ જાણવી.

આદિ શબ્દથી દુર્ભગત્રિક પ્રમુખ વિભાષા-સંજ્ઞા આગળ સૂત્રમાં કહેશે, તે (અમુક એક) પ્રકૃતિથી માંડીને તેટલી સંખ્યાવાળી પ્રકૃતિઓ વડે જાણવી. ॥૨૮॥

**वन्न-चउ-अगुरु-लहु-चउ, तसा-इ-दु-ति-चउर-छक्कमिच्चाई ।**
**इअ अन्नावि विभासा, तया-ऽऽइसंखाहिं पयडीहिं ॥२९॥**

**શબ્દાર્થ :**

**वन्न-चउ**= વર્ણાદિ ચાર, **अ-गुरुलहुचउ**= અગુરુલઘુ વગેરે ચાર, **तसाऽऽई-दु-ति-चउर-छक्कं** = ત્રસાદિ-દ્વિક, ત્રિક, ચતુષ્ક, ષટ્ક, **इच्चाइ** = વગેરે, **इअ** = ઇતિ એ પ્રમાણે, **अन्नावि** = બીજી પણ, **विभासा** = સંજ્ઞાઓ, **तयाइसंखाहिं** = તે આદિ પ્રકૃતિઓની સંખ્યા વડે, **पयडीहिं** = પ્રકૃતિઓ દ્વારા ॥૨૯॥

**ગાથાર્થ :**

વર્ણચતુષ્ક, અગુરુલઘુચતુષ્ક, ત્રસાદિદ્વિક-ત્રિક-ચતુષ્ક-ષટ્ક

ઇત્યાદિક આ અને એવી બીજી પણ વિભાષા = પરિભાષાઓ-તે આદિમાં હોય તેવી સંખ્યાવાળી પ્રકૃતિઓ વડે થાય છે. ॥૨૯॥

**વર્ણચતુષ્ક** તે-વર્ણ ૧, ગંધ ૨, રસ ૩ અને સ્પર્શ ૪ એ ચાર જાણવા.

**અગુરુલઘુચતુષ્ક** તે-અગુરુલઘુ ૧, ઉપઘાત ૨, પરાઘાત ૩, અને ઉચ્છ્વાસ ૪ એ ચાર જાણવા.

**ત્રસદ્વિક** તે-ત્રસ ૧, બાદર ૨.

**ત્રસત્રિક** તે-ત્રસ ૧, બાદર ૨ અને પર્યાપ્ત ૩.

**ત્રસ ચતુષ્ક** તે-ત્રસ ૧, બાદર ૨, પર્યાપ્ત ૩ અને પ્રત્યેક ૪.

**ત્રસષટ્ક** તે-ત્રસ ૧, બાદર ૨, પર્યાપ્ત ૩, પ્રત્યેક ૪, સ્થિર ૫, અને શુભ ૬ ઇત્યાદિક.

આ અને અનેરી પણ વિભાષા-પરિભાષા-વિશેષસંજ્ઞા, જે આગળ સૂત્રમાંહે પ્રકૃતિનું નામ કહેશે તે થકી માંડીને તેટલી સંખ્યાવાળી પ્રકૃતિઓની વિભાષા-સંજ્ઞા જાણવી. ॥૨૯॥

## દરેક પિંડપ્રકૃતિના પેટા ભેદોની મળી કુલ ૬૫ની સંખ્યા

**गइ-आईण उ कमसो, चउ-पण-पण-ति-पण-पंच-छ-छक्कं ।**
**पण-दुग-पण-ऽट्ठ-चउ-दुग-इअ उत्तर-भेअ पणसट्ठी ।३०।**

**શબ્દાર્થ :**

**गइ-आइण उकमसो** = ગતિ વગેરેના અનુક્રમે, **चउ-पण-पण-ति-पण-पंच-छ-छक्कं** = ચાર, પાંચ, પાંચ, ત્રણ, પાંચ, પાંચ, છ, છ, **पण-दुग-पण-अट्ठ-चउ-दुग** = પાંચ, બે, પાંચ, આઠ, ચાર, બે, **इअ** = એ પ્રમાણે, **उत्तर-भेय-पण-सट्ठी** = ઉત્તર ભેદોની પાંસઠ સંખ્યા ॥૩૦॥

### ગાથાર્થ

ગતિ આદિના તો અનુક્રમે ચાર, પાંચ, પાંચ, ત્રણ, પાંચ, પાંચ, છ, છ, પાંચ, બે, પાંચ, આઠ, ચાર, અને બે-એ પ્રકારે પાંસઠ ઉત્તરભેદ છે. ૩૦

હવે નામકર્મ્મના ૯૩ ભેદ કહે છે-તેમાં-

ગત્યાદિક ૧૪ પિંડ પ્રકૃતિના અનુક્રમે ઉત્તરભેદ કહે છે.

(૧) ગતિ ચાર ભેદે
(૨) જાતિ પાંચ ભેદે
(૩) શરીર પાંચ ભેદે
(૪) ઉપાંગ ત્રણ ભેદે
(૫) બંધન પાંચ ભેદે
(૬) સંઘાતન પાંચ ભેદે
(૭) સંઘયણ છ ભેદે
(૮) સંસ્થાન છ ભેદે
(૯) વર્ણ પાંચ ભેદે
(૧૦) ગંધ બે ભેદે
(૧૧) રસ પાંચ ભેદે
(૧૨) સ્પર્શ આઠ ભેદે
(૧૩) આનુપૂર્વી ચાર ભેદે
(૧૪) વિહાયોગતિ બે ભેદે

એમ ઉત્તરભેદ પાંસઠ થયા. ॥૩૦॥

### જુદી જુદી અપેક્ષાએ નામકર્મની પ્રકૃતિઓની ૯૩-૧૦૩ અને ૬૭ ની સંખ્યા

**अड-वीस-जुआ त्ति-नवइ, संते वा पनर-बंधणे तिसयं ।**
**बंधण-संघाय-गहो, तणूसु सामण्ण-वण्ण-चऊ ॥३१॥**

### શબ્દાર્થ :

**अडवीस-जुआ** = અઠ્ઠાવીશે જોડીએ, **ति-नवइ** = ત્રાણું, **संते** = સત્તામાં, **वा** = અથવા, **पनर** = પંદર, **बंधणे** = બંધનો, **ति-सयं** = એકસો ત્રણ, **बंधण-संघाय-गहो** = બંધનો અને સંઘાતનોનો સમાવેશ, **तणूसु** = શરીરોમાં, **सामण्ण-वण्ण-चऊ** = સામાન્ય રીતે વર્ણાદિ ચાર ॥૩૧॥

**ગાથાર્થ :**

અઠ્ઠાવીશ ભેળવીએ એટલે ત્રાણું અથવા-બંધનો પંદર ગણવાથી એકસો ત્રણ સત્તામાં, બંધન અને સંઘાતન શરીરોમાં ગણી લઈએ, અને સામાન્યથી વર્ણચતુષ્ક લઈએ એટલે ૬૭ ભેદ થાય છે. ॥૩૧॥

તે અઠ્ઠાવીશ પ્રત્યેક પ્રકૃતિએ યુક્ત કરીએ, ત્યારે ત્રાણું ભેદ નામકર્મ્મના સત્તાએ થાય. અથવા, સત્તામાં પાંચ બંધનને ઠેકાણે પંદર બંધન ગણીએ, ત્યારે એકસો ત્રણ ભેદ નામકર્મ્મના થાય.

**હવે સડસઠ ભેદ કહે છે :-**

પંદર ભેદે બંધન અને પાંચ ભેદે સંઘાતન એ ૨૦ પ્રકૃતિ તે-શરીર ભેગીજ વિવક્ષીએ, શરીર બાંધે ત્યારે ભેળીજ બાંધે, તે માટે જુદી ન ગણીએ. એટલે ૨૦, તે ઓછી, અને વર્ણાદિક વીશ છે, તેને સામાન્યપણે-વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, એ જ ગણીએ, એટલે એ ૧૬ ઓછી. ॥૩૧॥

## આઠે કર્મની બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા આશ્રયીને પ્રકૃતિઓની સંખ્યાઓ

**इअ सत्तट्ठी बंधोदए अ, न य सम्ममीसया बंधे ।**
**बंधुदए सत्ताए, वीस-दुवीसट्ठ वण्णसयं ॥३२॥**

**શબ્દાર્થ :**

**इअ** = એ પ્રકારે, **सत्तट्ठी** = સડસઠ, **बंधोदए** = બંધ અને ઉદયમાં, **न** = ન, **य** = અને, **सम्म-मीसया** = સમ્યક્ અને મિશ્ર, **बंधे** = બંધમાં, **बंधुदए** = બંધમાં અને ઉદયમાં, **सत्ताए** = સત્તામાં, **वीस-दु-वीसट्ठ-वन्न सयं** = એકસો વીશ, એકસો બાવીશ, અને એકસો અઠ્ઠાવન પ્રકૃતિઓ જાણવી ॥૩૨॥

**ગાથાર્થ :**

**(તો-) એ પ્રમાણે સડસઠ પ્રકૃતિઓ બંધ, ઉદય અને ઉદીરણામાં હોય. સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય બંધમાં ન જ હોય. એટલે- બંધ, ઉદય, અને સત્તામાં અનુક્રમે વીશ, બાવીશ અને અઠ્ઠાવન સાથે સો હોય. ॥૩૨॥**

એમ એકસો ત્રણમાંથી એ ૩૬ છત્રીસ પ્રકૃતિઓ ઓછી કરીએ, એટલે-નામકર્મની ૬૭ થાય. તે બંધે અને ઉદયે જાણવી.

વળી સમ્યક્ત્વ મોહનીય ૧, મિશ્ર મોહનીય ૨, એ બે બંધે ન હોય, બંધે તો મિથ્યાત્વ જ બાંધે. તે મિથ્યાત્વનાં દળિયા વિશુદ્ધ અને અર્ધવિશુદ્ધ થયાં થકાં સમ્યક્ત્વપણું, અને મિશ્રપણું કહેવાય.

તે માટે મોહનીયની ૨૬, નામકર્મની ૬૭, શેષ છ કર્મની ૨૭, એમ-૧૨૦ પ્રકૃતિ બંધે હોય તથા-

મોહનીયની ૨૮, નામકર્મની ૬૭, શેષ છ કર્મની ૨૭, એમ-૧૨૨ ઉદયે અને ઉદીરણાએ હોય.

અને મોહનીય ૨૮, નામની ૧૦૩, અને શેષ કર્મની ૨૭ એમ-૧૫૮ સત્તાએ જાણવી. ॥૩૨॥

**૫૧ મી ગાથા સુધી ચૌદ પિંડપ્રકૃતિઓના ૬૫ ઉત્તરભેદોના નામો અને વ્યાખ્યાઓ, ગતિઓ, જાતિઓ અને શરીરો**

**निरय-तिरि-नर-सुर-गई, इग-बिअ-तिअ-चउ-पणिंदि-जाईओ ।**
**ओराल-विउव्वा-ऽऽहारग, तेअ-कम्मण पण-सरीरा ॥३३॥**

**શબ્દાર્થ :**

**निरय-तिरि-नर-सुर-गइ** = નારક, તિર્યંચ, મનુષ્ય, અને દેવ ગતિઓ, **इग-बिअ-तिय-चउ-पणिंदि-जाइओ** =

એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, જાતિઓ, **ओराल-विउव्वा-ऽऽहारग-तेअ-कम्मण** = ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, અને કાર્મણ, **पण-सरीरा** = પાંચ શરીરો.

ગાથાર્થ :

**નરક, તિર્યંચ, મનુષ્ય, અને દેવ ગતિઓ, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય અને પંચેન્દ્રિય જાતિઓ ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મ્મણ એ પાંચ શરીરો. ॥૩૩॥**

હવે પિંડપ્રકૃતિના ઉત્તર ભેદનાં નામ અને અર્થ કહે છે

**નરકગતિ નામ ૧** **તિર્યંચગતિ નામ ૨**

**મનુષ્યગતિ નામ ૩** **દેવગતિ નામ ૪**

એ ચાર ગતિ કહીએ "गमनम्=गति," इति वचनात्

એક સ્પર્શનેન્દ્રિયવંત, **એકેન્દ્રિય ૧**

સ્પર્શન-રસનેન્દ્રિયવંત, તે-**બેઇન્દ્રિય ૨**

સ્પર્શન-રસન-ઘ્રાણેન્દ્રિયવંત, તે-**તેઇન્દ્રિય ૩**

સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુવંત, તે-**ચઉરિન્દ્રિય ૪**

સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુ-શ્રોત્રવંત, તે-**પંચેન્દ્રિય ૫**

એ પાંચ **જાતિ નામકર્મ્મ** કહીએ. "जननम्-जातिः"

**ઔદારિકશરીર નામકર્મ ૧, વૈક્રિયશરીર નામકર્મ્મ ૨, આહારકશરીર નામકર્મ્મ ૩, તૈજસશરીર નામકર્મ ૪, કાર્મ્મણશરીર નામકર્મ ૫.**

એ પાંચ શરીર **નામકર્મ્મ** કહીએ. "शीर्यते, तच्छीरीरम्" इति व्युत्पत्तेः ।

પ્રતિક્ષણે પુદ્ગલને ઉપચયે, અપચયે કરીને વધે, ઘટે, તે-**શરીર** કહીએ.

**ઉદાર** એટલે પ્રધાન-ઉત્તમ-તે-સર્વ શરીર થકી ઉત્તમ, **તીર્થંકર** ગણધરની અપેક્ષાએ. તે **ઔદારિક** તથા ઉદાર-મોટું, **સહસ્ર યોજન** માટે તે **ઔદારિક શરીર સર્વ તિર્યંચ, મનુષ્યને** હોય ૧ તથા-

| | | | |
|---|---|---|---|
| એક, | અનેક, | નાનું, | મોટું, |
| ખેચર, | ભૂચર, | દશ્ય, | અદશ્ય. |

**ઈત્યાદિ**-વિવિધ ક્રિયાએ ઊપન્યું, તે-**વૈક્રિય શરીર** કહીએ. તે-બે ભેદે હોય-

**ભવપ્રત્યયિક**-દેવતા, **નારકીને** હોય ૧

અને **લબ્ધિપ્રત્યયિક-મનુષ્ય**, તિર્યંચને હોય. ૨.

તથા **ચૌદપૂર્વી સાધુ**, તીર્થંકરની ઋદ્ધિ દેખવા તથા **સંશય** ટાળવા નિમિત્તે, ઉત્તમ પુદ્ગલ આહરી-લઈને (**મુંઢા હસ્ત** પ્રમાણ) શરીર કરે, તે-**આહારક શરીર** કહીએ.

તે-સ્ફટિક પરે અતિ નિર્મ્મળ કોઈક-દેખે, કોઈક ન દેખે, એવું હોય. ૩

તથા, તેજના પુદ્ગલથી નિષ્પન્ન, તે **તૈજસશરીર** કહીએ. જે-અદશ્ય છતું ભુક્ત આહારને પચાવે, વળી લબ્ધિવંત **તેજોલેશ્યા** મૂકે, તેનો હેતુ હોય. ૪.

કર્મ્મ પુદ્ગલથી નીપન્યું. તે-**કાર્મ્મણશરીર**.

જેના ઉદય થકી જીવ કર્મ્મપુદ્ગલ ગ્રહીને, તે **રૂપપણે** પરિણમાવે છે. તે-**તૈજસ કાર્મ્મણ** શરીર સહિત જીવ પરભવે જાય છે. પણ **કર્મ્મવર્ગણા** અતિ સૂક્ષ્મ છે, માટે કોઈ દેખે નહીં. ૫.

**એ પાંચ શરીરનું સ્વરૂપ જાણવું ॥૩૩॥**

## અંગો, ઉપાંગો, અને અંગોપાંગો.

**बाहूरु-पिट्ठि-सिर-उर, उयरंग-उवंग-अंगुली-पमुहा ।**
**सेसा अंगोवंगा, पढम-तणुतिगस्सुवंगाणि ॥३४॥**

**શબ્દાર્થ :**

**बाहू** = ભુજા, **उरु** = સાથળ, **पिट्ठि** = પીઠ, **सिर** = માથું, **उर** = હૈયું-હૃદય, **उयर** = ઉદર-પેટ, **अंग** = આઠ અંગો, **उवंग** = ઉપાંગો, **अंगुली-पमुहा** = આંગળી વગેરે, **सेसा** = બાકીના, **अंगोवंगा** = અંગોપાંગો, **पढम-तणु-तिगस्स** = પ્રથમનાં ત્રણ શરીરને, **उवंगाणि** = ઉપાંગ (આદિ) હોય. ૩૪.

**ગાથાર્થ :**

**હાથ, સાથળ, પીઠ, માથું, છાતી, પેટ, અંગો, આંગળી વિગેરે ઉપાંગો, અને બાકીના અંગોપાંગો (સમજવા). પહેલા ત્રણ શરીરને ઉપાંગો (વિગેરે) હોય છે. ૩૪**

બે બાહુ તે-ભુજા ૨, બે ઉરુ તે-સાથળ ૪
પૃષ્ટિ તે-વાંસો ૫, શિર તે-મસ્તક ૬,
ઉર તે-હૃદય ૭, ઉદર તે-પેટ ૮,
શરીરને વિષે એ આઠ અંગ કહીએ.

તે અંગને વિષે આંગળી પ્રમુખ તે-ઉપાંગ કહીએ.

અને તે ઉપાંગને વિષે શેષ જે-પર્વ, રેખા, નખ, રોમાદિક, તે-અંગોપાંગ કહીએ.

એ ઉપાંગ તે પ્રથમ ત્રણ શરીરને જ હોય-

ઔદારિકાંગોપાંગ ૧, વૈક્રિયાંગોપાંગ ૨, અને આહારકાંગોપાંગ ૩.

તૈજસ, કાર્મ્મણ, તો જીવપ્રદેશના સંસ્થાને છે, અદૃશ્ય છે તે માટે-તેને અંગ-ઉપાંગ ન હોય. ॥૩૪॥

પાંચ બંધનનું સ્વરૂપ :

**उरला-ऽऽइ-पुग्गलाणं, निबद्ध-बज्झंतयाण संबंधं ।**
**जं कुणइजउ-समं तं बंधणमुरलाऽऽइ-तणुनामा**
**( उरलाइ बंधणं नेयं ) ॥३५॥**

શબ્દાર્થ :

**उरला-ऽऽइ-पुग्गलाणं** = ઔદારિકાદિ પુદ્ગલને, **निबद्ध-बज्झंतयाण** = પૂર્વે બાંધેલા અને બંધાતાનો, **संबंधं** = મેલાપ, **जं** = જે, **कुणइ** = કરે, **जउ-समं** = લાખ-રાળ-સરખું, **तं** = તે, **बंधणं** = બંધન નામકર્મ્મ, **उरलाऽऽइ-तणु-नामा** = ઔદારિક આદિ પાંચ શરીરને નામે. ૩૫

ગાથાર્થ :

જે બંધાયેલા અને બંધાતા ઔદારિકાદિક પુદ્ગલોનો લાખની માફક-સંબંધ કરે, તે બંધન-નામકર્મ્મ ઔદારિકાદિ શરીરને નામે હોય છે. ૩૫.

ઔદારિકાદિક શરીરના પુદ્ગલ-પૂર્વે બાંધેલા અને નવા બંધાતા તેનો સમ્યક્ પ્રકારે બંધ કરે છે, જઉ કહેતાં લાખની પરે, એટલે જેમ-લાખ બે કાષ્ઠનો સંબંધ કરે-એકી ભાવ કરે, તેમ-ગૃહીત અને ગૃહ્યમાણ પુદ્ગલને એક કરે તે બંધન નામકર્મ્મ કહીએ.

તે ઔદારિકાદિક શરીરને નામે પાંચ ભેદે છે.

| | |
|---|---|
| **ઔદારિક બંધન ૧** | **તૈજસ બંધન ૪** |
| **વૈક્રિય બંધન ૨** | **કાર્મ્મણ બંધન ૫** |
| **આહારક બંધન ૩** | |

**આ પાંચ ભેદ ઔદારિક નામ કર્મના જાણવા. ॥૩૫॥**

## પાંચ સંઘાતન

**जं संघायइ उरला-ऽऽइ-पुग्गले ( ति ) तणगणं व दंता-ऽऽली ।**
**तं संघायं बंधणमिव, तणु-नामेण पंच-विहं ॥३६॥**

### શબ્દાર્થ :

**जं** = જે, **संघाइय** = એકઠાં કરે, **उरला-ऽऽइ-पुग्गले** = ઔદારિકાદિક પુદ્ગલોને, **तण-गणं** = તૃણના સમૂહની, **व** = પેઠે, **दंता-ऽऽली** = દંતાલી, ખંપાળી, **तं** = તે, **संघायं** = સંઘાતન નામકર્મ, **बंधणं** = બંધનની, **इव** = પેઠે, **तणु-नामेण** = શરીરના નામે, **पंच-विहं** = પાંચ ભેદે.

### ગાથાર્થ :

**જેમ દંતાલી ઘાસનો સમૂહ એકઠો કરે તેમ ઔદારિકાદિક પુદ્ગલોને એકઠા કરે, તે બંધનની પેઠે શરીરને નામે સંઘાતન નામકર્મ પાંચ પ્રકારે છે. ॥૩૬॥**

જે કર્મ્મ ઔદારિકાદિક ભાવપણે પરિણમ્યા પુદ્ગલ પ્રત્યે સંઘાતે (એકઠા કરે), જેમ તૃણના સમૂહ પ્રત્યે દંતાલી એકઠા કરે, તેમ, તે-**સંઘાતન નામકર્મ્મ** કહીએ.

તે બંધનની પરે શરીરને નામે કરીને તે પાંચ ભેદે છે :-

**ઔદારિક સંઘાતન ૧**
**વૈક્રિય સંઘાતન ૨**
**આહારક સંઘાતન ૩**
**તૈજસ સંઘાતન ૪ અને**
**કાર્મ્મણ સંઘાતન ૫,**

**આ પાંચ ભેદ સંઘાતન નામકર્મના જાણવા. ॥૩૬॥**

## પંદર બંધનનું વર્ણન

**ओराल-विउव्वा-ऽऽहारयाण, सग-तेअ-कम्म-जुत्ताणं ।**
**नव बंधणाणि, इयर-दु-सहियाणं तिन्नि, तेसिं च ॥३७॥**

### શબ્દાર્થ :

**ओराल-विउव्वा-ऽऽहारयाण** = ઔદારિક, વૈક્રિય અને આહારકના, **सग-तेअ-कम्म-जुत्ताणं** = પોતપોતાની સાથે, તૈજસ સાથે, અને કાર્મણ સાથે, **नव बंधणाणि** = નવ બંધનો, **इअर-दु-सहियाणं** = ઈતર-બીજા-બે (તૈજસ-કાર્મણ) સહિત કરતાં, **तिन्नि** = ત્રણ બંધન, **तेसिं** = તે બેનાં, **च** = અને ૩૭.

### ગાથાર્થ :

**ઔદારિક, વૈક્રિય, અને આહારકને પોત-પોતાની, તૈજસ અને કાર્મણની સાથે જોડતાં-નવ, બીજા બે સાથે જોડતાં ત્રણ અને તે બેના ત્રણ બંધનો (થાય છે.) ૩૭**

**ઔદારિક, વૈક્રિય** અને આહારકને પોત-પોતા સાથે તથા તૈજસ સાથે, તથા કાર્મણ સાથે યુક્ત કરતાં, ત્રણ ત્રણ એમ નવ બંધન થાય. તે કેમ ?

| | |
|---|---|
| **ઔદારિક ઔદારિકબંધન ૧** | **વૈક્રિયવૈક્રિય બંધન ૪** |
| **ઔદારિક તૈજસ બંધન ૨** | **વૈક્રિયતૈજસ બંધન ૫** |
| **ઔદારિક કાર્મણ બંધન ૩** | **વૈક્રિય કાર્મણ બંધન ૬** |

**આહારક આહારક બંધન ૭**
**આહારક તૈજસ બંધન ૮**
**આહારક કાર્મણ બંધન ૯**

વળી, તે ત્રણને **તૈજસ, કાર્મણ** એ બેય યુક્ત કરતાં, ત્રણ બંધન થાય.

**ઔદારિક તૈજસ કાર્મણ બંધન ૧૦**
**વૈક્રિય તૈજસ કાર્મણ બંધન ૧૧**
**આહારક તૈજસ કાર્મણ બંધન ૧૨**

અને તૈજસ કાર્મણનાં પરસ્પર ત્રણ બંધન થાય તે-કેમ ?

**તૈજસ તૈજસ બંધન ૧૩**
**તૈજસ કાર્મણ બંધન ૧૪**
**કાર્મ્મણ કાર્મ્મણ બંધન ૧૫**

એ પંદર બંધન જાણવા ॥૩૭॥

### ૭ સંઘયણનું સ્વરૂપ

**संघयणमट्ठि-निचओ, तं छद्धा-वज्ज-रिसह-नारायं।**
**तह रिसह-नारायं, नारायं अद्ध-नारायं ॥३८॥**
**कीलिअ-छेवट्ठं इह-रिसहो पट्टो अ, कीलिआ वज्जं ।**
**उभओ मक्कड-बंधो, नारायं इममुरालंगे ॥३९॥**

**શબ્દાર્થ :**

**संघयणं** = સંઘયણ, **अट्ठि-निचओ** = અસ્થિનો-હાડકાંનો સમૂહ રચના વિશેષ, મજબૂતી, **तं** = તે, **छद्धा** = ૭ પ્રકારે, **वज्ज-रिसह-नारायं** = વજ્રઋષભનારાચ, **रिसह-नारायं** = ઋષભનારાચ, **नारायं** = નારાચ, **अद्ध-नारायं** = અર્દ્ધ-નારાચ, **कीलिअ** = કીલિકા, **छेवट्ठं** = છેવઠ્ઠું, **इह** = અહીંઆ, **रिसहो** = ઋષભ, **पट्टो** = પાટો, **कीलिआ** = ખીલી, **वज्जं** = વજ્ર, **उभओ** = બે પાસે, **मक्कड-बधो** = મર્કટબંધ, **नारायं** = નારાચ, **इम** = એ (સંઘયણ), **उरालंगे** = ઔદારિક શરીરમાં હોય. ૩૮-૩૯.

ગાથાર્થ :

**સંઘયણ એટલે હાડકાની મજબુત ગોઠવણ તે છ પ્રકારે છે :- વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા, છેવટ્ઠું, અહીં-ઋષભ એટલે પાટો, વજ્ર એટલે કીલિકા-ખીલી. નારાચ એટલે બન્ને ય તરફ મર્કટબંધ (સમજવા) આ (સંઘયણો) ઔદારિક શરીરમાં હોય છે, ૩૯.**

**હવે સંઘયણ કહે છે :-**

અસ્થિ-હાડનો નિચય-રચના વિશેષઃ- અર્થાત્ શરીરના હાડનું દઢપણું, તે-**સંઘયણ** કહીએ.

તે-**સંઘયણ** છ ભેદે છે, તે કહે છે :-

હાડની સંધિ, નારાચ=તે મર્કટબંધ, તે ઉપરે ઋષભ, તે-હાડનો પાટો, તે ઉપર તે ત્રણેયને ભેદે (વિંધે) એવો વજ્ર, તે-ખીલો, એ ત્રણે ય યુક્ત હોય, તે **વજ્રઋષભનારાચ સંઘયણ** કહીએ ૧.

તેમ-નારાચ; તે=મર્કટબંધ, તે ઉપર-ઋષભ તે=પાટો; હોય, પણ ખીલી ન હોય તે-**ઋષભનારાચ સંઘયણ** ૨.

કેવળ મર્કટબંધ જ હોય, પણ પાટો અને ખીલી ન હોય, તે-**નારાચ** ૩.

એક પાસે મર્કટબંધ હોય, બીજે છેડે પાધરું હાડ હોય, તે-**અર્દ્ધનારાચસંઘયણ** ૪. ॥૩૮॥

વચ્ચે ખીલી જ હોય, મર્કટબંધ પણ ન હોય, તે-**કીલિકા સંઘયણ** ૫.

બે પાસે હાડોહાડ અડી રહ્યાં હોય, તે **છેવટ્ઠું સંઘયણ** ૬ ઈહાં સંઘયણ વિષે ઋષભ, તે=પાટો કહીએ, બે હાડ ઉપર વીંટાઈ રહ્યો હોય તે.

અને વજ્ર, તે=ખીલી, બે હાડ અને બે પાટાને ભેદીને રહે એવી, અને બે પાસે મર્કટબંધ હોય, તે-**નારાચ** કહીએ.

જેમ મર્કટ તે-વાનરનું બાળક, માતાને હૈયે વળગી રહે, તે-**મર્કટબંધ.**

એ **સંઘયણ** તે-**ઔદારિક** શરીરને વિષે જ હોય, **વૈક્રિય** અને **આહારક** શરીરે ન હોય.

ગર્ભજ તિર્યંચ અને મનુષ્યને **૭ સંઘયણ** હોય, અને વિકલેન્દ્રિયને **છેવટ્ઠું સંઘયણ** જ હોય, અને એકેન્દ્રિય અસંઘયણી હોય. ॥૩૯॥

### ૭ સંસ્થાન અને પાંચ વર્ણ

**सम-चउरंसं निग्गोह-साइ-खुज्जाइ वामणं हूंडं ।**
**संठाणा, वण्णा-किण्ह-नील-लोहिय-हलिद्द-सिया ॥४०॥**

**શબ્દાર્થ :**

**समचउरंसं** = સમચતુરસ્ર, **निग्गोह-साइ-खुज्जाइ** = ન્યગ્રોધ-પરિમંડળ, સાદિ, કુબ્જ, **वामणं** = વામન, **हुंडं** = હુંડક, **संठाणा** = સંસ્થાનો, **वण्णा** = વર્ણો, **किण्ह-नील-लोहिय-हलिद्द-सिया** = કાળો, લીલો, લાલ, પીળો અને ધોળો એ સર્વ. ॥૪૦॥

**ગાથાર્થ :**

**સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડળ, સાદિ કુબ્જ, વામન અને હુંડક**

**સંસ્થાનો છે. કાળો, લીલો, લાલ, પીળો, અને ધોળો એ પાંચ વર્ણો** (રંગો) છે. ॥૪૦॥

**હવે સંસ્થાન કહે છે -**

શરીરનો આકાર તે-**સંસ્થાન** કહીએ.

ત્યાં-**પર્યંકાસને**-બે ઢીંચણનું અંતર ૧.

જમણા ખભા અને ડાબા ઢીંચણનું અંતર ૨.

ડાબા ખભા અને જમણા ઢીંચણનું અંતર ૩.

પલાંઠીના મધ્ય અને નિલાડનું અંતર ૪.

એ ચારે હાંસે સરખું અને સર્વાંગે સુંદર હોય, તે-**સમચતુરસ્ર સંસ્થાન** કહીએ. ૧.

નાભિ ઉપર સંપૂર્ણ સુંદર અવયવ હોય, અને હેઠે હીનાધિક હોય તે-**ન્યગ્રોધ પરિમંડળ** ૨.

નાભિથી નીચે સંપૂર્ણ અવયવ હોય, અને ઉપર હીનાધિક હોય તે-**સાદિ** ૩.

હાથ, પગ, મસ્તક, અને ગ્રીવા (ડોક), સુલક્ષણ હોય, અને હૃદય, પેટ, લક્ષણ હીન હોય, તે-**કુબ્જ** ૪.

હૃદય તથા પેટ સુલક્ષણ અને હાથ, પગ, શિર અને ગ્રીવા કુલક્ષણ હોય, તે-**વામન** ૫.

સર્વ અંગોપાંગે કુલક્ષણ-હીનાધિક હોય, તે-**હુંડક સંસ્થાન** ૬.

તેમાં-દેવતા સર્વને-**સમચતુરસ્ર સંસ્થાન** હોય, ગર્ભજ-તિર્યંચ, તથા મનુષ્યને **છ સંસ્થાન** હોય, શેષ સર્વ જીવને હુંડક **સંસ્થાન** હોય.

**એ છ સંસ્થાન કહ્યાં.**

**હવે વર્ણ પાંચ કહે છે :-**

| | |
|---|---|
| કૃષ્ણવર્ણ-કાજળ જેવો ૧ | **પીળો**-હળદર જેવો ૪ |
| **નીલો**-પોપટની પાંખ જેવો ૨ | **શ્વેત=ધોળો**-શંખ જેવો ૫ |
| **રાતો**-મજીઠ જેવો ૩ | ॥૪૦॥ |

**બે ગંધ, પાંચ રસ, અને આઠ સ્પર્શ**

**सुरहि-दुरही रसा पण, तित्त-कडु-कसाय-अंबिला-महुरा ।**
**फासा-गुरु-लहु-मिउ-खर-सी-उण्ह-सिणिद्ध-रुक्खट्ठा ।४१।**

**શબ્દાર્થ :**

**सुरहि-दुरहि**= સુરભિગંધ અને દુરભિગંધ, **रसा** = રસો, **पण** = પાંચ, **तित्त-कडु-कसाय-अंबिला**= તિક્ત-કડવો, કટુ-તીખો, કષાયેલો-તૂરો, ખાટો, **महुरा** = મધુર, **फासा** = સ્પર્શ, **गुरु-लहु-मिउ-खर-सीउण्ह-सिणिद्ध-रुक्खट्ठा** = ભારે, હળવો, સુંવાળો, ખડબચડો, ઠંડો, ઉનો, ચીકણો, લુખો, આઠ. ૪૧.

**ગાથાર્થ :**

**સુગંધ અને દુર્ગંધ (ગંધ બે પ્રકારે જાણવી), કડવો, તીખો, તુરો, ખાટો, અને મીઠો એ પાંચ રસો, ભારે, હલકો, કોમળ, ખડબચડો, ઠંડો, ઉનો, ચીકણો, લુખો એ આઠ સ્પર્શો છે. ॥૪૧॥**

| | |
|---|---|
| **સુગંધ**-કસ્તુરી જેવો ૧ | **દુર્ગંધ**-લસણ જેવો ૨ |

**હવે, પાંચ રસ કહે છે :-**

| | |
|---|---|
| **તિક્તરસ**-નિંબવત્ ૧ | **આમ્લ**-ખાટો રસ-આંબલી પ્રમુખ જેવો ૪. |
| **કટુરસ**-સુંઠ, મરી, જેવો ૨, | |
| **કષાયરસ**-ત્રિફળાદિક જેવો ૩ | **મધુર**-મીઠો રસ-શર્કરાદિક જેવો ૫ |

હવે, સ્પર્શ ૮ કહે છે :-

(૧) ભારે સ્પર્શ-લોહાદિક જેવો ૧

(૨) લઘુ સ્પર્શ-અર્કતૂલાદિ જેવો ૨

(૩) મૃદુ સ્પર્શ-નવનીત (માખણ) જેવો ૩

(૪) ખર-કર્કશ સ્પર્શ-કરવત જેવો ૪

(૫) શીત-હિમ જેવો ૫.

(૬) ઉષ્ણ-અગ્નિ જેવો

(૭) સ્નિગ્ધ (ચીકણો) તૈલાદિ જેવો ૭

(૮) રુક્ષ (લૂખો) સ્પર્શ - રાખ જેવો ૮

એ ૮ સ્પર્શ. ॥૪૧॥

## શુભ, અશુભ, વર્ણચતુષ્ક

**नील-कसिणं-दु-ग्गंधं, तित्तं कडुअं गुरुं खरं रुक्खं।**
**सीअं च असुहन-नवगं, इक्कारसगं सुभं सेसं ॥४२॥**

### શબ્દાર્થ :

**नील** = લીલો, **कसिणं** = કાળો, **दुग्गंधं** = દુર્ગંધ, **तित्तं** = તિક્ત-કડવો, **कडुअं** = કટુ-તીખો, **गुरुं**= ભારે સ્પર્શ, **खरं** = કર્કશ સ્પર્શ, **रुक्खं** = લુખ્ખો સ્પર્શ, **सीअं** = શીત સ્પર્શ, **अ-सुह-नवगं** = એ નવ અશુભ, **इक्कारसगं** = અગિયાર, **सुभं** = શુભ, **सेसं** = બાકીના ॥૪૨॥

### ગાથાર્થ :

લીલો અને કાળો, દુર્ગંધ, કડવો, તીખો, ભારે, ખરબચડો, લુખો, ઠંડો એ નવ અશુભ છે. બાકીના અગિયાર શુભ છે. ॥૪૨॥

વર્ણાદિ પ્રકૃતિના ૨૦ પેટા ભેદોમાંથી ૯ અશુભ અને ૧૧ શુભ છે.

| | અશુભ-૯ | શુભ-૧૧ |
|---|---|---|
| વર્ણ | નીલ-૧, કાળો-૨, | રક્ત-૧, પીત-૨, શ્વેત-૩ |
| ગંધ | દુર્ગંધ-૩ | સુગંધ-૪ |
| રસ | તિક્ત-૪, કટુ-૫ | કષાય-૫, આમ્લ-૬, મધુર-૭ |
| સ્પર્શ | ગુરુ-૬, કરકસ-૭,<br>રુક્ષ-૮, શીત-૯ | લઘુ-૮, મૃદુ-૯,<br>સ્નિગ્ધ-૧૦, ઉષ્ણ-૧૧ |

એ નવ પ્રકૃતિ અશુભ જાણવી.

શેષ (બાકી) અગિયાર ૧૧ શુભ - ઉત્તમ જાણવી ॥૪૨॥

**चउ-ह-गइ-व्वणुपुव्वी, गइ-पुव्वी-दुगं, तिगं नियाऽऽउजुअं ।**
**पुव्वी उदओ वक्के, सुह-असुह-वसुट्ट-विहग-गई ॥४३॥**

**શબ્દાર્થ :**

**चउह** = ચાર ભેદે, **गइव्व** = ગતિની પેઠે, **अणुपुव्वी** = આનુપૂર્વી, **गइ-पुव्वी-दुगं** = ગતિ અને આનુપૂર્વી મળી દ્વિક, **निआऽऽउ-जुअं** = પોતાના આયુષ્ય સહિત કરતાં, **तिगं** = ત્રિક, **पुव्वी-उदओ** = આનુપૂર્વીનો ઉદય, **वक्के** = વક્રગતિએ, **सुह-असुह-वसुट्ट-विहग-गइ** = શુભ અને અશુભ, વૃષભ અને ઊંટની પેઠે વિહાયોગતિ. ॥૪૩॥

**ગાથાર્થ :**

ગતિની પેઠે આનુપૂર્વી નામકર્મ ચાર પ્રકારે છે. ગતિ અને આનુપૂર્વી બે મળીને દ્વિક અને પોતાનું આયુષ્ય ભેળવીએ, ત્યારે ત્રિક

થાય છે. આનુપૂર્વીનો ઉદય વક્રગતિમાં-વિગ્રહગતિમાં હોય છે. બળદ, અને ઊંટની માફક શુભ અને અશુભ વિહાયોગતિ નામકર્મ છે. ॥૪૩॥

**ચાર ગતિની પરે ચાર આનુપૂર્વી જાણવી.**

| | |
|---|---|
| **નરકાનુપૂર્વી ૧** | **મનુષ્યાનુપૂર્વી ૩** |
| **તિર્યંચાનુપૂર્વી ૨** | **દેવાનુપૂર્વી ૪** |

એ આનુપૂર્વી પોતપોતાની ગતિ સાથે બંધાય, ગતિ સાથે ઉદય આવે-વેદાય, તે માટેજ, જ્યાં દુગં કહ્યું હોય ત્યાં ગતિ અને આનુપૂર્વી કહેવી.

તિગં કહ્યું હોય, તો ત્યાં-

ગતિ ૧, આનુપૂર્વી ૨, આઊખું ૩ એ ત્રણ કહેવા.

આનુપૂર્વીનો ઉદય તે તે ગતિએ જાતાં વાટે (રસ્તામાં) વિગ્રહગતિમાં હોય.

તે-બે, ત્રણ સમયની વિગ્રહ (વક્ર) ગતિએ વર્ત્તતા જીવને બળદની નાથ સરખી-આનુપૂર્વી ઉદય આવીને પોતાની ગતિએ લઈ જાય.

**હવે વિહાયોગતિ બે ભેદે કહે છે :**

**શુભ વિહાયોગતિ ૧, અશુભ વિહાયોગતિ ૨,**

**વૃષભ, ગજ, હંસાદિકની પરે ચાલે, તે-શુભવિહાયો ગતિ ૧.**

**અને ઊંટ, ખર, તીડની પરે ચાલે, તે-અશુભ વિહાયોગતિ ૨.**

**આકાશે ચાલવું, તે-વિહાયોગતિ કહીએ,**

**તે-ત્રસ જીવને હોય ॥૪૩॥**

### આઠ પ્રત્યેક પ્રકૃતિઓ

### પરાઘાત નામકર્મ અને શ્વાસોચ્છ્વાસ નામકર્મનું સ્વરૂપ

**परघाउदया पाणी, परेसिं बलिणंपि होइ दुद्धरिसो ।**
**ऊससण-लद्धि-जुत्तो, हवेइ ऊसास-नाम-वसा ॥४४॥**

**શબ્દાર્થ :**

**परघाउदया** = પરાઘાત નામકર્મના ઉદયથી, **पाणी** = પ્રાણી, **परेसिं** = બીજા, **बलिणं** =બલવંતને, **पि** = પણ, **होइ** = હોય, **दुद्धरिसो** = દુ:ખે જીતવા યોગ્ય, **ऊससण-लद्धि-जुत्तो** = શ્વાસોચ્છ્વાસ લબ્ધિ યુક્ત, **हवइ** = હોય, **ऊसास-नाम-वसा** = શ્વાસોચ્છ્વાસનામકર્મને લીધે. ॥૪૪॥

**ગાથાર્થ :**

**પરાઘાત નામકર્મના ઉદયથી જીવ બળવાનને પણ ભારે પડી જાય છે. શ્વાસોચ્છ્વાસ નામકર્મને લીધે જીવ શ્વાસોચ્છ્વાસ લેવા મુકવાની શક્તિ ધરાવી શકે છે. ॥૪૪॥**

**હવે, આઠ પ્રત્યેક પ્રકૃતિનો અર્થ કહે છે :**

**પરાઘાત** નામકર્મ્મના ઉદયથી પરને-બળિયાને પણ દુર્ધર્ષ-દુ:સહ્ય થાય. મોટી સભાને વિષે ગયો થકો પણ સર્વને ક્ષોભ પમાડે, તે **પરાઘાત નામકર્મ** કહીએ. परान् आहन्ति, पराघातम् १.

**શ્વાસોચ્છ્વાસ** લેવાની લબ્ધિવાળો હોય, **શ્વાસોચ્છ્વાસ** લે, તે **ઉચ્છ્વાસ નામકર્મ**ના ઉદય થકી, તે **પર્યાપ્ત નામકર્મ**ના ઉદયે હોય ૨. ॥૪૪॥

આતપ નામકર્મનું સ્વરૂપ

**रवि-बिंबे उ जीअंगं ताव-जुअं आयवाउ, न उ जलणे ।**
**जमुसिण-फासस्स तहिं लोहिअ-वण्णस्स उदउत्ति ॥४५॥**

**શબ્દાર્થ :**

**रवि-बिंबे** = સૂર્યના બિંબને વિષે, **उ** = નિશ્ચયે, **जीअंगं** = જીવનું અંગ, **ताव-जुअं** = તાપયુક્ત, **आयवाउ** = આતપ નામકર્મના ઉદયથી, **न** = ન, **उ** = પરંતુ, **जलणे** = અગ્નિકાયના શરીરે, **जम्** = કેમકે, **उसिण-फासस्स** = ઉષ્ણ સ્પર્શનો, **तहिं** = તેમાં-અગ્નિના શરીરમાં, **लोहिअ-वण्णस्स** = રાતાવર્ણનો, **उदउ** = ઉદય, **त्ति** = માટે. ॥૪૫॥

**ગાથાર્થ :**

**સૂર્યના બિંબમાંનાજ જીવનું શરીર તાપવાળું લાગે છે, તે આતપનામકર્મના ઉદયથી હોય છે, પરંતુ અગ્નિકાયમાં (તેનો ઉદય) નથી હોતો. કેમકે તેમાં તો ઉષ્ણસ્પર્શ નામકર્મ અને લાલવર્ણ નામકર્મનો ઉદય હોય છે, માટે. ૪૫.**

સૂર્યના બિંબને વિષે **પૃથ્વીકાઈયા પર્યાપ્તા** જીવનું જ શરીર તાપ યુક્ત હોય-પોતે શીતળ છતાં પ્રકાશ કરે, તે-**આતપ-નામકર્મના** ઉદયથી. ૩.

એ ટાળી બીજામાં **આતપનામ** ન હોય, **અગ્નિકાયને** વિષે **આતપનામ** ન હોય.

જે માટે-અગ્નિને વિષે તો ઉષ્ણસ્પર્શનો ઉદય છે, અને લોહિત તે-રાતાવર્ણનો ઉદય છે, તેણે કરીને ઉષ્ણતા અને રાતો પ્રકાશ જણાય છે. ॥૪૫॥

## ઉદ્યોત નામકર્મનું સ્વરૂપ

**अणुसिण-पयास-रुवं, जीअंगमुज्जोअए इहुज्जोआ।**
**जइ-देवुत्तरविक्किअ-जोइस-खज्जोअमाइव्व ॥४६॥**

**શબ્દાર્થ :**

**अणुसिण-पयास-रुवं** = શીત પ્રકાશરૂપ, **जिअंगं** = જીવનું અંગ, **उज्जोअए** = ઉદ્યોત કરે, **इह** = અહીંઆ, **उज्जोआ** = ઉદ્યોત નામકર્મના ઉદયથી, **जइ-देवुत्तर-विक्किय-जोइस-खज्जोअ-माइ** = યતિ અને દેવ વડે કરાયેલ વૈક્રિય અને ઉત્તર વૈક્રિય જ્યોતિષી, ખદ્યોત-ખજુઆ આદિની, **व्व** = પેઠે. ॥૪૬॥

**ગાથાર્થ :**

**આ જગતમાં મુનિ અને દેવ વડે કરાયેલા વૈક્રિય અને ઉત્તર વૈક્રિય શરીર, જ્યોતિષ અને ખજુઆ જેવું જીવોનું શરીર ઉદ્યોત નામકર્મના ઉદયથી ઠંડા પ્રકાશ સ્વરૂપે ચમકે છે. ॥૪૬॥**

ઉષ્ણ નહિ એવા (શીત) પ્રકાશરૂપ જે જીવનું શરીર ઉદ્યોત કરે-દીપે, ઈહાં-લોકને વિષે, તે **ઉદ્યોતનામકર્મ્મ**ના ઉદય થકી.

**યતિનું** અને **દેવતાનું** (વૈક્રિય અને) **ઉત્તર વૈક્રિય** શરીર.

**જ્યોતિષીનાં** વિમાનના (પૃથ્વીકાઈયા જીવો) ખજુઓ-આગીયો (ચૌરેન્દ્રિય જીવ)

આદિ શબ્દથકી - **ઔષધિ, મણિ, રત્નાદિક**

એહને વિષે **ઉદ્યોત નામનો** ઉદય હોય, તેની પેઠે.

**તેઉ-વાયુમાં** ન હોય. ૪

## અગુરુલઘુ અને તીર્થંકર નામકર્મ

**अंगं न गुरु न लहुअं, जायइ जीवस्स अ-गुरु-लहु-उदया ।**
**तित्थेण तिहुअणस्स वि, पुज्जो, से उदओ केवलिणो ।४७।**

**શબ્દાર્થ :**

**अंगं** = શરીર, **न गुरु** = ભારે પણ નહિ, **न लहुअं** = હળવું પણ નહિ, **जायइ** = હોય-થાય છે, **जीवस्स** = જીવોને, **अ-गुरु-लहु-उदया** = અગુરુલઘુનામકર્મના ઉદયથી, **तित्थेण** = તીર્થંકર નામકર્મના ઉદયથી, **तिहुअणस्सवि** = ત્રણ ભુવનને પણ, **पुज्जो** = પૂજ્ય, **से** = તેનો, **उदओ** = ઉદય, **केवलिणो** = કેવલજ્ઞાનીને ॥૪૭॥

**ગાથાર્થ :**

**અગુરુલઘુ નામકર્મના ઉદયથી જીવનું શરીર ભારેય ન થાય, અને હળવું પણ ન થાય. તીર્થંકર નામકર્મના ઉદયથી ત્રણે ભુવનને પૂજ્ય થાય. તેનો ઉદય શ્રી કેવળજ્ઞાની ભગવંતોને હોય છે. ॥૪૭॥**

જે જીવનું શરીર અત્યંત ગુરુ-(ભારે) ન હોય, અત્યંત લઘુ-હળવું પણ ન હોય, સમ શરીર હોય તે અગુરુલઘુ નામકર્મ્મના ઉદય થકી. ૫

તીર્થંકર નામકર્મ્મને ઉદયે કરીને ત્રિભુવનવાસી દેવ, દાનવ, માનવને પણ પૂજનીય હોય.

તે તીર્થંકર નામનો ઉદય કેવલજ્ઞાન ઉપન્યે જ થાય, છદ્મસ્થને ન હોય.

પણ જેણે પૂર્વે તીર્થંકર નામકર્મ બાંધ્યું હોય, એવા કેવલીને હોય, પણ સર્વ કેવલીને ન હોય. ૬ ॥૪૭॥

## નિર્માણ અને ઉપઘાત નામકર્મ

**अंगोवंग-नियमणं, निम्माणं कुणइ सुत्त-हार-समं ।**
**उवघाया उवहम्मइ, स-तणुवयव-लंबिगा-ऽऽईहिं ।४८।**

### શબ્દાર્થ :

**अंगोवंग-निअमणं** = અંગોપાંગનું નિયમિતપણું, **निम्माणं** = નિર્માણ નામકર્મ, **कुणइ** = કરે, **सुत्तहार-समं** = સુથાર સરખું, **उवघाया** = ઉપઘાત નામકર્મના ઉદયથી, **उवहम्मइ** = હણાય-નાશ પામે, **स-तणु-वयव-लंबिगा-ऽऽइहिं** = પોતાના શરીરના અવયવો જે, પડઝીભી આદિ વડે. ॥૪૮॥

### ગાથાર્થ :

નિર્માણ નામકર્મ સુથારની પેઠે અંગોપાંગોની જ્યાં જ્યાં જોઈએ, ત્યાં ત્યાં બરાબર ગોઠવણ કરે છે. ઉપઘાત નામકર્મના ઉદયથી પોતાના શરીરના જ પડજીભી વિગેરે અવયવો વડે કરીને જીવ દુઃખી થાય છે. ॥૪૮॥

ઉપઘાત નામકર્મના ઉદય થકી જીવ પોતાના શરીર(ના) અવયવ અધિકા ઓછા, લંબિકા-પડજીભી, રસોળી, મસા, હરસ, ચોરદંત, ષડંગુલી, પ્રમુખે કરીને હણાય, દુઃખ પામે ૮. ॥૪૮॥

## ત્રસદશક

### ત્રસ, બાદર અને પર્યાપ્ત નામકર્મ

**बि-ति-चउ-पणिंदिअ तसा, बायरओ बायरा जीया थूला ।**
**निय-निय-पज्जत्तिजुआ, पज्जत्ता लद्धि-करणेहिं ॥४९॥**

**શબ્દાર્થ :**

**बि-ति-चउ-पणिंदिअ** = બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરિન્દ્રિય, પંચેન્દ્રિય, **तसा** = ત્રસ નામકર્મના ઉદયથી, **बायरओ** = બાદર નામકર્મના ઉદયથી, **बायरा** = બાદર, **जीआ** = જીવો, **थूला** = સ્થૂલ-મોટા, **निअ-निअ-पज्ज-त्ति-जूआ** = પોતપોતાની પર્યાપ્તિએ યુક્ત-સહિત, **पज्जत्ता** = પર્યાપ્ત નામકર્મના ઉદયથી, **लद्धि-करणेहिं** = લબ્ધિએ અને કરણે કરી. ॥૪૯॥

**ગાથાર્થ :**

**ત્રસ નામકર્મના ઉદયથી બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય થાય છે. બાદર નામકર્મથી જીવો બાદર એટલે સ્થૂલ થાય છે. પર્યાપ્ત નામકર્મના ઉદયથી જીવો લબ્ધિ અને કરણ વડે કરીને પોતપોતાની પર્યાપ્તિઓવાળા થઈ શકે છે. ॥૪૯॥**

**હવે ત્રસદશકનો અર્થ કહે છે :**

**ત્રસ નામકર્મના ઉદયથી બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિયપણું પામે, તે ત્રસ કહીએ. ૧**

**બાદર નામકર્મના ઉદયથી બાદરપણું પામે.**

એક તથા અનેક તથા અનંતાજીવનાં સંખ્યાતાં અસંખ્યાતાં પણ શરીર ભેળાં મળ્યાં થકાં પણ નજરે દીસે તે બાદર કહીએ ૨.

જે જીવને જેટલી **પર્યાપ્તિ** હોય, તેટલી આપ આપણી પર્યાપ્તિયુક્ત-સહિત હોય. તે **પર્યાપ્ત નામકર્મનો** ઉદય કહીએ. ૩.

**તે પર્યાપ્તા બે ભેદે**

**લબ્ધિ પર્યાપ્તા ૧ અને કરણ પર્યાપ્તા ૨**

## લબ્ધિ અને કરણ પર્યાપ્તનું સ્વરૂપ

**पर्याप्तिस्वरूपं यथा-**

**आहार-सरीर-इंदिअ पज्जत्ती आण-पाण-भास मणे ।**
**चउ-पंच-पंच-छप्पिअ इग-विगला-ऽसन्नि-सन्नीणं ॥१॥**

જેણે કરીને આહાર લીધો થકો રસ ખલાદિપણે પરિણમાવે, તે **આહાર પર્યાપ્તિ ૧.**

તે આહારને રુધિર, માંસાદિક, સપ્ત ધાતુરૂપ શરીરપણે પરિણમાવે, તે-**શરીર પર્યાપ્તિ ૨.**

તે આહાર ધાતુપણે થઈને ઇન્દ્રિયપણે પરિણમાવે, તે-**ઇન્દ્રિય પર્યાપ્તિ ૩.**

જે વડે શ્વાસોચ્છ્વાસ યોગ્ય વર્ગણા ગ્રહીને, તે પુદ્ગલ શ્વાસોચ્છ્વાસપણે પરિણમાવી મૂકે, તે-**શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ ૪.**

તેમજ વળી, ભાષાવર્ગણા યોગ્ય વર્ગણા દ્રવ્ય ગ્રહી, તેને વચનપણે પરિણમાવી, મૂકે તે-**ભાષા પર્યાપ્તિ ૫.**

વળી, જે વડે **મન** યોગ્ય વર્ગણાનાં દલિયાં ગ્રહણ કરી, તેને મન પણે પરિણમાવી, મૂકે, તે-**મનઃપર્યાપ્તિ ૬.**

એ અનુક્રમે-એકેન્દ્રિયને-ચ્યાર, વિકેન્દ્રિયને-પાંચ, અસંજ્ઞિપંચેન્દ્રિયને-પાંચ અને સંજ્ઞિ પંચેન્દ્રિયને = છ પર્યાપ્તિ હોય. उक्तं च-

**उरल-विउव्वाऽऽहारे छण्हवि पज्जत्ति-जुगवमारंभो ।**
**तिण्हं पढमिग-समए, बीआ अंतोमुहुत्तिआ हवइ ॥१॥**
**पिहु पिहु अ-संख-समइअ अंतमुहुत्ता उरालि चउरावि ।**
**पिहु पिहु समया चउरो, हुंति वेउव्वि आहारे ॥२॥**

**छण्हवि सममारंभो पढमा समएण अंतमुहु बीआ ।**
**ति तुरिअ समए समए सुरेसु पण छट्ठी इग-समए ॥३॥**
**सो लद्धि-पज्जत्तो जो मरइ पूरिउं स-पज्जत्ती ।**
**लद्धि-अ-पज्जत्तो पुण-जो मरइ ता अपूरित्ता ॥४॥**
**न जइवि पूरेइ परं पूरिस्सइ स इह करण-अपज्जत्तो ।**
**सो पुण करण-पज्जत्तो जेण ता पूरिआ हुंति ॥५॥**

ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણે ય શરીરો છયે ય પર્યાપ્તિઓ એકી સાથે શરૂ કરે અને ત્રણે ય શરીરોની પહેલી એક સમયમાં, અને બીજી અંતર્મુહૂર્તમાં પૂરી કરે ૧.

ઔદારિક શરીરમાં બાકીની ચારેય જુદી જુદી અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે.

વૈક્રિય અને આહારકમાં-ચાર એક એક સમયની હોય છે. ૨

છયેયનો આરંભ સાથે હોય છે, પરંતુ પહેલી એક સમયમાં પૂરી થાય છે. અને દેવોમાં બીજી અંતર્મુહૂર્તમાં પૂરી થાય છે. ત્રીજી અને ચોથી સમયે સમયે અને પાંચમી છઠ્ઠી એક સમયમાં પૂરી થાય છે. ૩

પોતાની પર્યાપ્તિઓ પૂરી કરીને જે મરે, તે-**લબ્ધિ પર્યાપ્તો** અને તેને પૂરી કર્યા વિના મરે, તે-**લબ્ધિ અપર્યાપ્તો** ૪.

જો કે પૂરી કરી ન હોય, પરંતુ પૂરી કરવાનો જ હોય, તેને અહીં **કરણ અપર્યાપ્ત** કહેવામાં આવે છે. અને જેણે પૂરી કરી લીધી હોય, તે-**કરણ પર્યાપ્ત** કહેવામાં આવે છે. ૫

સર્વ જીવ સર્વ પર્યાપ્તિ સામટી (એક સાથે) પ્રારંભ કરવા માંડે-જેમ, છ જણી કાંતનારી સાથે કાંતવા બેઠી હોય, તેમાં જે

જાડું કાંતે, તે-કોકડું વહેલું પૂર્ણ કરે, અને ઝીણું કાંતે તે-કોકડું મોડું પૂર્ણ કરે, તેમ-આ પર્યાપ્તિઓ આરંભે સાથે અને પૂરી અનુક્રમે કરે ત્યાં-

**ઔદારિકશરીરી પહેલી પર્યાપ્તિ** એક સમયે પૂરી કરે, તે વાર પછી અંતર્મુહૂર્તે, **બીજી પર્યાપ્તિ** પૂરી કરે.

તે વાર પછી ત્રીજી અંતર્મુહૂર્તે, એમ **ચોથી, પાંચમી, છટ્ટી** દરેક અંતર્મુહૂર્તે પૂરી કરે.

**વૈક્રિય અને આહારક શરીરી-**

**પહેલી** એક સમયે પૂરી કરે,

તે વાર પછી અંતર્મુહૂર્તે બીજી પર્યાપ્તિ પૂરી કરે.

તે વાર પછી ત્રીજી, **ચોથી, પાંચમી, છટ્ટી,** એકેક સમયે પૂરી કરે.

દેવતા **પાંચમી, છટ્ટી** બે એક સમયે પૂરી કરે.

જેને જેટલી **પર્યાપ્તિ** કહી છે તેટલી પૂરી કરીને મરશે, તે-**લબ્ધિપર્યાપ્તો ૧.**

અને જે હજી અધુરી **પર્યાપ્તિએ** મરશે, તે-**લબ્ધિઅપર્યાપ્તો ૨.**

અને જે હજી **અપર્યાપ્તો** છે, પણ પર્યાપ્તો થશે, તે-**કરણ અપર્યાપ્તો ૩.**

અને જેણે સર્વ **પર્યાપ્તિ** પૂરી કરી છે, તે-**કરણ પર્યાપ્તો** કહીએ ૪. ॥૪૯॥

### પ્રત્યેક, સ્થિર, શુભ અને સૌભાગ્ય નામકર્મ

**पत्तेअतणू पत्ते उदएणं दंत-अट्ठिमाइ थिरं ।**
**नाभुवरि सिराइ सुहं, सुभगाओ सव्व-जण-इट्ठो ॥५०॥**

શબ્દાર્થ :

**पत्तेअ-तणू** = પ્રત્યેક - જૂદા શરીરવાળો, **पत्ते** = પ્રત્યેક નામકર્મના, **उदएणं** = ઉદયે કરી, **दंत** = દાંત, **अट्ठिमाइ** = અસ્થિ-હાડકાં આદિ, **थिरं** = સ્થિર, **नाभुवरि** = નાભિ ઉપર, **सिराइ** = મસ્તક આદિ, **सुहं** = શુભ નામકર્મના ઉદયથી, **सुभगाओ** = સૌભાગ્ય નામકર્મના ઉદયથી, **सव्व-जण-इट्ठो** = સર્વજનને ઇષ્ટ-વલ્લભ-વ્હાલો. ॥૫૦॥

ગાથાર્થ :

**પ્રત્યેક નામકર્મના ઉદયથી (જીવ) પ્રત્યેક શરીરવાળો થાય. દાંત, હાડકાં વિગેરે સ્થિર થાય. દુંટી ઉપરના માથું વગેરે શુભ ગણાય.સૌભાગ્ય નામકર્મના ઉદયથી દરેકને વ્હાલો લાગે. ॥૫૦॥**

**પ્રત્યેક** :- તે-જીવ પ્રતે જુદું જુદું શરીર હોય, તે-**પ્રત્યેક નામકર્મ્મ**ને ઉદયે ૪.

શરીરને વિષે દાંત, અસ્થિ પ્રમુખ સ્થિર (અડગ) અવયવો હોય, તે-**સ્થિર** નામનો ઉદય ૫.

નાભિ ઉપરના મસ્તકાદિક શુભ-શ્રેષ્ઠ અવયવ હોય, (જેના સ્પર્શવડે કોઈને અપ્રીતિ ન થાય) તે **શુભ** નામનો ઉદય ૬.

સુભગ નામના ઉદય થકી સર્વ જનને ઇષ્ટ-વલ્લભ-સોભાગી હોય ૭. ॥૫૦॥

## સુસ્વર, આદેય, અને યશ નામકર્મ

**सुसरा महुर-सुह-झुणी, आइज्जा सव्व-लोअ-गिज्झ-वओ ।**
**जसओ जस-कित्तीओ, थावर-दसगं विवज्जत्थं ॥५१॥**

**શબ્દાર્થ :**

**सुसरा** = સુસ્વર નામકર્મના ઉદયથી, **महुर-सुह-झुणी** = મીઠા અને સુખદાઈ, ધ્વનિ-સ્વરવાળો, **आइज्जा** = આદેય નામકર્મના ઉદયથી, **सव्व-लोअ-गिज्झ-वओ** = સર્વ લોકને ગ્રહણ કરવા યોગ્ય વચનવાળો, **जसओ** = યશ નામકર્મના ઉદયથી, **जस-कित्तीओ** = યશ અને કીર્તિવાળો, **थावर-दसगं** = સ્થાવરદશક, **विवज्जत्थं** = વિપરીતાર્થવાળું. ।।૫૧।।

**ગાથાર્થ :**

**સુસ્વર નામકર્મના ઉદયથી મીઠા અને સુખકર અવાજવાળો થાય. આદેય નામકર્મના ઉદયથી દરેક માણસોને માન્ય વચનવાળો થાય. યશ નામકર્મના ઉદયથી યશ અને કીર્તિ થાય. સ્થાવરદશક વિપરીત અર્થમાં સમજવું. ।।૫૧।।**

**સુસ્વર નામકર્મ**ના ઉદય થકી મધુર અને સર્વને સુખદાયી-ધ્વનિ-સ્વર હોય, કોકિલની પેરે. ૮

**આદેય નામકર્મ્મ**ના ઉદય થકી સર્વ લોકને ગ્રાહ્ય વચન હોય-તેનું વચન લોક માને. ૯

**યશ નામકર્મ્મ**ના ઉદય થકી યશ, કીર્તિ ઘણી હોય.

**दान-पुण्य-कृता कीर्तिः पराक्रम- कृतं यशः ।**
**एक-दिग्गामिनी कीर्तिः सर्व-दिग्गामुकं यशः ।।१।।**

**એ-ત્રસ દશકા**નો અર્થ કહ્યો.

હવે, **સ્થાવરદશકા**નો અર્થ ત્રસદશકથી વિપરીત કહેવો :- તે આ પ્રમાણે-

**સ્થાવર** તે **એકેન્દ્રિય** કહીએ. સ્થિર રહે, તે માટે-**સ્થાવર.**
अत्राह कश्चित्-

**તેજો**, વાયુ તો ગમનશીલ છે. તેને **સ્થાવર** કેમ કહીએ ?

तत्रोत्तरम्-

એ તો-**ગતિત્રસ** છે. સ્વભાવે તથા પરપ્રેરણાએ ચાલે છે, પણ પોતાની ઇચ્છાએ ચાલતા નથી, એને **સ્થાવર નામકર્મ્મ**નો ઉદય છે, તે માટે **સ્થાવર** કહીએ. ૧.

અસંખ્યાતા શરીર ભેળાં મળ્યાં થકાં પણ નજરે ન દેખાય, તે-**સૂક્ષ્મનામ** ૨.

**અપર્યાપ્તા** બે ભેદે-**લબ્ધિ** અને **કરણ**.

જે પોતાની **પર્યાપ્તિ** પૂરી નહીં કરે, **અપર્યાપ્તો** જ મરે, તે **લબ્ધિ અપર્યાપ્તો**.

અને, જે હમણાં અપર્યાપ્તો છે, પણ આગળ પર્યાપ્તિ પૂરી કરશે જ, તે-**કરણ અપર્યાપ્તો** કહીએ.

યદ્યપિ આહાર, શરીર, ઇન્દ્રિય એ ત્રણ પર્યાપ્તિ પૂરી કર્યા વિના તો કોઈ જીવ મરે નહીં, ત્રણ પર્યાપ્તિ પૂરી કર્યા વિના પરભવનું આયુઃ ન બંધાય, અને પરભવાયુઃ બાંધ્યા વિના કોઈ મરે નહીં. તોપણ ચોથી **શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ** અધુરીએ પરભવાયુઃ બાંધીને મરે, તે **અપર્યાપ્તો** કહીએ. ૩.

અનંતા જીવનું એકઠું એક શરીર હોય, તો-**સાધારણ** નામનો ઉદય કહીએ. ૪.

કાન, પાંપણ, જીભ, પ્રમુખ અવયવ ડગતા હોય, હાથ, પગની સંધિ શિથિલ હોય તે-**અસ્થિર** નામ કહીએ ૫.

નાભિ, પગ આદિ દઈ અવયવો અશુભ-માઠા હોય, તે-**અશુભ** નામ કહીએ. ૬

સર્વ જનને અનિષ્ટ=અળખામણો-દુર્ભાગી હોય, તે-દુર્ભગ નામ કહીએ. ૭

ખરની પેરે માઠો-ક્રૂર સ્વર હોય તે-દુઃસ્વર નામ કહીએ. ૮

કોઈને ગ્રાહ્ય વચન ન હોય-વચન કોઈ માને નહીં તે-અનાદેય નામ કહીએ. ૯

અપયશ-અપકીર્તિ પામે, તે અયશ નામકર્મ્મનો ઉદય. ૧૦

એ સ્થાવર દશકાનો અર્થ જાણવો.

એટલે, એ-નામકર્મ્મની ૧૦૩ પ્રકૃતિ કહી. ॥૫૧॥

## ગોત્ર અને અન્તરાય કર્મના ભેદ

**गोअं-दुहुच्च-नीअं, कुलाल इव सुघड-भुंभला-ऽऽइअं ।**
**विग्घं दाणे लाभे, भोगुवभोगेसु विरिए अ ॥५२॥**

### શબ્દાર્થ :

**गोअं** = ગોત્ર કર્મ, **दुह** = બે ભેદે, **उच्च-नीअं** = ઉચ્ચ અને નીચ, **कुलाल** = કુંભાર, **इव** = પેઠે, **सुघड-भुंभला-ऽऽइयं** = સારા ઘડા અને મદિરાદિના ઘડા વિગેરે, **विग्घं** = અંતરાય કર્મ, **दाणे** = દાનમાં, **लाभे** = લાભમાં, **भोगे** = ભોગમાં, **उवभोगेसु** = ઉપભોગમાં, **वीरिए** = વીર્યમાં, **अ** = અને ॥૫૨॥

### ગાથાર્થ :

જેમ કુંભાર સારા ઘડા અને ભુંભલા (બનાવે) તેમ-ગોત્ર કર્મ બે પ્રકારે ઉંચ અને નીચ, દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યમાં વિઘ્ન (કરે) છે. ॥૫૨॥

હવે ગોત્રકર્મ કહે છે - તે-ગોત્રકર્મ બે ભેદે છે :-

ઉચ્ચૈર્ગોત્ર ૧ અને નીચૈર્ગોત્ર ૨

**એ ગોત્રકર્મ્મ કુંભાર સરખું છે.**

જેમ કુંભાર સુઘટ, ઘટ-દુગ્ધાદિકનો ઘડો ઘડે, અને ભુંભલ, તે અશુભ મદિરા પ્રમુખનો ઘડો પણ ઘડે, તેમ- ઉચ્ચ, નીચ, ગોત્ર જાણવું.

ઉચ્ચૈર્ગોત્ર આઠ ભેદે છે :- તે કેમ ?

| | | | |
|---|---|---|---|
| **જાતિ વિશિષ્ટતા** | **૧** | **તપ વિશિષ્ટતા** | **૫** |
| **કુળ વિશિષ્ટતા** | **૨** | **શ્રુત વિશિષ્ટતા** | **૬** |
| **બળ વિશિષ્ટતા** | **૩** | **લાભ વિશિષ્ટતા** | **૭** |
| **રૂપ વિશિષ્ટતા** | **૪** | **ઐશ્વર્યવિશિષ્ટતા** | **૮** |

**એ આઠ ભેદ જાણવા.**

અને, **નીચૈર્ગોત્રના** ભેદ એનાથી વિપરીત જાણવા. ૭

હવે **અંતરાય કર્મ્મ** કહે છે :-

જેનો ઉદય થયે છતે, છતે દ્રવ્યે પાત્રયોગે પણ દાન દઈ ન શકે, તે **દાનાંતરાય ૧.**

છતે લાભને યોગેપણ લાભ ન પામે, તે **લાભાંતરાય ૨.**

એકવાર ભોગવવા યોગ્ય અન્ન, ફૂલ, ચંદનાદિક તે-ભોગ કહીએ. તે છતે યોગે પણ ભોગવી ન શકે, તે-**ભોગાંતરાય ૩.**

વારંવાર ભોગવવા યોગ્ય જે વસ્ત્ર, ભૂષણ, સ્ત્રી, આદિક, તે-ઉપભોગ કહીએ. તે છતે યોગે પણ ભોગવી ન શકે તે-**ઉપભોગાંતરાય ૪.**

છતી શક્તિએ શરીરે પુષ્ટ નિરોગી થકો ઘણું પરાક્રમ ફોરવી ન શકે-તે **વીર્યાન્તરાય ૫.**

**એ પાંચ ભેદે અંતરાય કર્મ્મ ૮ ॥૫૨॥**

## અંતરાય કર્મનું સ્વરૂપ

**सिरि-हरिय-समं एयं, जह पडिकूलेण तेण रायाई ।**
**न कुणइ दाणाईयं, एवं विग्घेण जीवो वि ॥५३॥**

શબ્દાર્થ :

**सिरि-हरिअ-समं** = શ્રીગૃહી-ભંડારી સરખું, **एअं** = આ, **जह** = જેમ, **पडिकूलेण** = પ્રતિકૂલ હોય તો, **तेण** = તે, **रायाई** = રાજાદિક, **न** = ન, **कुणइ** = કરી શકે, **दाणाईअं** = દાનાદિક, **एवं** = એ પ્રકારે, **विग्घेण** = અંતરાય કર્મે કરી, **जीवो** = જીવ, **वि** = પણ. ॥૫૩॥

ગાથાર્થ :

**એ ભંડારી જેવું છે, જેમ, તે વિરૂદ્ધ હોય, તો રાજા વિગેરે દાનાદિને કરી શકે નહીં, તેમ જીવ પણ અંતરાય કર્મવડે દાનાદિક કરી શકે નહીં. ॥૫૩॥**

**શ્રી**-લક્ષ્મીનું ઘર, તે-ભંડાર, તેનો અધિકારી, તે ભંડારી, તે સરખું **અંતરાય કર્મ્મ** છે.

જેમ-તે ભંડારી પ્રતિકૂળ થકે રાજાદિક દાનાદિક કરવા ઇચ્છે, પણ છતે યોગે તે-દાનાદિક કરી શકે નહીં. એમ-એ દૃષ્ટાંતે વિઘ્ન તે-**અંતરાય કર્મ્મ**, તેહને ઉદયે જીવ પણ છતે યોગે દાનાદિક કરી ન શકે.

એટલે, એ-**અંતરાય કર્મ્મ**ની પાંચ **પ્રકૃતિ** કહી.

એટલે, એ-**આઠે કર્મ્મની ૧૫૮ પ્રકૃતિ** વિવરીને કહી. ॥૫૩॥

### કર્મબંધના કારણો

**पडिणीअत्तण-निण्हव-उवघाय-पओस-अंतराएणं ।**
**अच्चा-ऽऽसायणयाए आवरण-दुगं जिओ जयइ ॥५४॥**

**શબ્દાર્થ :**

**पडिणीअत्तण-निण्हव-उवघाय-पओस-अंतराएणं** = પ્રત્યનીકપણું, ઓળવવું, હણવું, દ્વેષ કરવો અને અંતરાય કરવાથી, **अच्चा-ऽऽसायणयाए** = અત્યંત આશાતના કરવાથી, **आवरण-दुगं** = બે આવરણ (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય) **जिओ** = જીવ, **जयइ** = ઉપાર્જે છે. ૫૪

**ગાથાર્થ :**

**પ્રત્યનીકત્વ, નિહ્નવ, ઉપઘાત, પ્રદ્વેષ અને અંતરાયથી તથા ઘણી આશાતના કરવાથી જીવ બન્ને ય પ્રકારના આવરણ કર્મ બાંધે છે. ૫૪**

આઠ કર્મ્મ બાંધવાના મુખ્ય હેતુ તો -

| | |
|---|---|
| **મિથ્યાત્વ ૧** | **કષાય ૩** |
| **અવિરતિ ૨** | **યોગ ૪ છે.** |

તે-તો **ચોથા** કર્મ્મગ્રંથને વિષે સવિસ્તારપણે કહેશે, તે માટે-ઈહાં સ્થૂળ કહે છે :-

ગુર્વાદિકનો-

**પ્રત્યનીક**-અનિષ્ટ આચરણનો કરણહાર થાય.

નિહ્નવઃ-તે-લાજથકી ગુરૂને ઓળવી, અનેરો ગુરૂ કહે,

ઉપઘાત-તે-ગુર્વાદિકનો ઘાત કરે.

તે ઉપર પ્રદ્વેષ રાખે.

જ્ઞાનાદિક ભણનારને અંતરાય કરે.

જ્ઞાન, દર્શનની અત્યંત આશાતના, હિલના, નિંદા કરે.

અવર્ણવાદ બોલે.

એહવો થકો તે-જીવ બે આવરણ ઉપાર્જે.

તેમાં-જ્ઞાનની અને જ્ઞાનીની આશાતનાએ જ્ઞાનાવરણ ઉપાર્જે.

દર્શન, દર્શનીની આશાતનાએ દર્શનાવરણ ઉપાર્જે. ૫૪

**गुरु-भत्ति-खंति-करुणा-वय-जोग-कसाय-विजय-दाण-जुओ ।**
**दढ-धम्माई अज्जइ सायमसायं· विवज्जयओ ।।५५।।**

**શબ્દાર્થ :**

**गुरु-भत्ति-खंति-करुणा-वय-जोग-कसाय-विजय-दाण-जुओ** = ગુરૂ ઉપર ભક્તિ, ક્ષમા, દયા, વ્રત, જોગ, કષાય ઉપર કાબુ અને દાન દેવાવાળો, **दढ-धम्माई** = દઢધર્મી વિગેરે, **अज्जइ** = ઉપાર્જે-બાંધે છે, **सायं** = સાતાવેદનીય, **असायं** = અસાતા વેદનીય, **विवज्जयओ** = એથી વિપરીતપણે ૫૫.

ગાથાર્થ :

ગુરૂ ઉપર ભક્તિ, ક્ષમા, દયા, સંયમ માર્ગ, યોગ, કષાયો ઉપર કાબુ અને દાન દેવાવાળો તથા દઢધર્મી વિગેરે સાતાવેદનીય અને તેથી વિપરીત આચરણવાળો અસાતાવેદનીય કર્મ બાંધે છે. ૫૫

ગુરુ તે-માતા-પિતા, ધર્મ્માચાર્ય તેહની ભક્તિ, ક્ષાંતિ-ક્ષમા.

કરૂણા-તે જીવદયા,

વ્રત તે-મહાવ્રત પાંચ અને અણુવ્રતાદિ ૧૨નું પાળવું,

યોગ :- મન, વચન, કાયાના,

કષાય ૪. તેહનું જીતવું,

દાન દેવું,

એટલાંને વિષે રક્ત હોય, અને દઢધર્મી હોય, તે જીવ સાતાવેદનીય ઉપાર્જે.

અને એહ થકી વિપરીત પ્રવર્ત્તતો અસાતાવેદનીય ઉપાર્જે (બાંધે). ૩ ॥૫૫॥

**उम्मग्ग-देसणा-मग्ग-नासणा-देव-दव्व-हरणेहिं ।**
**दंसण-मोहं जिण-मुणि-चेइअ-संघा-ऽऽई-पडिणीओ ॥५६॥**

**શબ્દાર્થ :**

**उम्मग्ग-देसणा** = ઉન્માર્ગની દેશના કરવી, **मग्ग-नासणा** = સન્માર્ગનો નાશ કરવો, **देव-दव्व-हरणेहिं** = દેવદ્રવ્યનું હરણ કરવું, **दंसण-मोहं** = દર્શન મોહનીય કર્મ બાંધે છે, **जिण-मुणि** = જિનેશ્વર પ્રભુ અને મુનિ મહાત્મા, **चेइअ-संघा-ऽऽइ** = ચતુર્વિધ શ્રીસંઘ આદિનો **पडिणीओ** = પ્રત્યનીક - શત્રુ. ૫૬

**ગાથાર્થ :**

**ઉંધા માર્ગનો ઉપદેશ, સાચા માર્ગનો નાશ, અને દેવદ્રવ્ય ઉઠાવી લેવા વગેરેથી જિનેશ્વર પ્રભુ, મુનિરાજ, ચૈત્ય, અને શ્રી સકળ સંઘના પ્રત્યનીકો-વિરોધીઓ દર્શન મોહનીય કર્મ બાંધે છે. ૫૬**

ઉન્માર્ગ-ઉત્સૂત્ર માર્ગ-પાપનો માર્ગ તેનું દેખાડવું.

શુદ્ધ મોક્ષમાર્ગ તેનો નાશ કરવો-લોપવું.

દેવદ્રવ્યનું હરવું, વિણસાડવું, ભક્ષણ કરવું.

તેણે કરીને જીવ દર્શન મોહનીય કર્મ્મ ઉપાર્જે.

વળી, જિન-તીર્થંકર, મુનિ, તે-સાધુ,

ચૈત્ય:- તે-જિનની પ્રતિમા-દેહરાં, સંઘ-ચતુર્વિધ, ઇત્યાદિકનો પ્રત્યનીક થાય, તે-દર્શનમોહનીય કર્મ્મ બાંધે. ॥૫૬॥

**दुविहंपि चरण-मोहं कसाय-हासा-ऽऽइ-विसय-विवस-मणो ।**
**बंधइ निरया-ऽऽउ महा-रंभ-परिग्गह-रओ रुद्दो ॥५७॥**

**શબ્દાર્થ :**

**दुविहं** = બંનેય પ્રકારનું, **चरण-मोहं** = ચારિત્રમોહનીય કર્મ, **कसाय-हासा-ऽऽइ-विसय-विवस-मणो** = કષાયો અને હાસ્યાદિક નોકષાયોના વિષયોમાં પરાધીન ચિત્તવાળો, **बंधइ** = બાંધે છે, **निरया-ऽऽउ** = નરકાયુ, **महा-रंभ-परिग्गह-रओ** = મહાઆરંભ, પરિગ્રહમાં રક્ત-આસક્ત, **रुद्दो** = રૌદ્રધ્યાની. ૫૭

**ગાથાર્થ :**

**કષાયો અને હાસ્યાદિક નોકષાયોના વિષયોમાં આસક્ત મનવાળો બન્નેય પ્રકારનું ચારિત્ર મોહનીયકર્મ બાંધે છે અને મહા આરંભ પરિગ્રહોમાં ડુબેલો ભયંકર માણસ નારકીનું આયુષ્ય બાંધે છે. ૫૭**

બે પ્રકારે ચારિત્ર મોહનીય-કષાય મોહનીય અને નોકષાય મોહનીય:-ક્રોધાદિક કષાય અને હાસ્યાદિક નવ નોકષાયના વિષયને વિષે તત્પર થકો ઉપાર્જે.

તેમાં, કષાયવંત થકો કષાય મોહનીય ઉપાર્જે અને નોકષાયને વશ થકો નોકષાય મોહનીય ઉપાર્જે, ૪ હવે આયુ:-

તેમાં, પ્રથમ-નરકગતિનું આયુ: બાંધે-

તે એવા કારણથી કે-મહા આરંભ અને મહા પરિગ્રહ તેને વિષે આસક્ત થકો અને રૌદ્ર તે મહા કષાયવંત-જીવ-ઘાતનો કરણહાર-દુષ્ટ પરિણામી હોય, તે-નરકાયુ બાંધે. ।।૫૭।।

**तिरिआउ गूढ-हिअओ सढो स-सल्लो तहा मणुस्सा-ऽऽऊ ।**
**पयईइ तणु-कसाओ दाण-रुई मज्झिम-गुणो अ ।।५८।।**

**શબ્દાર્થ :**

**तिरिआउ**= તિર્યંચનું આયુ, **गूढ-हिअओ** = ગૂઢ હૃદયવાળો, **सढो** = મૂર્ખ-લુચ્ચો, **स-सल्लो** = શલ્યસહિત, **तहा** = તેમજ, **मणुस्सा-ऽऽउ** = મનુષ્યનું આયુષ્ય, **पयईइ** = પ્રકૃતિએ, **तणु-कसाओ** = ઓચ્છા કષાયવાળો, **दाण-रुई** = દાન દેવામાં રૂચિવાળો, **मज्झिम-गुणो** = મધ્યમ ગુણોવાળો. ૫૮

**ગાથાર્થ :**

ગૂઢ હૃદયવાળો, શઠ, શલ્યવાળો, તિર્યંચગતિનું આયુષ્ય બાંધે અને સ્વભાવથીજ થોડા કષાયવાળો, દાનપ્રિય, અને મધ્યમ ગુણો ધરાવનાર મનુષ્યનું આયુષ્ય (બાંધે). ૫૮

હવે, **તિર્યંચનું આયુઃ** બાંધે-

તે એવા હેતુથી કે-ગૂઢ હૃદય-તે અત્યંત કપટી, શઠ, તે-મૂર્ખ સ્વભાવ, હૃદય માંહે ત્રણ શલ્ય સહિત હોય, તે ૨.

હવે **મનુષ્યનું આયુઃ** બાંધે-

તે એવા હેતુથી કે-પ્રકૃતિએજ-સ્વભાવથીજ (સહેજે જ) અલ્પ કષાયવંત હોય, દાન દેવાની રૂચિવંત હોય, ક્ષમા, માર્દવાદિક મધ્યમ ગુણોવાળો હોય તે. ।।૫૮।।

**अविरयमाई सुरा-ऽऽउं बाल-तवो-ऽकाम-निज्जरो जयई ।**
**सरलो अ-गारविल्लो सुह-नामं, अन्नहा अ सुहं ॥५९॥**

શબ્દાર્થ :

**अविरयमाई** =અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ, **सुरा-ऽऽउं** = દેવાયુ, **बाल-तवो** = બાલતપવાળો, **अ-काम-निज्जरो** = અકામનિર્જરા વાળો, **जयइ** = ઉપાર્જે, **सरलो** = સરળ, **अ-गारविल्लो** = ગારવ રહિત, **सुह-नामं** = શુભ નામને, નામકર્મની શુભ પ્રકૃતિને, **अन्नहा** = અન્યથા-વિપરીત સ્વભાવવાળો, **अ-सुहं** = અશુભ-નામને, નામકર્મની અશુભ પ્રકૃતિને. ૫૯.

ગાથાર્થ :

**અવિરત સમ્યગ્દષ્ટિ વગેરે, બાળ તપસ્વી, અકામ નિર્જરા કરનાર, દેવનું આયુષ્ય બાંધે છે. સરળ અને ગારવ વગરનો શુભ નામકર્મ બાંધે અને તેથી વિરૂદ્ધ હોય, તે અશુભ નામકર્મ બાંધે છે. ૫૯**

અવિરતિ સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ સરાગ સંયમી, એ-**દેવતાનું આયુઃ** બાંધે.

બાલતપસ્વી-દુઃખગર્ભ, મોહગર્ભ, વૈરાગ્યે અકામપણે અણઈચ્છાએ દુઃખ ભોગવતો-કર્મ્મનિર્જરા કરતો દેવાયુઃ બાંધે ૫.

સરલ સ્વભાવી-માયા-કપટ રહિત, ઋદ્ધિ ૧, રસ ૨, સાતા ૩ એ ત્રણ ગારવ રહિત થકો શુભ નામ કર્મ્મ-નામની પુણ્ય પ્રકૃતિ ઉપાર્જે.

એ થકી અન્યથા-કપટી, ગારવવંત હોય તે-અશુભ નામકર્મ્મ-નામની પાપ પ્રકૃતિ ઉપાર્જે. ૬. ૫૯.

**गुण-पेही मय-रहिओ अज्झयणज्झावणा-रुई निच्चं ।**
**पकुणइ जिणा-ऽऽइ-भत्तो उच्चं, नीअं इअर-हा उ।६०।**

શબ્દાર્થ :

**गुण-पेही** = ગુણ જોનાર, **मय-रहिओ** = નિરહંકારી, **अज्झयणज्झावणा-रुई** = અધ્યયન-ભણવા ઉપર અને ભણાવવા ઉપર પ્રીતિવાળો, **निच्चं** = નિત્ય, **पकुणइ** = બાંધે, **जिणा-ऽऽइ-भत्तो** = જિનાદિકનો ભક્ત, **उच्चं** = ઉચ્ચગોત્ર, **नीअं** = નીચગોત્ર, **इअर-हा** = તેથી ઈતર એટલે વિપરીત પ્રકારે, **उ** = તો. ૬૦.

ગાથાર્થ :

હંમેશાં ગુણગ્રાહી, નિરહંકારી, ભણવા-ભણાવવાનો રસિક અને જિનેશ્વર પ્રભુ વિગેરેનો ભક્ત ઉચ્ચ ગોત્ર બાંધે અને તેથી વિરૂદ્ધ હોય, તે નીચ ગોત્ર બાંધે છે. ૬૦

સર્વના ગુણજ દેખે, પણ અવગુણ દેખે નહીં, આઠ મદ રહિત હોય, ભણવું ભણાવવું, તે ઉપર નિત્ય-સદાય રૂચિ હોય, તે-પ્રકર્ષે કરીને ઉચ્ચગોત્ર ઉપાર્જે.

વળી જિન, સિદ્ધ, સાધર્મ્મિક, પ્રમુખનો ભક્ત-સેવાકારી હોય, તે જીવ પણ ઉચ્ચગોત્ર ઉપાર્જે.

એ થકી અન્યથા વિપરીત હોય તે નીચગોત્ર ઉપાર્જે. ૭. ॥૬૦॥

**जिण-पूआ-विग्घ-करो हिंसाऽऽइपरायणो जयइ विग्घं ।**
**इअ कम्म-विवागोऽयं लिहिओ देविंद-सूरीहिं ॥६१॥**

**શબ્દાર્થ :**

**जिणपूआ-विग्घ-करो** = જિનેશ્વર પ્રભુની પૂજામાં અડચણ કરનાર, **हिंसा-ऽऽइ-परायणो** = હિંસા વગેરે પાપસ્થાનકોમાં આસક્ત, **जयइ** = બાંધે, **विग्घं** = અંતરાયકર્મ, **इअ** = એ પ્રમાણે, **कम्म-विवागो** = કર્મવિપાક, **लिहिओ** = લખ્યો, **देविंद-सूरीहिं** = શ્રી દેવેન્દ્રસૂરિએ. ૬૧.

**ગાથાર્થ :**

**જિનેશ્વર પ્રભુની પૂજામાં અડચણ કરનાર અને હિંસાદિકમાં આસક્ત હોય, તે અંતરાય કર્મ બાંધે છે. એ પ્રમાણે આ કર્મવિપાક શ્રી દેવેન્દ્રસૂરિએ રચી લખ્યો છે.૬૧**

કુદેશનાદિક વડે શ્રી વીતરાગની પૂજા-ભક્તિમાં અંતરાયનો કરણહાર, હિંસા, અસત્ય, અદત્ત, મૈથુન અને પરિગ્રહ, પ્રમુખ પાંચ આશ્રવને વિષે તત્પર હોય તે-જીવ વિઘ્ન કહેતાં **અંતરાયકર્મ્મ** ઉપાર્જે.

ઈતિ-એટલે એ, **કર્મવિપાક** નામા પહેલો કર્મગ્રંથ શ્રી તપાગચ્છાધિરાજ શ્રી જગચ્ચન્દ્રસૂરિપટ્ટ **પ્રકાશકર શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી**એ લખ્યો.

"પૂર્વ મુનીશ્વરે પ્રણીત છે. પણ મ્હેં **અક્ષરન્યાસ** કર્યો છે." ઈતિ નિરહંકારતા સૂચક વાક્ય. ૬૧.

**श्रीमत्कर्म्मग्रन्थे स्तबुकार्थो वृत्तितः सुगमरीत्या ।**
**बुधजीवविजयविहितः कर्म्म-विपाकस्य पूर्त्तिमगात् ॥१॥**

**इति श्री कर्मविपाकनामा प्रथमः कर्म ग्रंथः समाप्तः**

# (૨)

# કર્મસ્તવ કર્મગ્રન્થઃ

## કર્મના વર્ણનપૂર્વક શ્રી મહાવીરસ્વામિના સ્તવનનું મંગળાચરણ

**तह थुणिमो वीर-जिणं जह गुण-ठाणेसु सयल-कम्माइं ।**
**बंधुदओदीरणया-सत्ता-पत्ताणि खविआणि ॥ १ ॥**

શબ્દાર્થ :

**तह** = તેમ, **थुणिमो** = સ્તવીશું, **वीरजिणं** = મહાવીર સ્વામીને, **जह** = જેમ, **गुण-ठाणेसु** = ગુણઠાણાઓને વિષે, **सयल** = સઘળાં, **कम्माइं** = કર્મોને, **सयलकम्माइं** = સઘળાં કર્મો, **बंध** = બંધ, **उदय** = ઉદય, **उदीरणया** = ઉદીરણા, **सत्ता** = સત્તાને, **पत्ताणि** = પ્રાપ્ત થયેલ, **बंधुदओदीरणया-सत्ता-पत्ताणि** = બંધ-ઉદય-ઉદીરણા અને સત્તાના સ્થાનમાં પ્રાપ્ત થયેલ. **खविआणी** = ખપાવ્યા છે. ૧

ગાથાર્થ :

જે પ્રકારે શ્રી મહાવીર દેવે ગુણઠાણાઓને વિષે બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાના સ્થાનમાં પ્રાપ્ત થયેલ સઘળાં કર્મોને ખપાવ્યાં છે, તે પ્રકારે શ્રી મહાવીર દેવને અમે સ્તવીએ છીએ. ॥ ૧ ॥

**વિશેષાર્થ :** તે પ્રકારે-અમે શ્રી મહાવીર જિન પ્રત્યે સ્તવીએ છીએ-સ્તવીશું, કે જે પ્રકારે-શ્રી મહાવીર દેવે મિથ્યાત્વાદિક ગુણઠાણાને વિષે અનુક્રમે બંધ, ઉદય, ઉદીરણા તથા સત્તાને પ્રાપ્ત થયેલ સકલ કર્મોને ખપાવ્યાં છે (ક્ષય કર્યાં છે.) ॥ ૧ ॥

## ચૌદ ગુણસ્થાનકો

**मिच्छे सासण मीसे अविरय देसे पमत्त अपमत्ते ।**
**निअट्टि-अनिअट्टि सुहुमुवसम-खीण-स-जोगि-अ-जोगि गुणा ।२।**

### શબ્દાર્થ :

**मिच्छे** = મિથ્યાત્વ ગુણસ્થાનક, **सासण** = સાસ્વાદન, સમ્યગ્દષ્ટિ, **मिसे** = મિશ્ર-સમ્યગ્મિથ્યાદષ્ટિ, **अविरय** = અવિરત સમ્યગ્દષ્ટિ, **देसे** = દેશવિરતિ, **पमत्त** = પમત્ત સંયત, **अपमत्ते** = અપ્રમત્ત સંયત, **निअट्टि** = નિવૃત્તિ અપૂર્વકરણ, **अनिअट्टि** = અનિવૃત્તિ-બાદર-સંપરાય, **सुहुम** = સૂક્ષ્મસંપરાય, **उवसम** = ઉપશાંત મોહ વીતરાગ, **खीण** = ક્ષીણમોહ વીતરાગ, **स-जोगि** = સયોગિ કેવલી, **अ-जोगि** = અયોગિ કેવલી, **गुणा** = ગુણસ્થાનકો (છે). ॥૨॥

### ગાથાર્થ :

**મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, અવિરત, દેશવિરત, પ્રમત્ત, અપ્રમત્ત, નિવૃત્તિ, અનિવૃત્તિ, સૂક્ષ્મ, ઉપશમઃ ક્ષીણ, સયોગિ, અયોગિ, ગુણસ્થાનકો છે. ॥૨॥**

વિશેષાર્થ : ગુણ, જે જ્ઞાનાદિક, તેહનું સ્થાનક=એટલે શુદ્ધ, અશુદ્ધિ પ્રકર્ષે કીધો ભેદ, તે ગુણસ્થાનક કહીએ તેમાં-

પ્રથમ, મિથ્યા-ખોટી-વિપરીત દષ્ટિ જ્યાં છે, તે મિથ્યાદષ્ટિ ગુણસ્થાનક કહીએ.

વળી, અહીં કોઈ પ્રશ્ન કરે છે, કે-“વિપરીત દષ્ટિ, તે મિથ્યાદષ્ટિ કહો છો, તો તેને ગુણસ્થાનપણું કેમ કહીએ ?”

तत्रोत्तरम्-

જો કે-તેને જીવ, અજીવાદિકની પ્રતિપત્તિ વિપરીત છે, તો

પણ કાંઈક-"આ મનુષ્ય છે, આ પશુ છે" ઈત્યાદિ લોક વ્યવહારની પ્રતિપત્તિ છે. તે મટે ગુણસ્થાન કહીએ. તથા નિગોદિયા જીવને પણ કાંઈક એક અવ્યક્ત સ્પર્શ માત્ર ઉપયોગ પ્રતિપત્તિ છે, જો ન હોય, તો તે અજીવપણું પામે.

यदागमः-

**सव्व-जियाणमक्खरस्स अणंतमो भागो निच्चं उग्घाडियो चिट्ठइ । जइ पुण सोवि आवरिज्जा तेणं जीवो अ-जीवत्तणं पाउणिज्जा ॥१॥**

તે માટે કાંઈક યથાર્થમતિની અપેક્ષાએ **મિથ્યાદૃષ્ટિને** પણ **ગુણસ્થાનક** કહીએ.

વળી પૃચ્છક કહે છે, કે-"જો તેને કાંઈક વિશુદ્ધપણું કહો છો, તો તેને **સમ્યગ્દૃષ્ટિ** કેમ નથી કહેતા ?"

तत्रोत्तरम्-

**દ્વાદશાંગ સૂત્રોક્ત** એક પદ પણ ન સદ્દહે, તેને મિથ્યાદૃષ્ટિ કહીએ.

पयमवि अ-सद्दहंतो सुत्तत्थं मिच्छ-दिट्ठिओ-इति वचनात्

વળી-

**पयमक्खरंपि इक्कं जो न रोएइ सुत्त-निद्दिट्ठं ।**
**सेसं रोयंतो वि हु मिच्छदिट्ठी जमालिव्व ॥ १ ॥**

तस्य भगवति सर्वज्ञे प्रत्ययाभावात् ।

**મિથ્યાત્વ અભિગ્રહિકાદિક પાંચ ભેદે છે :-**

તે વળી, કાળ વિવક્ષાએ ત્રણ ભેદે છે :-

**અનાદિ અનંત૧, અનાદિ સાંત ૨, સાદિ સાન્ત ૩.**

અનાદિ અનંત, તે અભવ્યને ૧, અનાદિ સાંત, તે ભવ્યને ૨, સાદિસાંત, તે પતિતને ૩.

તેની, જઘન્યથી-અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ-દેશોનઅર્દ્ધ પુદ્ગલપરાવર્ત્ત સ્થિતિ જાણવી. ૧

તથા સંસારી જીવ અનંત પુદ્ગલપરાવર્તકાળ લગે **મિથ્યાત્વ** અનુભવતો થકો કેટલેક કાળે **ભવપરિપાકના વશ થકી નદીગોળઘોલના ન્યાયે**, અનાભોગપણે **યથાપ્રવૃત્તકરણ**ના પરિણામે કરીને **આયુ** વર્જીને સાતેય કર્મ પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ન્યૂન એક કોડાકોડી સાગરોપમની સ્થિતિનાં કરે.

અત્રાંતરે-જીવને કર્મજનિત ઘન રાગ-દ્વેષ પરિણામરૂપ અતિ કઠિન વક્ર ગ્રંથિની પરે દુર્ભેદ્ય-પૂર્વે અનાદિ કાળે જે કોઈ વારે પણ ભેદી નથી-એહવી ગ્રંથિ (ગાંઠ) છે. તે ગ્રંથિ લગે તો અભવ્ય **યથાપ્રવૃત્તકરણે** કર્મસ્થિતિ હળવી (ફોરી. હલકી) કરીને અનંતીવાર આવે છે. પણ ગ્રંથિ ભેદી શકે નહીં.

ત્યાં, ભવ્ય જીવ તિક્ષ્ણ કુઠાર (કુહાડા)ની પરે પરમ વિશુદ્ધિ વડે ગ્રંથિભેદ કરીને **મિથ્યાત્વની સ્થિતિ** અંતર્મુહૂર્ત થાકતે (બાકી રહ્યે) અપૂર્વકરણ કરે.

અને **અનિવૃત્તિકરણે** કરીને વિશુદ્ધિપણે અંતર્મુહુર્ત પ્રમાણ તે મિથ્યાત્વના પ્રવેશવેદ્ય દળિયાના અભાવરૂપ અંતરકરણ કરે -

**जा गंठि ता पढमं गंठि समइच्छओ भवे बीयं ।**
**अनियट्टि-करणं पुण सममत्त-पुरक्खडे जीवे ॥ १ ॥**

તે **અનિવૃત્તિકરણ** કીધા પછી **મિથ્યાત્વ-કર્મ**ની સ્થિતિ બે હોય, તેમાં-

**અંતકરણથી** હેઠલી સ્થિતિ અંતર્મુહૂર્તની **પહેલી**, અને તે ઉપરલી **બીજી**.

તે પહેલી **સ્થિતિએ મિથ્યાત્વનાં** દલિયાં વેદે તે માટે-તે **મિથ્યાત્વી** જ કહીએ.

તે અંતર્મુહૂર્ત ગયે થકે **અંતકરણને** પહેલે સમયે જ **ઔપશમિક સમ્યક્ત્વ** પામે; **મિથ્યાત્વના** દળિયાં વેદવાના અભાવ થકી. જેમ-દાવાનળ પૂર્વદગ્ધ દેશ તથા ઊખર પ્રદેશ પામીને ઓલ્હાય, તેમ-**મિથ્યાત્વ** દાવાનળ પણ **અંતકરણ** પામીને ઓલ્હાય. તે વારે, તે જીવને **ઔપશમિક સમ્યક્ત્વનો** લાભ થાય.

તેનું માન અંતર્મુહૂર્તનું છે.

તેમાંથી જઘન્ય-એક સમય, ઉત્કૃષ્ટ-છ આવલી થાકતે કોઈક મહાબીકણ જીવને **અનંતાનુબંધિ** કષાયનો ઉદય થાય, ત્યારે તે **સમ્યક્ત્વ** વમતો **સાસ્વાદને** વર્તે. જેમ-ખીર, ખાંડ, ઘૃત, જમીને ચિત્ત ફર્યે વમન કરતો મનુષ્ય તે આસ્વાદે, તેમ-**ઔપશમિક સમ્યક્ત્વ** વમતો સમ્યક્ત્વને આસ્વાદે, તે માટે તેનુ **સાસ્વાદન** એવું નામ કહીએ.

તથા **ઉપશમશ્રેણિથી** પડતો પણ કોઈક સાસ્વાદને આવે, ત્યાં, જઘન્ય-એક સમય,ઉત્કૃષ્ટ-૬ આવલી રહીને પછી અવશ્ય **મિથ્યાત્વે** આવે.

એ ગુણઠાણું પડતાં જ હોય. ૨.

**સમ્યક્** અને **મિથ્યા** એ બે સમકાળે દૃષ્ટિ હોય, તે **સમ્યગ્મિથ્યાદૃષ્ટિ.**

પૂર્વોક્ત વિધિએ લબ્ધ ઔપશમિક પરત્વે, ઔષધિ તુલ્યે કરીને મદનકોદ્રવ સરખું **મિથ્યાત્વમોહનીય** શોધીને ત્રણ પુંજ કરે- **શુદ્ધ ૧, અર્દ્ધશુદ્ધ ૨, અશુદ્ધ ૩.** તેમાં-

એ ત્રણ પુંજમાંથી અર્દ્ધશુદ્ધ પુંજ ઉદયે આવે, ત્યારે તે જીવને જિનધર્મ્મ ઉપર રાગ પણ ન હોય, અને દ્વેષ પણ ન હોય, તે-**મિશ્રદષ્ટિ** કહીએ.

તે અંતર્મુહૂર્ત રહે, પછી અવશ્ય **સમ્યક્ત્વમાં** કે **મિથ્યાત્વમાં** જાય.

એ ગુણઠાણું પડતાં અને ચઢતાં પણ હોય. ૩.

તથા, **અવિરત સમ્યગ્દષ્ટિ** તે

પચ્ચક્ખાણ-

**નજાણે, ન આદરે, નપાળે**

એ ત્રણ બોલના આઠ ભાંગા થાય :-

| | | | |
|---|---|---|---|
| ઽઽઽ-૧ | ઽ।ઽ-૩ | ।ઽઽ-૫ | ।।ઽ-૭ |
| ઽઽ।-૨ | ઽ।।-૪, | ।ઽ।-૬ | ।।।-૮ |

એ આઠમાં-

પ્રથમના ચાર ભાંગે તો **મિથ્યાદષ્ટિ** હોય, અજ્ઞાની માટે અને છેલ્લે ચાર ભાંગે **સમ્યગ્દષ્ટિ** હોય, જ્ઞાની માટે.

તેમાં પણ, ૫-૬-૭મા ભાંગે વિરતિ ઉદયે ન હોય. તે માટે **અવિરત સમ્યગ્દષ્ટિ** ગુણસ્થાની કહીએ.

તે, જઘન્ય-અન્તર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ-૩૩ સાગરોપમ ઝાઝેરા રહે ૪.

કરણત્રય (કરવું, કરાવવું, અનુમોદવું) યોગત્રય (મન, વચન, કાયા) વિષયકસર્વ સાવદ્ય યોગની દેશથકી વિરતિ છે, જેને, તે-**દેશવિરત** કહીએ.

તે, જઘન્ય-અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટું-દેશે ઊણી પૂર્વે-કોડિ સુધી રહે. ૫

સર્વ સાવદ્ય યોગની સર્વથી વિરતિ છે, પણ કાંઈક પ્રમાદ-

વંતપણે કરી વિશુદ્ધિ-અવિશુદ્ધિનો પ્રકર્ષાઽપકર્ષકૃત ભેદ હોય, **દેશવિરતિની** અપેક્ષાએ ગુણનો-વિશુદ્ધિનો-પ્રકર્ષ અને અવિશુદ્ધિનો-અપકર્ષ અને **અપ્રમત્ત સંયતની** અપેક્ષાએ-વિશુદ્ધિગુણનો અપકર્ષ અને અવિશુદ્ધિનો પ્રકર્ષ હોય, તે **પ્રમત્ત ગુણસ્થાન.**

એનું માન, જઘન્ય-એક સમય અને ઉત્કૃષ્ટ-અંતર્મુહૂર્ત ૬

પ્રમાદરહિત સંયમી, તે **અપ્રમત્ત સંયત ગુણસ્થાન.**

તે, જઘન્ય-એક સમય, ઉત્કૃષ્ટ-અંતર્મુહૂર્ત.

**પ્રમત્ત, અપ્રમત્ત** બે મળીને એક જઘન્ય-અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટું-દેશે ઊણી પૂર્વ કોડિ રહે. ૭.

અપૂર્વ-નવું,

**પ્રથમ-સ્થિતિઘાત ૧, રસઘાત ૨, ગુણશ્રેણિ ૩, ગુણસંક્રમ ૪, સ્થિતિબંધ ૫**

એ પદાર્થનું કરવું જ્યાં હોય, તે-**અપૂર્વકરણ** કહીએ.

તેમાં-

મોટી કર્મ્મસ્થિતિને અપવર્તન કરવે કરીને અલ્પસ્થિતિ કરવી, તે **સ્થિતિઘાત ૧**

તીવ્રરસનું અપવર્તને કરીને ખંડવું. તે-**રસઘાત ૨.**

કાળથકી હ્રસ્વતર અને દલિકરચના આશ્રયિને પૃથુતર કરે તે-**ગુણશ્રેણિ ૩**, બધ્યમાન શુભ પ્રકૃતિને વિષે અબધ્યમાન અશુભ પ્રકૃતિનાં દળિયાં પ્રતિ સમયે અસંખ્યગુણ વૃદ્ધિએ વિશુદ્ધિએ કરીને ક્ષેપવવાં, તે **ગુણસંક્રમ ૪.**

કર્મ્મની સ્થિતિ પૂર્વે મોટી બાંધતો હતો, તે ઈહાં, વિશુદ્ધિ વિશેષ હોવાથી અપૂર્વ હ્રસ્વ બાંધે, તે **સ્થિતિબંધ ૫.**

એ પાંચે ય વાનાં **અપૂર્વ** કરે છે.

એ બે ભેદે-

**ક્ષપક ૧, ઉપશમક ૨**

ક્ષપાવવા, ઉપશમાવવા, યોગ્ય, માટે-એમ કહીએ. પણ એ ગુણઠાણે મોહનીય ખપાવે નહિ, ઉપશમાવે નહિ, એ **અપૂર્વકરણ ગુણસ્થાનક** કહીએ.

જઘન્ય-એક સમય ઉત્કૃષ્ટ-અંતર્મુહૂર્ત પ્રમાણ હોય. એ ગુણસ્થાન-પ્રપન્ન પ્રાણીને કાળત્રયવર્તી અનેક જીવની અપેક્ષાએ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ **અધ્યવસાય સ્થાનક** હોય, પ્રથમ સમયથકી સમયે સમયે અધિકાધિક હોય. એકેક સમયનાં જઘન્યોત્કૃષ્ટ સ્થાનક વિશુદ્ધતાએ **છટ્ઠાણવડિયાં** હોય :-

પ્રથમ સમયના જઘન્ય અધ્યવસાય સ્થાનક થકી પ્રથમ સમયનું જ ઉત્કૃષ્ટ અધ્યવસાયસ્થાનક વિશુદ્ધતાએ અનંતગણું હોય.

તે થકી, બીજા સમયનું જઘન્ય અધ્યવાસયસ્થાનક અનંત ગણું, તેહ થકી, તેહજ સમયનું ઉત્કૃષ્ટું અધ્યવસાયસ્થાનક અનંતગણું, એમ, યાવત્ ચરિમ સમય સુધી.

ષટ્સ્થાન તે-કેમ ?

તે કહે છે-

**અનંતભાગવૃદ્ધિ ૧. સંખ્યાતગુણ વૃદ્ધિ ૪.**
**અસંખ્યાતભાગ વૃદ્ધિ ૨. અસંખ્યાતગુણ વૃદ્ધિ ૫.**
**સંખ્યાતભાગ વૃદ્ધિ ૩. અનંતગુણ વૃદ્ધિ ૬.**

અને ઉત્કૃષ્ટથી જો હીણાં વિચારીએ, તો-

**અનંતભાગ હીન ૧. સંખ્યાતગુણહીન ૪.**
**અસંખ્યાતભાગ હીન ૨. અસંખ્યાતગુણહીન ૫.**
**સંખ્યાતભાગ હીન ૩. અનન્તગુણહીન ૬** પણ હોય એ છટ્ઠાણવડિયાં જાણવાં.

સમકાળે એ ગુણઠાણે પેઠાને પરસ્પર અધ્યાવસાયસ્થાનકની નિવૃત્તિ છે, તે માટે-**નિવૃત્તિ ગુણઠાણું** પણ એને કહીએ. ૮

સમકાળે નવમ ગુણસ્થાનક પ્રતિપન્ન ઘણા જીવના પણ અન્યોન્યે અધ્યવસાયસ્થાનક સરખા હોય.

સૂક્ષ્મ કિટ્ટીકૃત સંપરાયની અપેક્ષાએ ત્યાં સ્થૂળ કષાય છે, માટે-બાદર **સંપરાય** નામ પણ કહીએ.

**સંપરાય** શબ્દે કષાય જાણવા.

તે માટે-એને **અનિવૃત્તિ બાદરસંપરાય ગુણસ્થાન** કહીએ.

એનું પણ-અંતર્મુહૂર્ત માન છે. તે અંતર્મુહૂર્ત માંહે જેટલા સમય, તેટલા તિહાં પેઠાને અધ્યવસાયસ્થાનક હોય. એક સમયે પેઠાને એકજ અધ્યવસાયસ્થાનક હોય, તે પ્રથમ સમયથી માંડીને સમયે સમયે અનંતગુણ વિશુદ્ધ યથોત્તર અધ્યવસાયસ્થાનક હોય.

ત્યાં, કર્મ ખપાવે તથા ઉપશમાવે તે-**ક્ષપક** તથા **ઉપશામક** કહીએ. ૯.

સૂક્ષ્મ છે, સંપરાય તે-કિટ્ટીકૃત **લોભ કષાયનો** ઉદય જયાં, તે **સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક** કહીએ.

તે પણ બે ભેદ-

**ક્ષપક અને ઉપશામક**

તે, જઘન્ય-એક સમય, ઉત્કૃષ્ટ-અંતર્મુહૂર્ત પ્રમાણ. ૧૦.

ઉપશમાવ્યા છે કષાય જેણે. તે **ઉપશાંત કષાય.** તે માટે જ-**વીતરાગ.**

અને-છદ્મ એટલે ઘાતિકર્મ. તે ઉદય અને સત્તાએ છે જ્યાં તે-**છદ્મસ્થ.**

તે માટે-અગિયારમું 'ઉપશાન્ત મોહ વીતરાગ છદ્મસ્થ' ગુણસ્થાન કહીએ.

એ ગુણઠાણે અઠ્ઠાવીશ **મોહનીય કર્મની** પ્રકૃતિ ઉપશમેલી હોય.

એની સ્થિતિ-જઘન્ય-એક સમય, ઉત્કૃષ્ટ-અંતર્મુહૂર્ત.

તે પછી નિશ્ચે તે-ભવક્ષયે અથવા કાળક્ષયે પડે.

તિહાં-આયુ ક્ષયે મરે, તો અનુત્તર વિમાને જાય. તિહાં પ્રથમ સમયેજ **ચોથું** ગુણઠાણું પડિવજ્જે.

અને ઉપશાંત ગુણઠાણાનો કાળ પૂરો થયે પડે, તો તે-જે અનુક્રમે ચઢ્યો હોય, તે અનુક્રમે પડે. કોઈ છઠ્ઠે આવી રહે, કોઈક પાંચમે કે ચોથે રહે, કોઈક સાસ્વાદને આવીને મિથ્યાત્વે ય જાય. ૧૧.

સર્વથા ક્ષીણ થયા છે કષાય જ્યાં, અને વીતરાગ છદ્મસ્થ, તે-ક્ષીણકષાય-વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક બારમું જાણવું, તે-ક્ષપકને હોય,

જઘન્ય-અને-ઉત્કૃષ્ટ-પણ અંતર્મુહૂર્ત પ્રમાણકાળ, બંને ય તુલ્ય જ હોય. ૧૨.

મન, વચન, કાય યોગે સહિત વર્તે, અને ઘાતિકર્મ્મના ક્ષયથકી કેવલજ્ઞાનવંત હોય તે-**સયોગી કેવલી** ગુણઠાણું તેરમું.

તિહાં, **મનોયોગ**-તે મનઃપર્યવ જ્ઞાનીએ તથા અનુત્તરવાસી દેવતાએ મને કરી પૂછ્યા સંદેહનો ઉત્તર કેવલી મને જ કરીને

દીયે. તે કેવલીના મનોદ્રવ્ય મનઃપર્યવજ્ઞાને અથવા અવધિજ્ઞાને કરીને, તે પૂછણહાર જાણે.

વચનયોગે દેશના દીયે. કાયયોગે મેષોન્મેષાદિકે પ્રવર્તે. તે ગુણસ્થાનક જઘન્ય-અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશે ઊણી પૂર્વ કોડી વર્ષ લગે રહે. ૧૩.

ત્રણેય યોગનો રોધ કરે જ્યાં, તે-અયોગિ કેવલી ગુણસ્થાન ચૌદમું જાણવું તે કેમ ?

તેરમાને અંતે ભવોપગ્રાહી કર્મ્મ ખપાવવાને કાજે પ્રથમ બાદર કાયયોગે કરીને બાદર મનોયોગ રુંધે.

તે પછી-વચનયોગ રુંધે,

તે પછી-સૂક્ષ્મ કાયયોગે કરીને બાદર કાયયોગ રુંધે,

તે પછી સૂક્ષ્મ મનયોગને,

અને તે પછી સૂક્ષ્મ વચનયોગને,

અને તે પછી-સૂક્ષ્મ કાયયોગને સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ શુક્લધ્યાનને ધ્યાવતો થકો રુંધે.

ત્યારે, તે-અયોગિ થકો પાંચ હ્રસ્વાક્ષર (अ, इ, उ, ऋ, लृ) ઉચ્ચારણમાત્ર કાળ શૈલેશીકરણ કરે.

शैलेशो मेरुः तस्येयम्-स्थिरतावस्थासाम्यात्-शैलेशी ।

यद्वा, सर्व-संवरशीलेश आत्मा, तस्येयं योगनिरोधावस्था शैलेशी, तस्यां करणं वेदनीय-नाम-गोत्र-कर्म्मत्रयस्यासंख्येयगुणया श्रेण्या निर्जरणं शैलेशीकरणम् ।

તે કરીને ઋજુશ્રેણિએ એક સમયે-સમયાંતરને અણ-ફરસતો થકો મોક્ષે જાય. ૧૪.

એ ચૌદ ગુણઠાણાનો વિચાર વિસ્તારે મોટી ટીકાથી જાણવો. ॥૨॥

# ૧. બન્ધ

## ૧ બન્ધની વ્યાખ્યા અને મિથ્યાત્વ ગુણસ્થાનકે પ્રકૃતિબન્ધ :

**अभिनव-कम्म-ग्गहणं बंधो, ओहेण तत्थ विस-सयं ।**
**तित्थयरा-ऽऽहारग-दुग-वज्जं मिच्छंमि सतर-सयं ॥३॥**

### શબ્દાર્થ :

**अभिनव-कम्म-ग्गहणं** = નવા કર્મને ગ્રહણ કરવા, **बंधो** = બંધ, **ओहेण** = ઓઘે, **तत्थ** = ત્યાં,બધે, **वीस-सयं** = એકસોવીશ, **तित्थ-यर** = તીર્થંકર નામકર્મ, **आहारग-दुग** = આહારકદ્વિક, **वज्जं** = વર્જીને, **तित्थयरा-ऽऽहारग-दुग-वज्जं** = તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિક સિવાય, **मिच्छंमि** = મિથ્યાત્વે, **सतर-सयं** = એકસો સત્તર. ૩.

### ગાથાર્થ :

**નવાં કર્મો ગ્રહણ કરવાં, તે બંધ**

**તેમાં-સામાન્યથી એકસોવીશ અને મિથ્યાત્વ ગુણસ્થાનકે તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિક નામકર્મ વિના એકસો સત્તર (પ્રકૃતિઓ હોય છે.) ૩.**

**વિશેષાર્થ :** મિથ્યાત્વાદિક હેતુએ કરીને અભિનવ-તે-નવાં કર્મ્મપુદ્ગલ, તેને ગ્રહીને આત્મપ્રદેશ સંઘાતે બાંધવા, તે બન્ધ કહીએ.

તિહાં-બંધે, ઓઘપણે-સર્વ ગુણઠાણાં આશ્રયીને સામાન્ય પણે એકસોવીશ પ્રકૃતિ હોય.

તે કઈ ?

જ્ઞાના૦ ૫ દર્શના૦ ૯ વેદનીય ૨. મોહનીય ૨૬. આયુ ૪. નામ ૬૭. ગોત્ર ૨. અન્તરાય ૫. એ સર્વ મળી ૧૨૦.

તે માંહેથી તીર્થંકર નામ ૧, અને આહારકદુગ તે-આહારક શરીર ૧, આહારકાંગોપાંગ ૨.

એ ત્રણ વર્જીને એકસો સત્તર પ્રકૃતિ મિથ્યાત્વ ગુણઠાણે બાંધે.

તે કેમ ? જે-તીર્થંકર નામકર્મ તો સમ્યગ્દષ્ટિ જ બાંધે અને આહારકદ્વિક તો અપ્રમત્ત જ બાંધે, તે માટે, મિથ્યાત્વે ન બંધાય ॥૩॥

### સાસ્વાદન ગુણસ્થાનકે

**नरय-तिग जाइ-थावर-चउ हुंडा-ऽऽयव-छिवट्ठ-नपु-मिच्छं ।**
**सोलंतो इग-ऽहिअ सय सासणि तिरि-थीण-दुहग-तिगं ॥४॥**

### શબ્દાર્થ :

**नरयतिग** = નરકત્રિક, **जाइ-थावरचउ**= જાતિચતુષ્ક અને સ્થાવરચતુષ્ક, **हुंडा-ऽऽयव-छिवट्ठ-नपु-मिच्छं**= હુંડક સંસ્થાન, આતપનામ, છેવટ્ઠું સંઘયણ, નપુંસક વેદ અને મિથ્યાત્વ મોહનીય, **सोलंतो** = સોલના ક્ષયથી, **इग-ऽहिय-सय** = એકસો એક, **तिरि-थिण-दुहगतिगं** = તિર્યંચત્રિક, થિણદ્ધિત્રિક અને દૌર્ભાગ્યત્રિક. ૪.

### ગાથાર્થ :

નરકત્રિક, જાતિ અને સ્થાવર ચતુષ્ક, હુંડક, આતપ, છેવટ્ઠું, નપુંસક, મિથ્યાત્વ એ સોળનો અંત થવાથી સાસ્વાદને એકસો કરતાં એક અધિક હોય. તિર્યંચ-થિણદ્ધિ-અને દૌર્ભાગ્યત્રિક. ॥૪॥

**વિશેષાર્થ :** નરકગતિ ૧, નરકાનુપૂર્વી ૨, નરકાયુ ૩, એ નરકત્રિક ૩, એકેન્દ્રિય ૧, બેઈન્દ્રિય ૨, તેઈન્દ્રિય ૩. ચઉરિન્દ્રિય ૪ એ જાતિચતુષ્ક. ૭. સ્થાવર ૧. સૂક્ષ્મ ૨. અપર્યાપ્ત ૩. સાધારણ

૪, એ સ્થાવર ચતુષ્ક. ૧૧. હુંડક સંસ્થાન, ૧૨. આતપનામ, ૧૩. છેવટ્ઠું સંઘયણ, ૧૪. નપુંસકવેદ, ૧૫. મિથ્યાત્વ મોહનીય, એ સોળ પ્રકૃતિનો બંધ મિથ્યાત્વ પ્રત્યયિક જ છે (મિથ્યાત્વીજ બંધ કરે), તે માટે-મિથ્યાત્વ ગુણઠાણાને અંતે, અંત-અભાવ થાય, ત્યારે સાસ્વાદન ગુણઠાણે એકસો એક ૧૦૧ બધાય.

**તિર્યંચગતિ ૧, તિર્યંચઆનુપૂર્વી ૨, તિર્યંચાયુ ૩, એ તિર્યંચ** ચત્રિક, ૩. નિદ્રાનિદ્રા ૧, પ્રચલાપ્રચલા ૨, થીણદ્ધિ ૩, એ થીણદ્ધિત્રિક ૬. દુર્ભગ ૧, દુઃસ્વર ૨, અનાદેય ૩ એ દુર્ભગત્રિક. ૯૦ ॥૪॥

## મિશ્રગુણસ્થાનકે

**अण-मज्झाऽऽगिइ संघयण-चउनिउज्जोअ-कुखग इत्थि त्ति ।**
**पणवीसंतो मीसे चउ-सयरि दु-आउय अ-बंधा ॥५॥**

### શબ્દાર્થ :

**अण** = અનંતાનુબંધી, **मज्झाऽऽगिइ** = મધ્યાકૃતિ, **संघयण** = સંઘયણ, **अणमज्झा-ऽऽगिइ-संघयण-चउ** = અનંતાનુબંધીય, મધ્યાકૃતિ અને સંઘયણ ચતુષ્ક, **चउ**= એ ત્રણ ચતુષ્ક, **नि [ अ ]** = નીચ ગોત્ર, **उज्जो-अ** = ઉદ્યોતનામ, **कु-खगइ** = અશુભ વિહાયોગતિ, **इत्थि** = સ્ત્રીવેદ, **त्ति** = એમ, **पणवीसंतो** = પચીશનો અંત, **मीसे** = મિશ્ર ગુણઠાણે, **चउसयरि** = ચુમ્મોતેર, **दु-आउय** = બે આયુષ્યનો, **अ-बंधा** = અબંધ હોવાથી. ૫.

### ગાથાર્થ :

**અનન્તાનુબંધીય, મધ્યમ આકૃતિ, અને સંઘયણનું ચતુષ્ક,**

**નીચગોત્ર, ઉદ્યોતનામ, અશુભવિહાયોગતિ અને સ્ત્રીવેદ એમ પચ્ચીશનો અંત કરવાથી અને બે આયુષ્યનો અબંધ થવાથી મિશ્રમાં ચુમ્મોતેર. ૫.**

**વિશેષાર્થ :** અનંતાનુબંધિ ક્રોધ ૧, માન ૨, માયા ૩, લોભ ૪, એવં ૧૩. પહેલું અને છેલ્લું વર્જીને વચલી ચાર આકૃતિ. તે-સંસ્થાન-ન્યગ્રોધ ૧, સાદિ ૨, વામન ૩, કુબ્જ ૪, એવં ૧૭, મધ્ય સંઘયણ, તે-ઋષભ નારાચ ૧, નારાચ ૨, અર્ધનારાચ ૩, કીલિકા ૪, એવં ૨૧, નીચગોત્ર ૨૨, ઉદ્યોત નામ ૨૩, અશુભવિહાયોગતિ ૨૪, સ્ત્રીવેદ ૨૫.

એ પચ્ચીશપ્રકૃતિનો અનંતાનુબંધી પ્રત્યયિક બંધ છે, તે માટે-સાસ્વાદનને અંતે એનો પણ અંત થાય, ત્યારે મિશ્ર ગુણઠાણે ચુમ્મોતેર ૭૪ પ્રકૃતિનો બંધ હોય.

એકસો એક માંહેથી પચીસ કાઢીએ, ત્યારે તો ૭૬ રહે. ઈહાં-મનુષ્યાયુઃ દેવાયુઃ ૨, એ બે આયુઃ પણ ન બાંધે, તેથી ૭૪ રહે. કેમકે-મિશ્રદષ્ટિ પરભવાયુ ન બાંધે, તેમ મરે પણ નહિ.

**सम्मा-मिच्छा-दिट्ठी आउयबंधं पि न करेइ-त्ति ॥५॥**

**૪થે, ૫મે ગુણસ્થાનકે-**

**सम्मे सग-सयरि जिणा-ऽऽउबंधि, वइर-नर-तिअ-बिअ-कसाया ।**
**उरल-दुगंतो देसे सत्तट्ठी, तिअ-कसायंतो ॥६॥**

**શબ્દાર્થ :**

**सम्मे** = સમ્યગ્દષ્ટિમાં, **सगसयरि**= સિત્તેર, **जिण** = જિન નામ, **आउ**= આયુષ્યો, **जिणा-ऽऽउबंधि** = જિનનામકર્મ અને (બે) આયુષ્યનો બંધ હોવાથી. **बंधि** = બંધ હોવાથી, **वइर** =

વજ્રઋષભનારાચ, **नर-तिअ** = મનુષ્યત્રિક **बीअ-कसाया** = બીજા અપ્રત્યાખ્યાનીય ચાર કષાયો, **उरल-दुगंतो** = ઔદારિકદ્વિકનો અંત કરે, **देसे** = દેશવિરતિએ, **सत्तट्ठी** = સડસઠ, **तिअ** = ત્રીજા પ્રત્યાખ્યાનીય, **कसायंतो** = કષાયનો અંત (કરે), **तीअ-कसायंतो** = ત્રીજા કષાયનો અંત કરવાથી. ૬.

ગાથાર્થ :

**જિનનામકર્મ, અને આયુષ્યોનો બંધ કરવાથી અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનકે સત્યોત્તેર વજ્રઋષભનારાચ સંઘયણ, મનુષ્યત્રિક, બીજા કષાય અને ઔદારિકદ્વિકનો અંત થવાથી દેશવિરતિ ગુણસ્થાનકે સડસઠ, ત્રીજા કષાયનો અંત કરવાથી-૬.**

**વિશેષાર્થ :** અવિરત સમ્યક્ત્વ ગુણઠાણે સિત્તોતેર બાંધે, તે કેમ ? જિનનામ ૧ મનુષ્યઆયુઃ ૨, દેવાયુઃ ૩, એ ત્રણ ૭૪માં ભેળવીએ એટલે ૭૭ થાય.

કેમકે-જિનનામનો બંધ તો સમ્યક્ત્વ પ્રત્યયિક જ છે, તે માટે કોઈક ઈહાં બાંધે અને સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય કે તિર્યંચ દેવાયુ જ બાંધે; (તથા-દેવ અને નારક મનુષ્યાયુ બાંધે,) તે માટે.

વળી, વજ્રઋષભનારાચ સંઘયણ ૧, મનુષ્યગતિ, મનુષ્યાયુ. મનુષ્યાનુપૂર્વી, એ નરત્રિક ૩. બીજા અપ્રત્યાખ્યાનીય ચાર કષાય ક્રોધ, માન, માયા અને લોભ તથા ઔદારિક શરીર, અને ઔદારિકાંગોપાંગ ૨, એ દેશનો અંત કરીએ તે વારે-દેશવિરતિ ગુણઠાણે સડસઠ ૬૭ બંધાય, એ દેશવિરતિ ન બાંધે, તે માટે.

વળી, ત્રીજા પ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા, લોભ એ ચારનો અંત કરીએ-ટાળીએ, તે વારે-॥૬॥

### પ્રમત્ત ગુણસ્થાનકે

**तेवट्ठि पमत्ते सोग अरइ अथिर-दुग अ-जस अ-स्सायं ।**
**वुच्छिज्ज छच्च सत्त व नेइ सुराउं जया निट्ठं ॥७॥**

શબ્દાર્થ :

**तेवट्ठि** = ત્રેસઠ, **पमत्ते** = પ્રમત્ત ગુણસ્થાનકે, **सोग** = શોક મોહનીય, **अरइ** = અરતિ મોહનીય, **अथिर-दुग** = અસ્થિરદ્વિક, **अजस** = અયશ નામકર્મ, **अस्सायं** = અસાતા-વેદનીય, **वुच्छिज्ज** = વિચ્છેદ પામે, **छच्च** = છ પ્રકૃતિ, **सत्त** = સાત, **व** = અથવા, **सुराउं** = સુરાયુને, **जया** = જ્યારે, **निट्ठं** = સંપૂર્ણતાએ **नेइ** = પમાડે, પહોંચાડે, બંધ સંપૂર્ણ કરે. ૭

ગાથાર્થ :

**પ્રમત્તમાં ત્રેસઠ**

**શોક, અરતિ, અસ્થિરદ્વિક, અપયશ, અસાતાવેદનીય, એ છનો અથવા દેવાયુ ને જો અહીં જ પૂરું કરે, તો સાતનો વિચ્છેદ થાય-૭.**

**વિશેષાર્થ :** પ્રમત્તગુણઠાણે ત્રેસઠ પ્રકૃતિનો બંધ હોય ત્યાં શોક ૧, અરતિ ૨, અસ્થિરનામ ૧, અશુભ નામ ૨, એ અથિર દુગ. એવં ૪, અયશ ૫, અસાતાવેદનીય ૬ એ છ પ્રકૃતિ વ્યુચ્છેદ પામે.

જો કોઈક પ્રમત્ત સંયતઃ દેવાયુ બાંધવા માંડે, અને સંપૂર્ણ કરી નિષ્ઠા (અંત) પમાડે. તો સાતનો અંત કરે. ॥૭॥

**गुणसट्ठि अप्पमत्ते, सुराऽऽउं बंधंतु जइ इहाऽऽगच्छे ।**
**अन्नह अट्ठावन्ना, जं आहारग-दुगं बंधे ॥ ८ ॥**

શબ્દાર્થ :

**गुण-सट्ठि** = ઓગણસાઠ, **अप्पमत्ते** = અપ્રમત્તે, **सुराऽऽउं**

= દેવાયુષ્ય, **बंधंतु** = બાંધતો, **जइ** = જો, **इह** = અહીં, **आगच्छे** = આવે તો, **अन्नह** = અન્યથા, નહીંતર, **अट्ठावन्ना** = અઠ્ઠાવન, **जं** = જે કારણ માટે, **आहार-दुगं** = આહારકદ્વિક, **बंधे** = બાંધે, બંધમાં હોય. ૮.

ગાથાર્થ :

**કેમકે-બંધમાં આહારકદ્વિક હોય એટલે-જો દેવનું આયુષ્ય બાંધતો બાંધતો આ ગુણઠાણે આવે, તો અપ્રમત્ત ગુણઠાણે ઓગણસાઠ, નહીંતર અઠ્ઠાવન. ૮.**

**વિશેષાર્થ :-** ત્રેસઠમાંથી પૂર્વોક્ત છ પ્રકૃતિનો અંત કરીને આહારકદ્વિક ભેળવીએ,ત્યારે ઓગણસાઠ પ્રકૃતિ અપ્રમત્ત ગુણઠાણે બંધાય.

દેવતાનું આયુ તો પ્રમત્ત જ બાંધવા માંડે, પણ અપ્રમત્ત બાંધવા ન માંડે, કેમકે-તે તો અતિ વિશુદ્ધ છે, અને સ્થિર પરિણામી છે. આયુ તો ઘોલના પરિણામે જ બંધાય. તે માટે- કોઈક પ્રમત્તે જ તે આયુ બાંધી રહે. અને કોઈક તે બાંધતો જ અપ્રમત્ત ગુણઠાણે આવે, અને તિહાં પૂરું કરે; ત્યારે અપ્રમત્તે પણ દેવાયુનો બંધ કહીએ. ત્યારે,છ નો અંત; અને આહારાકદ્વિક મેળવતાં ૫૯ બાંધે

અન્યથા, પ્રમત્ત થકોજ દેવાયુ બાંધી રહ્યો હોય, અથવા, દેવાયુ બાંધતો જ નહોય, ત્યારે ૬૩ માંથી ૭ કાઢીએ અને બે ભેળવીએ, ત્યારે ૫૮ બાંધે.

જે માટે -

**આહારાક શરીર ૧, આહારકાંગોપાંગ ૨,**

એ બે પ્રકૃતિ અપ્રમત્તજ બાંધે, પણ પ્રમત્ત ન બાંધે. ॥૮॥

## ૮ મે અપૂર્વકરણ ગુણસ્થાનકે :

अडवन्न अपुव्वाइम्मि निद्द-दुगंतो छपन्न पण-भागे ।
सुरदुग-पणिंदि-सुख-गइ-तस नव-उरल विणु-तणुवंगा ॥९॥
समचउर-निमिण-जिण-वन्न-अगुरुलहु-चउ-छलंसि तीसंतो ।
चरमे-छ-वीस-बंधो हास-रई-कुच्छ-भय-भेओ ॥१०॥

### શબ્દાર્થ :

**अडवन्न** = અટ્ઠાવન, **अपुव्वा-ऽऽइम्मि** = અપૂર્વકરણના પ્રથમ ભાગે, **निद्द-दुगंतो** = નિદ્રાદ્વિકનો અંત કરે, **छपन्न** = છપ્પનનો બંધ, **पण-भागे** = પાંચ ભાગે, **सुर-दुग** = સુરદ્વિક, **पणिंदि** = પંચેન્દ્રિય જાતિ, **सुखगइ** = શુભ વિહાયોગતિ, **तस नव** = ત્રસ-નવક, **उरल-विणु** = ઔદારિક વિના, **तणु** = શરીર ચાર, **उवंगा** = ઉપાંગ-વૈક્રિય અંગોપાંગ તથા આહારક અંગોપાંગ ૯.

**सम-चउर** = સમચતુરસ્ર સંસ્થાન; **निमिण** = નિર્માણ નામ, **जिण** = જિન નામ, **वन्न** = વર્ણચતુષ્ક, **अ-गुरु-लहु-चउ** = અગુરુલઘુ ચતુષ્ક, **छलंसि** = છટ્ઠે ભાગે, **तीसंतो** = ત્રીશનો અંત થવાથી, **चरमे** = છેલ્લે ભાગે, **छव्वीस-बंधो** = છવ્વીસનો બંધ, **हास-रइ-कुच्छ-भय** = હાસ્ય, રતિ, દુર્ગંછા અને ભયનો, **भेओ** = અંત-નાશ થવાથી, **हास-रई-कुछ-भय-भेओ** = હાસ્ય, રતિ, દુર્ગંચ્છા અને ભયનો અંત થવાથી. ૧૦.

### ગાથાર્થ :

અપૂર્વકરણના શરૂઆતના ભાગમાં અટ્ઠાવન, નિદ્રાદ્વિકનો અંત થવાથી પાંચ ભાગ સુધી છપ્પન, દેવદ્વિક, પંચેન્દ્રિયજાતિ,

શુભવિહાયોગતિ, ત્રસનવક, ઔદારિક સિવાયના શરીરો અને અંગોપાંગો. ૯.

**સમચતુરસ્ર સંસ્થાન, નિર્માણ નામકર્મ, તીર્થંકર નામકર્મ, વર્ણાદિ-ચતુષ્ક, અગુરુલઘુ ચતુષ્ક, એ ત્રીશનો છટ્ઠે ભાગે અંત કરવાથી, છેલ્લે ભાગે છવ્વીસ, હાસ્ય, રતિ, જુગુપ્સા અને ભયનો અંત કરવાથી. ૧૦.**

**વિશેષાર્થ :** હવે અપૂર્વકરણ ગુણઠાણાના સાત ભાગ કરીએ, તેમાં-

પહેલે ભાગે એ જ પૂર્વોક્ત ૫૮ પ્રકૃતિ બાંધે.

એ અઠ્ઠાવન માંહેથી-નિદ્રા ૧, પ્રચલા ૨,

એ બેનો અંત કરીએ, ત્યારે-બીજો, ત્રીજો, ચોથો, પાંચમો અને છઠ્ઠો એ પાંચ ભાગને વિષે છપ્પન-૫૬ પ્રકૃતિનો બંધ હોય. દેવગતિ ૧, દેવાનુપૂર્વી ૨ એ દેવદ્વિક; પંચેન્દ્રિય જાતિ ૧, શુભવિહાયોગતિ ૧, ત્રસ ૧, બાદર ૨, પર્યાપ્ત ૩, પ્રત્યેક ૪, સ્થિર ૫, શુભ ૬, સુભગ ૭, સુસ્વર ૮, આદેય ૯ એ ત્રસ નવક, ઔદારિક વિના વૈક્રિય ૧, આહારક ૨, તૈજસ ૩, કાર્મણ ૪, એ ચાર શરીર અને વૈક્રિયોપાંગ ૧, આહારકોપાંગ ૨ એ બે ઉપાંગ, સમચતુરસ્ર સંસ્થાન ૧, નિર્મ્માણનામ ૧, જિનનામ ૧, વર્ણ ૧, ગંધ ૨, રસ ૩, સ્પર્શ ૪ વર્ણચતુષ્ક; અગુરુલઘુચતુષ્ક તે અગુરુલઘુ ૧, ઉપઘાત ૨, પરાઘાત ૩, ઉચ્છ્વાસ ૪ એ ચાર, એમ ત્રીશ પ્રકૃતિનો છઠ્ઠા ભાગને છેડે છપ્પન-૫૬ માંહેથી અંત કરીએ, ત્યારે છેલ્લે સાતમે ભાગે છવ્વીસ ૨૬ પ્રકૃતિનો બંધ હોય.

હવે, તે છવ્વીસ માંહેથી-

**હાસ્ય ૧, રતિ ૨, જુગુપ્સા ૩, અને ભય ૪**

એ ચારનો ભેદ એટલે અંત કરીએ, ત્યારે ॥૯-૧૦॥

## ૯ મે અને ૧૦ મે ગુણસ્થાનકે

**अ-निअट्टि-भाग-पणगे इगेग-हीणो दु-वीस-विह-बंधो।**
**पुम संजलण-चउण्हं कमेण छेओ सतर सुहुमे ।११।**

**શબ્દાર્થ :**

**अनिअट्टि** = અનિવૃત્તિના, **भागपणगे** = પાંચ ભાગે, **अनिअट्टि-भाग-पणगे** = અનિવૃત્તિના પાંચ ભાગમાં, **इगेगहीणो** = એકેક પ્રકૃતિ ઓછી થવાથી, **दु-वीस-विह-बंधो** = બાવીશ પ્રકૃતિનો બંધ હોય, **पुम** = પુરુષવેદ, **संजलण** = સંજ્વલન, **चउण्हं** = ચતુષ્ક, **संजलण-चउण्हं** = સંજ્વલનચતુષ્ક, **कमेण** = અનુક્રમે, **छेओ** = છેદ થવાથી, **सतर** = સત્તર, **सुहुमे** = સૂક્ષ્મસંપરાય ગુણઠાણે.

ગાથાર્થ :

અનિવૃત્તિકરણ ગુણઠાણાના પાંચેય ભાગમાં એક એક પ્રકૃતિ ઓચ્છી-એવો બાવીશનો બંધ હોય-પુરુષવેદ અને સંજ્વલન ચતુષ્કોમાંથી અનુક્રમે (એક એક) ઓચ્છી કરવાથી સૂક્ષ્મસંપરાયે સત્તર હોય. ૧૧.

**વિશેષાર્થ :** અનિવૃત્તિ, બાદર સંપરાયનામા નવમા ગુણઠાણાના પાંચ ભાગ કરીએ તે પાંચેય ભાગને વિષે એકેકી પ્રકૃતિ ઓછી કરીએ-એવો બાવીશનો બંધ હોય. તે કેમ ?

તે કહે છે-

પહેલે ભાગે-બાવીશનો બંધ,

બીજે ભાગે-પુરુષવેદ ઓછો કર્યે, એકવીશનો બંધ,

ત્રીજે ભાગે-સંજ્વલનક્રોધ ટાળ્યે,વીશનો બંધ,

ચોથે ભાગે-સંજ્વનમાન ટાળ્યે, ઓગણીશનો બંધ,

પાંચમેભાગે-સંજ્વલનમાયા ટાળ્યે, અઢારનો બંધ,

ત્યાર પછી અનુક્રમે સંજવલનલોભ ટાળ્યે, સૂક્ષ્મ સંપરાયનામા દશમે ગુણઠાણે સત્તર પ્રકૃતિનો બંધ હોય. ॥૧૧॥

**चउ-दंसणुच्च-जस-नाण-विग्घ-दसगंति सोलसुच्छेओ ।**
**तिसु साय-बंध छेओ सजोगि बंधंतुऽणंतो अ ॥१२॥**

શબ્દાર્થ :

**चउदंसणुच्च** = ચાર દર્શનાવરણીય તથા ઉચ્ચૈર્ગોત્ર, **जस** = યશ નામકર્મ, **नाण** = જ્ઞાનાવરણીય અને, **विग्घ** = પાંચ અંતરાય, **दसगं** = એ દશક, **चउ-दंसणुच्च-जस नाण-विग्घ-दसगं** = ચાર દર્શન, ઉચ્ચગોત્ર, યશનામકર્મ, જ્ઞનાવરણીય અને અંતરાય દશક, **ति** = ઇતિ, એ પ્રમાણે, **सोलस** = સોલનો, **उच्छेओ** = વિચ્છેદ હોવાથી, **तिसु** = ત્રણ ગુણઠાણે, **साय-बंध** = સાતાવેદનીયનો બંધ, **छेओ** = છેદ થાય, **स-जोगि** = સયોગિને અંતે, **बंधंतु** = સાતાવેદનીયના બંધનો અંત, **अणंतो** = અનંતો. ૧૨.

ગાથાર્થ :

ચાર દર્શન, ઉચ્ચગોત્ર, યશનામકર્મ, જ્ઞાનાવરણીય અને અંતરાય દશક, એમ સોળ પ્રકૃતિઓનો અંત થાય છે, એટલે ત્રણને વિષે સાતાવદેનીયનો બંધ હોય છે. સજોગિમાં (તેનો પણ) છેદ થવાથી બંધનો અનંત અંત થાય છે. ૧૨

વિશેષાર્થ : ચક્ષુ ૧, અચક્ષુ ૨, અવધિ ૩, અને કેવલ ૪, એ ચાર દર્શનાવરણીય.

ઉચ્ચૈર્ગોત્ર ૧, યશનામ ૧, જ્ઞાનાવરણીય પાંચ અને અંતરાય પાંચ મળી દશ.

એમ સર્વ મળીને સોળ પ્રકૃતિનો સાંપરાયિક બંધ છે, તે માટે, દશમાને અંતે છેદ થાય, કેમકે-આગળ સાંપરાયિક બંધ નથી.

ઉપશાન્તમોહ ૧, ક્ષીણમોહ ૨, અને સયોગી ૩,

એ ત્રણ ગુણઠાણે કેવળ યોગપ્રત્યયિક-એક સાતાવેદનીયનો બંધ છે. તે પણ બે સમયની સ્થિતિનો છે.

એક સમયે બાંધે, બીજે સમયે વેદે, અને ત્રીજે સમયે નિર્જરે. તે સયોગિ ગુણઠાણાને અંતે સાતાવેદનીયના બંધનો પણ અંત કરે, તે અંત, અનંતો છે; એટલે-હવે ફરી કોઈ વારે બાંધશે નહીં. ॥૧૨॥

इति बन्धाधिकारः संपूर्णः

# ૨. ઉદય

## ૨ ઉદયની વ્યાખ્યા : ઓઘે અને પ્રથમ ગુણસ્થાનકે પ્રકૃતિઓ-

**उदओ विवाग-वेअणमुदीरणम-पत्ति, इह दु-वीस-सयं ।**
**सत्तर-सयं मिच्छे मीस-सम्म-आहार-जिण-ऽणुदया ॥१३॥**

**શબ્દાર્થ :**

**उदओ** = ઉદય (તે) **विवाग** = વિપાક(કાળે), અનુભવ વડે, **वेअणं** = વેદવું, **उदीरणं** = ઉદીરણા (તે), **अपत्ति** = (કાળ) અણ પહોંચ્યે ખેંચીને વેદવું, **इह** = અહીં, ઉદય-ઉદીરણામાં, **दु-वीस-सयं** = એકસો બાવીશ **सत्तर-सयं** = એકસો સત્તર, **मिच्छे** = મિથ્યાત્વે, **मीस** = મિશ્ર મોહનીયનો,

# બંધયંત્રકમ્

| ૧ | ગુણસ્થાનેષુ | મૂલપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ | જ્ઞાના૦ | દર્શના૦ | વેદનીય | મોહનીય | આયુઃ | નામકર્મ | ગોત્ર | અંતરાય | અબંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૮ | ૧૨૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૦ |
| ૧ | મિથ્યાત્વે | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૩ |
| ૨ | સાસ્વાદને | ૮ | ૧૦૧ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૫૧ | ૨ | ૫ | ૧૯ |
| ૩ | મિશ્રે | ૭ | ૭૪ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૬ | ૧ | ૫ | ૪૬ |
| ૪ | અવિરતે | ૮ | ૭૭ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૨ | ૩૭ | ૧ | ૫ | ૪૩ |
| ૫ | દેશવિરતે | ૮ | ૬૭ | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૫૩ |
| ૬ | પ્રમત્તસંયતે | ૮ | ૬૩ | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૫૭ |
| ૭ | અપ્રમત્તે | ૮/૭ | ૫૯/૫૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૧ | ૩૧ | ૧ | ૫ | ૬૧/૬૨ |
| ૮ | અપૂ૦ ભાગ ૧ | ૭ | ૫૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૬૨ |
| અનિવૃત્તિભા. ૫. ૯ અપૂર્વકરણ ભા. ૭ | ૨ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૬૪ |
| | ૩ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૬૪ |
| | ૪ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૬૪ |
| | ૫ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૬૪ |
| | ૬ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૬૪ |
| | ૭ | ૭ | ૨૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૧ | ૧ | ૫ | ૯૪ |
| | અનિ૦ ભાગ ૧ | ૭ | ૨૨ | ૫ | ૪ | ૧ | ૫ | ૦ | ૧ | ૧ | ૫ | ૯૮ |
| | ૨ | ૭ | ૨૧ | ૫ | ૪ | ૧ | ૪ | ૦ | ૧ | ૧ | ૫ | ૯૯ |
| | ૩ | ૭ | ૨૦ | ૫ | ૪ | ૧ | ૩ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૦૦ |
| | ૪ | ૭ | ૧૯ | ૫ | ૪ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૦૧ |
| | ૫ | ૭ | ૧૮ | ૫ | ૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૦૨ |
| ૧૦ | સૂક્ષ્મ સંપ૦ | ૬ | ૧૭ | ૫ | ૪ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૦૩ |
| ૧૧ | ઉપશાંત૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧૯ |
| ૧૨ | ક્ષીણમોહે | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧૯ |
| ૧૩ | સયોગિ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧૯ |
| ૧૪ | અયોગિ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨૦ |

**सम्म** = સમ્યક્ત્વ મોહનીયનો, **आहार**= આહારકદ્વિકનો, **जिण** = જિનનામ કર્મનો, **अणुदया** = ઉદય ન હોવાથી **मीस-सम्म-आहार-जिणऽ-णुदया** = મિશ્ર મોહનીય, સમ્યક્ત્વ મોહનીય, આહારકદ્વિક અને જિનનામકર્મનો અનુદય થવાથી. ૧૩.

ગાથાર્થ :

વિપાકે વેદવું, તે ઉદય, અપ્રાપ્ત (વિપાકે) વેદવું તે ઉદીરણા, એ બન્નેયમાં એકસો બાવીશ (પ્રકૃતિઓ) હોય.

મિશ્રમોહનીય અને સમ્યક્ત્વ મોહનીય આહારકદ્વિક અને જિનનામકર્મનો અનુદય થવાથી મિથ્યાત્વગુણસ્થાનકે એકસો સત્તર હોય. ૧૩

**વિશેષાર્થ :** હવે ઉદય કહે છે -

વિપાકે - અનુભવે કરીને કર્મ્મનું વેદવું-ભોગવવું. તે ઉદય કહીએ.

કર્મ્મ પુદ્ગલ યથાસ્થિતિએ બાંધ્યા અને ઉદય પ્રાપ્ત ન થયા હોય, તેને ઉદયે આણવા, તે ઉદીરણા કહીએ.

એ ઉદયે અને ઉદીરણાએ ઓઘે-સામાન્યપણે-એકસો બાવીશ પ્રકૃતિઓ હોય. તે કઈ ?

**જ્ઞાનાવરણી ૫, વેદનીય ૨, આયુઃ ૪, ગોત્ર ૨, દર્શનાવરણીય ૯, મોહનીય ૨૮,નામકર્મ ૬૭, અંતરાય ૫ એ રીતે ૧૨૨.**

તેમાં-મિથ્યાત્વગુણઠાણે એકસો સત્તરનો ઉદય હોય, અને પાંચનો ન હોય.

તે પાંચ કઈ ?

**મિશ્રમોહનીય ૧, સમ્યક્ત્વમોહનીય ૨, આહારકદ્વિક ૪,** જિનનામ ૫ એ પાંચનો ઉદય ન હોય તેનું કારણ એ કે-

**મિશ્રનો ઉદય તો મિશ્રગુણઠાણેજ હોય.**

સમ્યક્ત્વ (મોહનીય)નો ઉદય ચોથાથી જ હોય.

આહારકદ્વિકનો ઉદય તો પ્રમત્તગુણઠાણે જ હોય.

જિનનામનો ઉદય તેરમે અને ચૌદમે ગુણઠાણે જ હોય તે માટે-અહીં મિથ્યાત્વ ન હોય. ૧ ॥ ૧૩ ॥

૨ જે ગુણસ્થાનકે

**सुहुमतिगाऽऽयव मिच्छं मिच्छं तं सासणे इगार-सयं ।**
**निरया-णुपुव्वि-ऽणुदया अण-थावर-इग-विगल-अंतो ॥१४॥**

શબ્દાર્થ :

**सुहुम-तिग** = સૂક્ષ્મત્રિક, **आयव** = આતપ નામ, **मिच्छं** = મિથ્યાત્વ મોહનીય, **मिच्छंतं** = મિથ્યાત્વ ગુણઠાણે અંત થાય, **सासणे** = સાસ્વાદને, **इगार-सयं** = એકસો અગિયાર, **निरया-ऽणुपुव्वि-ऽणुदया** = નરકાનુ-પૂર્વિનો, અનુદય હોવાથી, **अण** = અનંતાનુબંધિ ચાર, **थावर** = સ્થાવર નામ, **इग** = એકેન્દ્રિય જાતિ, **विगल** = વિકલેન્દ્રિય, **अंतो** = અંત હોય. ૧૪.

ગાથાર્થ :

સૂક્ષ્મત્રિક, આતાપનામકર્મ અને મિથ્યાત્વમોહનીયનો મિથ્યાત્વે અંત થાય છે, એટલે સાસ્વાદને નરકાનુપૂર્વીનો અનુદય થવાથી-એકસો અગિયાર. અનંતાનુબંધીય, સ્થાવર, એકેન્દ્રિય જાતિ, વિકલેન્દ્રિય જાતિનો અંત થવાથી. ૧૪.

વિશેષાર્થ : સૂક્ષ્મ ૧, અપર્યાપ્ત ૨, સાધારણ ૩, એ સૂક્ષ્મત્રિક, આતપ નામકર્મ ૧, મિથ્યાત્વમોહનીય ૧

એ પાંચ પ્રકૃતિ મિથ્યાત્વ સુધી જ ઉદયમાં હોય, પછી ન હોય, ત્યારે સાસ્વાદને એકસો અગિયારનો ઉદય હોય.

૧૧૭ માંહેથી પાંચ કાઢીએ, ત્યારે તો એકસો બાર રહે, પણ એ ગુણઠાણે **નરકની આનુપૂર્વીનો** ઉદય ન હોય, તે માટે ૧૧૧ નો ઉદય હોય.

ઈહાં, એ ભાવના છે, કે-

**સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ** એ તો મિથ્યાત્વી હોય છે. સાસ્વાદની એહમાં ઉપજે નહીં, અને પછી પણ એ સાસ્વાદનપણું પામે નહીં, તે માટે-સાસ્વાદને સૂક્ષ્મત્રિકનો ઉદય નહીં.

અને મિથ્યાત્વમોહનીય તો મિથ્યાત્વેજ હોય, તે માટે-સાસ્વાદને ન હોય,

તથા, સાસ્વાદન પ્રતિપન્ન જીવ નરકે ઉપજે નહીં, તે માટે-સાસ્વાદને નરકાનુપૂર્વીનો ઉદય ન હોય ૨.

હવે, **અનંતાનુબંધિ ૪, સ્થાવર નામ ૧**

**એકેન્દ્રિયજાતિ ૧, બેઈન્દ્રિય ૧, તેઈન્દ્રિય ૨, ચઉરિન્દ્રિય** ૩, જાતિ એ નવ પ્રકૃતિનો અંત કરીએ. ॥૧૪॥

**૩ જે અને ૪ થે ગુણસ્થાનકે**

**मीसे सयमणुपुव्वी-ऽणुदया मीसोदएण, मीसंतो ।**
**चउ-सयमजए सम्मा-ऽणुपुव्वि-खेवा, बिअ-कसाया ॥१५॥**

**શબ્દાર્થ :**

**मीसे** = મિશ્ર ગુણઠાણે, **सयं** = સો, **अणुपुव्वी-ऽणुदया** = આનુપૂર્વીનો ઉદય ન હોય તેથી, **मीसोदअेण** = મિશ્ર મોહનીયનો ઉદય હોય તેથી, **मीसंतो** = મિશ્રે અંત થાય ત્યારે, **चउ-सयं** = એકસો ચાર, **अ-जअे** = અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણઠાણે, **सम्म** = સમ્યક્ત્વ મોહનીય, **अणुपुव्वी** = ચાર

આનુપૂર્વ્વી, **खेवा** = ખેપવીએ-નાંખીએ તેથી, **अणुपुव्विखेवा** = આનુપૂર્વી મેળવવાથી, **बीअ** = બીજા અપ્રત્યાખ્યાનીય, **कसाया** = કષાયો, **बीअ-कसाया** = બીજા કષાયો. ૧૫.

ગાથાર્થ :

**આનુપૂર્વીનો ઉદય ન થવાથી, અને મિશ્રમોહનીયનો ઉદય થવાથી મિશ્રગુણઠાણે એકસો (પ્રકૃતિઓ) હોય. મિશ્રમોહનીયનો અંત થવાથી અને સમ્યક્ત્વ મોહનીય તથા આનુપૂર્વીઓ ઉમેરવાથી અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે એકસો ચાર (પ્રકૃતિઓ) હોય ત્યાં બીજા કષાયોનો-૧૫.**

**વિશેષાર્થ :** અને મિશ્રગુણઠાણે-

**તિર્યગાનુપૂર્વી ૧, મનુષ્યાનુપૂર્વી ૨, દેવાનુપૂર્વી** ૩ એ ત્રણ આનુપૂર્વીનો પણ ઉદય ન હોય.

કેમકે-**મિશ્રમાં** મરે નહીં, અને આનુપૂર્વીનો ઉદય તો વિગ્રહગતિએ જ હોય. તે માટે ૧૧૧ માંથી બાર કાઢીએ, અને મિશ્રમોહનીયનો ઉદય મિશ્ર ગુણઠાણેજ હોય, તે માટે-તે એક ભેળવીએ, ત્યારે ૧૦૦ સો પ્રકૃતિનો ઉદય મિશ્ર ગુણઠાણે હોય. ૩.

હવે, મિશ્રમોહનીયનો અંત કરીએ, અને સમ્યક્ત્વ મોહનીય અને ચાર આનુપૂર્વી ક્ષેપવીએ (ભેળવીએ), ત્યારે અવિરતિ ગુણઠાણે એકસો ચારનો ઉદય હોય.

અવિરતિ સમ્યગ્દૃષ્ટિ મરીને ચારેય ગતિએ જાય, ત્યારે વાટે (રસ્તામાં) ચારેય આનુપૂર્વી ઉદયે આવે. ૪.

હવે દેશવિરતિ ગુણઠાણે બીજા અપ્રત્યાખ્યાનીય ચાર કષાય એટલે અપ્રત્યાખ્યાનીય ક્રોધ, અપ્રત્યાખ્યાનીય માન, અપ્રત્યાખ્યાનીય માયા, અપ્રત્યાખ્યાનીય લોભ. એ ૪-॥૧૫॥

### ૫ મે ૬ટ્ઠે અને ૭મે ગુણસ્થાનકે

मणु तिरि-ऽणुपुव्वि-विउव-ऽट्ठ-दुहग-अणाइज्ज-दुग सतरछेओ ।
सगसीइ देसि-तिरि-गइ-आउ निउज्जोअ ति कसाया ॥१६॥
अट्ठ-च्छेओ इगसी पमत्ति आहार-जुअल-पक्खेवा ।
थीण-तिगा-ऽऽहारग-दुग-छेओ छ-स्सयरिअ-पमत्ते ॥१७॥

#### શબ્દાર્થ :

**मणु-तिरि**= મનુષ્ય અને તિર્યંચની, **अणुपुव्वि**= આનુપૂર્વી, **विउवट्ठ** = વૈક્રિયાષ્ટક, **दुहग** = દૌર્ભાગ્ય, **अणाइज्ज-दुग** = અનાદેયદ્વિક, **सत्तर-छेओ** = સત્તરનો વિચ્છેદ, **सगसीइ** = સત્યાશી, **देसि** = દેશવિરતિએ, **तिरि-गइ-आउ**= તિર્યંચગતિ, તિર્યંચાયુ, **नि** = નીચગોત્ર, **उज्जोअ** = ઉદ્યોતનામ, **ति** = ત્રીજા (પ્રત્યાખ્યાનીય) **कसाया** = કષાયો, (કષાયની ચોકડી), **अट्ठ-च्छेओ** = આઠનો વિચ્છેદ, **इगसी** = એકાશી, **पमत्ति** = પ્રમત્ત ગુણઠાણે, **आहार-जुअल**= આહારક યુગલને, **पक्खेवा** = પ્રક્ષેપવાથી, **थीण-तिग** = થીણદ્ધિત્રિક, **आहारग-दुग** = આહારકદ્વિક, **छेओ** = વિચ્છેદ થાય, **छस्सयरि** = છોંતેર, **अ-पमत्ते** = અપ્રમત્ત ગુણઠાણે. ૧૬-૧૭.

#### ગાથાર્થ :

**મનુષ્ય અને તિર્યંચઆનુપૂર્વી, વૈક્રિયાષ્ટક, દુર્ભગ અને અનાદેય-દ્વિક, એ સત્તરનો અંત થવાથી દેશવિરતિ ગુણસ્થાનકે સત્યાશી (પ્રકૃતિઓ) હોય. તિર્યંચ ગતિ અને આયુષ્ય, નીચગોત્ર, ઉદ્યોત નામ-કર્મ, ત્રીજા કષાયો - ૧૬.**

**એ આઠનો અંત થવાથી અને આહારકદ્વિક ઉમેરવાથી એક્યાશી પ્રમત્તગુણસ્થાનકે હોય. થિણદ્ધિત્રિક અને આહારકદ્વિકનો અંત થવાથી અપ્રમત્ત ગુણસ્થાનકે છોંતેર હોય. ૧૭.**

**વિશેષાર્થ :** મનુષ્યાનુપૂર્વી ૧, તિર્યંચાનુપૂર્વીનો પણ ઉદય ન હોય, કેમકે-દેશવિરતિ મરીને મનુષ્ય અને તિર્યંચમાં જાય નહીં, તે માટે.

**દેવત્રિક ૩, નરકત્રિક ૬, વૈક્રિયદ્વિક ૮.**

એ-વૈક્રિયાષ્ટક તો દેવતા, નારકીને ઉદયે હોય તેહને તો દેશવિરતિ ગુણઠાણું નથી, અને મનુષ્ય, તિર્યંચને દેશવિરતિ ગુણઠાણું છે, તેહને વૈક્રિયાષ્ટક નથી.

યદ્યપિ-મનુષ્ય, તિર્યંચને ઉત્તરવૈક્રિય છે, અને તે અવિરત સુધી તો ચક્રવર્ત્યાદિક ઘણાને ઉદયે હોય, અને તે ઉપરાંત પણ વિષ્ણુ-કુમારાદિકને વૈક્રિય લબ્ધિ સાંભળી છે. અને છઠ્ઠે કર્મ્મગ્રંથે પણ યોગના ભાંગામાંહે અપ્રમત્ત સુધી વૈક્રિયદ્વિકનો ઉદય કહ્યો છે, તો પણ, ઇહાં-ગુણપ્રત્યયિક ઉત્તરવૈક્રિયની વિવક્ષા કીધી નથી.

કર્મ્મવિપાકે-जइदेवुत्तरविक्किय०-એ પદે યતિને ગુણપ્રત્યયિક વૈક્રિય શરીર અને ઉદ્યોત નામ કહ્યાં છે, અને છઠ્ઠે કર્મ્મગ્રંથે સાતમા ગુણઠાણા સુધી વૈક્રિયદ્વિક, આહારક અને ઉદ્યોતના ભાંગા કહ્યા છે, પણ ઇહાં પૂર્વાચાર્યે **કર્મસ્તવ** માંહે એ ન ગણ્યા.

ઉદ્યોતને તિર્યંચ પ્રત્યયિકજ કહ્યું અને વૈક્રિયને દેવ નરક પ્રત્યયિકજ કહ્યું. ગુણપ્રત્યયિક વિવક્ષ્યું નહિ.

વળી દુર્ભગનામ ૧, અનાદેય ૨, અયશ ૩, એ ત્રણનો દેશવિરતિને-ગુણપ્રત્યય માટે-ઉદયે ન હોય.

એ સત્તર પ્રકૃતિનો છેદ કરીએ-એકસો ચારમાંથી સત્તર (૧૭) કાઢીએ. ત્યારે-દેશવિરતિ ગુણઠાણે સત્યાસી (૮૭)નો ઉદય હોય. ૫. હવે-

**તિર્યંચની ગતિ ૧, તિર્યંચનું આયુઃ ૨,**

એહને તો જાતિ સ્વભાવે જ પ્રમત્ત ગુણઠાણું ન હોય, અને નીચૈર્ગોત્ર તો ગુણપ્રત્યે પ્રમત્તને ન હોય,

ઉદ્યોત નામ તો તિર્યંચમાંજ હોય,

અને ત્રીજા પ્રત્યાખ્યાનીય કષાય તો સર્વવિરતિના ઘાતક છે.

તે માટે એ આઠનો છેદ કરીએ-૮૭ માંહેથી ૮ કાઢીએ, અને આહારકદ્વિક ભેળવીએ, ત્યારે છઠ્ઠે, પ્રમત્ત સંયત ગુણઠાણે ૮૧ પ્રકૃતિનો ઉદય હોય.

આહારકદ્વિક તો પ્રમત્ત સંયતજ કરે, તે માટે છઠ્ઠેજ ઉદયે હોય. ૬ વળી-

નિદ્રાનિદ્રા ૧, પ્રચલાપ્રચલા ૨, થીણદ્ધિ ૩, એ થીણદ્ધિત્રિક અને આહારકદ્વિક.

એ પાંચનો ૮૧ માંહેથી છેદ કરીએ, ત્યારે અપ્રમત્ત ગુણઠાણે છોંતેર ૭૬નો ઉદય હોય.

એ પાંચ પ્રકૃતિ પ્રમાદ રૂપ છે, તે માટે તે અપ્રમત્તને ન હોય.

યદ્યપિ-આહારક શરીર તો પ્રમત્ત સાધુ કરે, પણ પછી વિશુદ્ધ પરિણામે આહારકવંત થકો અપ્રમત્ત ગુણઠાણે આવે, ત્યારે અપ્રમત્તને પણ આહારકનો ઉદય હોય, પણ અલ્પકાલીન, માટે-આચાર્યે-વિવક્ષ્યું નથી. ૭. ૧૬-૧૭

### ૮મા, ૯મા, ૧૦મા અને ૧૧ ગુણસ્થાનકે

**सम्मत्तं तिम-संघयण-तिअग-च्छेओ बिसत्तरि अ-पुव्वे ।**
**हासा-ऽऽइ-छक्क-अंतो छसट्ठिअनिअट्टि वेअ-तिगं ॥१८॥**
**संजलण-तिगं छ-छेओ सट्ठी सुहुमंमि तुरिअलोभंतो ।**
**उवसंत-गुणे गुण-सट्ठि रिसह-नाराय-दुग-अंतो ॥१९॥**

### શબ્દાર્થ :

**सम्मत्त** = સમકિત મોહનીય, **अंतिम** = છેલ્લાં, **संघयण-तियग** = સંઘયણત્રિકનો, **च्छेओ** = વિચ્છેદ, **सम्मत्तंतिम-संघयण-तियग-च्छेओ** = સમ્યક્ત્વ મોહનીય અને છેલ્લા ત્રણ સંઘયણોનો વિચ્છેદ, **बिसत्तरि** = બહોંતેર, **अ-पुव्वे** = અપૂર્વકરણે, **हासाइ** = હાસ્યાદિ, **छक्क** = ષટ્કનો, **अंतो** = અંત, **हासा-ऽऽइछक्क-अंतो** = હાસ્યાદિ છનો અંત, **छसट्ठि** = છાસઠ, **अनिअट्टि** = અનિવૃત્તિગુણઠાણે, **वेअ-तिगं** = વેદત્રિક ૧૮.

**संजलण-तिगं** = સંજ્વલનત્રિક, **छ-च्छेओ** = છનો વિચ્છેદ, **सट्ठी** = સાઠ, **सुहुमंमि** = સૂક્ષ્મ સંપરાયે, **तुरिय** = ચોથા, **लोभंतो** = લોભનો અંત, **उवसंत-गुणे** = ઉપશાંતમોહ ગુણઠાણે, **गुणसट्ठि** = ઓગણસાઠ, **रिसहनाराय-दुग-अंतो** = ઋષભનારાચદ્વિકનો અંત (થાય) ૧૯.

### ગાથાર્થ :

સમ્યક્ત્વ મોહનીય અને છેલ્લા ત્રણ સંઘયણનો અંત થવાથી અપૂર્વકરણગુણસ્થાનકે બોંતેર હાસ્યાદિષટ્કનો અંત થાય, ત્યારે-અનિવૃત્તિ ગુણસ્થાનકે છાસઠ. વેદત્રિક - ૧૮.

સંજ્વલનત્રિક એ છનો અંત થાય, ત્યારે-સૂક્ષ્મ સંપરાય ગુણ-સ્થાનકે સાઠ. ચોથા લોભનો અંત થવાથી ઉપશાંતમોહગુણસ્થાનકે ઓગણસાઠ. ઋષભનારાચદ્વિકનો અંત થવાથી-૧૯.

**વિશેષાર્થ :-** સમ્યક્ત્વ મોહનીય ૧,

અંતિમ એટલે છેલ્લાં ૩ સંઘયણ-

અર્દ્ધનારાચ ૧, કીલિકા ૨, છેવટ્ઠું ૩.

એ ચાર પ્રકૃતિ ૭૬ છોંતેર માંહેથી બાદ કરીએ, ત્યારે અપૂર્વકરણ ગુણઠાણે બ્હોંતેર પ્રકૃતિનો ઉદય હોય.

સમ્યક્ત્વ **મોહનીય** ઉપશમાવે તથા ક્ષય કરે, ત્યારે જ શ્રેણિએ ચઢે. ત્યાં-ઔપશમિક તથા ક્ષાયિક સમ્યક્ત્વ હોય, તે અપૌદ્ગલિક છે. તે માટે-સમ્યક્ત્વ મોહનીય ન હોય, અને છેલ્લાં ત્રણ સંઘયણવાળા તો મંદ વિશુદ્ધિવાળા હોય, માટે શ્રેણિએ ચઢે જ નહિ, તે માટે છેલ્લાં ત્રણ સંઘયણ ન હોય. ૮.

**હાસ્ય ૧, રતિ ૨, અરતિ ૩, શોક ૪, ભય ૫, જુગુપ્સા ૬** એ હાસ્યાદિક ષટ્ક સંક્લિષ્ટ પરિણામરૂપ છે, તે માટે-બ્હોંતેર માંહેથી એ છનો અંત કરીએ, ત્યારે-**અનિવૃત્તિ બાદર** ગુણઠાણે છાસઠનો ઉદય હોય. ૯

હવે-**સ્ત્રીવેદ ૧, પુરુષવેદ ૨, નપુંસકવેદ ૩,** અને સંજ્વલન-ત્રિક તે-**સંજ્વલન ક્રોધ ૧, માન ૨, માયા ૩** એ છનો ભેદ-અંત કરે, ત્યારે **સૂક્ષ્મસંપરાય** ગુણઠાણે સાઠ પ્રકૃતિનો ઉદય હોય. ૧૦.

ચોથા **સંજ્વલન લોભ**નો અંત કરે, ત્યારે **ઉપશાંતમોહ** ગુણઠાણે ઓગણસાઠ પ્રકૃતિનો ઉદય હોય. ૧૧.

**ઋષભનારાચ ૧, અને નારાચ ૨**, એ બે સંઘયણ ટાળીએ. કેમકે-**ઉપશમશ્રેણિ** તે અગિયારમા સુધીજ હોય તે પ્રથમના ત્રણ સંઘયણવડે આરોહાય અને ક્ષપકશ્રેણિ તો **વજ્રઋષભનારાચ** સંઘયણવાળો જ કરે, તે માટે-બારમે ગુણઠાણે તે એકજ સંઘયણ હોય-૧૮-૧૯.

### ૧૨મે, ૧૩મે, ૧૪મે ગુણસ્થાનકે

**सगवन्न-खीण-दु-चरिमि निद्द-दुगंतो अ चरिमि पणवन्ना ।**
**नाणंतराय-दंसण-चउ-छेओ सजोगि बायाला ।।२०।।**

**तित्थुदया उरला-ऽथिर-ख-गइ-दुग परित्त-तिग छ-संठाणा ।**
**अगुरुलहु-वन्न-चउ-निमिण-तेअ-कम्मा-ऽऽई-संघयणं ।२१।**

**दूसर-सूसर-साया-ऽसाएगयरं च तीस-वुच्छेओ ।**
**बारस अजोगि सुभगा-ऽऽइज्ज-जस-ऽन्नयर-वेअणिअं ॥२२॥**
**तस-तिग-पणिंदि-मणुआ-ऽऽउ गइ-जिणुच्चं ति चरिम**
**समयंतो ॥ उदओ समत्तो ॥**

### શબ્દાર્થ :

**सगवन्न** = સત્તાવન, **खीण-दु-चरिमि** =ક્ષીણમોહના, છેલ્લાના આગલા (ઉપાન્ત્ય) સમયે, **निद्द-दुगंतो** = નિદ્રાદ્વિકનો અંત (થાય), **चरिमि** = છેલ્લા સમયે, **पणवन्ना** = પંચાવન, **नाण** = જ્ઞાનાવરણીય પાંચ, **अंतराय** = અંતરાય પાંચ, **दंसण-चउ** = દર્શનાવરણીય ચાર, **छेओ** = છેદ થાય, **नाणंतराय-दंसण-चउ-छेओ** = જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ અને ચાર દર્શનાવરણીયનો અંત થવાથી, **सजोगि** = સયોગી ગુણઠાણે, **बायाला** = બેંતાલીશ. ૨૦

**तित्थुदया** = તીર્થંકર નામકર્મના ઉદયથી, **उरल-अ-थिर-ख-गइ-दुग** = ઔદારિકદ્વિક, અસ્થિરદ્વિક, ખગતિદ્વિક, **परित्त-तिग** = પ્રત્યેકત્રિક, **छ-संठाणा** = છ સંસ્થાન, **अगुरुलहु** = અગુરુલઘુ અને **वन्न-चउ** = વર્ણ ચતુષ્ક, **निमिण** = નિર્માણનામ, **तेअ** = તૈજસ શરીર, **कम्म** = કાર્મણ શરીર, **आइ-संघयणं** = પહેલું સંઘયણ. ૨૧

**दूसर** = દુઃસ્વર નામ, **सूसर** = સુસ્વર નામ, **साया** = સાતાવેદનીય, **असाया** = અસાતા વેદનીય, **अेगयरं** = બેમાંની એક, **तीस** = ત્રીશનો, **वुच्छेओ** = વિચ્છેદ (હોય), **बारस** = બાર (નો ઉદય), **अजोगि** = અયોગી ગુણઠાણે, **सुभग** = સૌભાગ્ય નામ, **आइज्ज** = આદેય નામ, **जस** = યશનામ, **अन्नयर-वेअणिअं** = બે માંહેનું એક વેદનીય. ૨૨

**तस-तिग** = ત્રસત્રિક, **पणिंदि** = પંચેન્દ્રિયજાતિ, **मणुआ-ऽऽउ-गइ** = મનુષ્ય આયુ અને ગતિ, **जिणुच्चं** = જિનનામ અને ઉચ્ચૈર્ગોત્ર, **ति** = એમ, **चरिम-समयंतो** = છેલ્લે સમયે અંત થાય. **उदओ** = ઉદયનો અધિકાર, **सम्मत्तो** = સમાપ્ત થયો. ૨૩.

ગાથાર્થ :

ક્ષીણમોહના છેલ્લા સમયની પહેલાના સમયમાં સત્તાવન, નિદ્રાદ્વિકનો અંત થવાથી છેલ્લે સમયે પંચાવન. જ્ઞાનાવરણીય, અંતરાય અને દર્શનાવરણીય ચતુષ્કનો અંત થવાથી સયોગિ ગુણઠાણે બેંતાલીશ. ૨૦

તીર્થંકરનામકર્મનો ઉદય થવાથી, ઔદારિક, અસ્થિર અને વિહાયોગતિના દ્વિકો, પ્રત્યેકત્રિક, છ સંસ્થાનો, અગુરુલઘુ અને વર્ણના ચતુષ્કો, નિર્માણ, તૈજસ, કાર્મણ, પહેલું સંઘયણ. ૨૧

દુઃસ્વર, સુસ્વર, સાતા-અસાતામાંથી એક, એ ત્રીશનો અંત થવાથી, અયોગિ ગુણસ્થાનકે બાર સુભગ. આદેય, યશ, બેમાંથી એક વેદનીય-૨૨.

ત્રસત્રિક, પંચેન્દ્રિયજાતિ, મનુષ્ય-આયુ, અને ગતિ, જિનનામ, ઉચ્ચગોત્ર, એમ બારનો છેલ્લે સમયે અંત થાય. ॥૨૩॥

ઉદય સમાપ્ત થયો.

**વિશેષાર્થ :** ત્યારે-ક્ષીણમોહ ગુણઠાણાના દ્વિચરિમ તે ચરિમ-(છેલ્લા) સમય થકી અર્વાક્ (અગાઉના) બીજા સમય સુધી, સત્તાવન પ્રકૃતિનો ઉદય હોય.

તિહાં વળી, બે નિદ્રાનો ક્ષય કરે, ત્યારે-છેલ્લે સમયે પંચાવન પ્રકૃતિનો ઉદય હોય.

કેટલાક આચાર્ય કહે છે, જે

"ઉપશાંતમોહે જ નિદ્રાનો ઉદય હોય, ક્ષીણમોહે ન હોય, વિશુદ્ધ છે માટે."

તે મતે-ધુર થકી જ ૫૫ નો ઉદય હોય.

છઠ્ઠે કર્મ્મગ્રંથે પણ ક્ષીણમોહે નિદ્રાનો ઉદય નથી કહ્યો ૧૨.

તે ક્ષીણમોહને અંતે-

**પાંચ જ્ઞાનાવરણીય, પાંચ અંતરાય, ચાર દર્શનાવરણીય** એવં-૧૪ પ્રકૃતિનો છેદ કરે, ત્યારે સયોગિ ગુણઠાણે એકતાલીશ રહે પણ, ત્યાં-તીર્થંકર નામનો ઉદય થાય, તેથી, તે મેળવતાં બેંતાલીશનો ઉદય હોય. ૧૩

ઔદારિક શરીર ૧, ઔદારિકોપાંગ ૨, અસ્થિર ૧, અશુભ ૨, એ બે. શુભ વિહાયોગતિ ૧, અશુભ વિહાયોગતિ ૨, એ બે. પ્રત્યેક ૧, સ્થિર ૨, શુભ ૩, એ ત્રણ. છ સંસ્થાન ૬. અગુરુલઘુ ૧, ઉપઘાત ૨, પરાઘાત ૩, ઉચ્છ્વાસ ૪, એ ચાર, વર્ણ ૧, ગંધ ૨, રસ ૩, સ્પર્શ ૪ એ ચાર. નિર્માણનામ ૧, તૈજસનામકર્મ ૧, કાર્મણનામકર્મ ૧, વજ્રઋષભનારાચ ૧, દુઃસ્વર ૧, સુસ્વર ૨, સાતા અથવા અસાતા બેમાંથી એક ૧ રાખે એક ટાળે.

એવં-ત્રીશનો વ્યુચ્છેદ કરે, ત્યારે-બાર પ્રકૃતિનો ઉદય અયોગિ ગુણઠાણે રહે. તે બાર કહે છે-

સુભગ નામ ૧, આદેયનામ ૨, યશનામ ૩

બે માંહેલી અનેરી એક વેદનીય ૪. ॥૨૨॥

ત્રસ ૧, બાદર ૨, પર્યાપ્ત ૩. એ ત્રણ ૭.

પંચન્દ્રિય જાતિ ૮, મનુષ્યાયુ ૯, મનુષ્યગતિ ૧૦, જિનનામ ૧૧, ઉચ્ચૈર્ગોત્ર ૧૨.

એ બાર પ્રકૃતિનો ઉદય અયોગિ ગુણઠાણાને છેલ્લે સમયે ટાળે. ॥૧૪॥ ૨૦-૨૧-૨૨-૨૩ ॥

**इति कर्मस्तवे उदयाधिकारः**

# ૩ ઉદીરણા

## ઉદયથી ઉદીરણામાં વિશેષતા

उदउव्वुदीरणा परमपमत्ता-ऽऽई-सग-गुणेसु ॥२३॥
एसा-पयडि-ति-गूणा, वेयणिया-ऽऽहार-जुअल-थीण-तिगं ।
मणुआ-ऽऽउ पमत्तंता, अ-जोगि अणुदीरगो भय (ग) वं ॥२४॥
-उदीरणा समत्ता

### શબ્દાર્થ :

उदउ = ઉદયની, व्व = પેરે-પેઠે, उदीरणा = ઉદીરણા જાણવી, परम् = એટલું વિશેષ કે, अपमत्ता-ऽऽई-सग-गुणेसु = અપ્રમત્તાદિક સાત ગુણઠાણે. ૨૩

अेसा = આ, पयडि = પ્રકૃતિઓ, तिग = ત્રિક-ત્રણ, ऊणा = ઓચ્છી, पयडि-तिगूणा = ત્રણ પ્રકૃતિઓએ ઓચ્છી, वेअणिअ-आहार-जुअल-थीण-तिगं = વેદનીય અને આહારકદ્વિક અને થીણદ્ધિત્રિક, मणुआउ= મનુષ્યાયુ, पमत्तंत्ता = પ્રમત્તે અંત થાય, अजोगि = અયોગિ ગુણસ્થાનકે भय (ग) वं = ભગવાન્, अणुदीरगो = અનુદીરક. ૨૪

### ગાથાર્થ :

ઉદય પ્રમાણે જ ઉદીરણા હોય છે, પરંતુ-અપ્રમત્તાદિક સાત ગુણસ્થાનકોમાં ૨૩.

ત્રણ પ્રકૃતિઓએ ઓચ્છી (ઉદીરણા) હોય છે.

વેદનીય અને આહારકના દ્વિકો, થીણદ્ધિત્રિક, અને મનુષ્યનું આયુષ્ય (એ આઠનો) પ્રમત્તે અંત કરે છે. અયોગિ ગુણસ્થાનકે ભગવાન્ અનુદીરક હતા (હોય). ૨૪ (ઉદીરણા સમાપ્ત).

**વિશેષાર્થ :** ઉદયે અપ્રાપ્ત કર્મને ઉદયે પમાડવાં, તે-ઉદીરણા કહીએ.

તે ઉદીરણા, ઉદયની પેઠે જાણવી.

ઓઘે ૧૨૨, પહેલે ગુણઠાણે ૧૧૭, બીજે ૧૧૧, ત્રીજે ૧૦૦, ચોથે ૧૦૪, પાંચમે ૮૭, છટ્ઠે ૮૧.

પણ એટલું વિશેષ છે, જે-અપ્રમત્તાદિક સાત ગુણઠાણાને વિષે એ ઉદયની પ્રકૃતિ કહી છે, તે ત્રણ પ્રકૃતિઓ ઓછી કરવી.

પ્રમત્તને અંતે પાંચનો અંત ઉદયે કહ્યો છે, તે-ઈહાં ઉદીરણાએ આઠનો અંત કરવો.

તે આઠ કહે છે-

**સાતા ૧, અસાતા ૨, આહારક શરીર ૧, આહારકોપાંગ ૨, નિદ્રાનિદ્રા ૧, પ્રચલા પ્રચલા ૨, થીણદ્ધિ ૩, એ થીણદ્ધિત્રિક અને મનુષ્યાયુ ૧.**

એ આઠ પ્રકૃતિ પ્રમત્ત સુધીજ ઉદીરે, પછી ઉદીરે નહિ.

વેદનીય બે અને મનુષ્યાયુ ૧ એવં ૩ સઘળે ઓછી કરવી ત્યારે-

અપ્રમત્તે ૭૩, અપૂર્વકરણે ૬૯, અનિવૃત્તિએ ૬૩, સૂક્ષ્મસંપરાયે ૫૭, ઉપશાંતે ૫૬, ક્ષીણમોહને દ્વિચરિમે ૫૪. છેલ્લે સમયે ૫૨, સયોગિએ ૩૯ ની ઉદીરણા અને ચઉદમે અયોગી ગુણઠાણે-અયોગિ ભગવાન્ ઉદીરણા રહિત હોય.

ઉદીરણાઃ- તે યોગકૃત કરણ વિશેષ છે અને તે તો અયોગી છે, તે માટે તેમને ઉદીરણા ન હોય. ॥૨૩-૨૪॥

**( उदीरणाऽधिकारः समाप्तः )**

# ઉદય-યંત્ર

| ૧૪ | ગુણસ્થાનકો | મૂળપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ | જ્ઞાનાવ૦ | દર્શનાવ૦ | વેદનીય | મોહનીય | આયુઃ | નામકર્મ | ગોત્રકર્મ | અંતરાય | અનુદય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૮ | ૧૨૨ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૦ |
| ૧ | મિથ્યાત્વે | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૫ |
| ૨ | સાસ્વાદને | ૮ | ૧૧૧ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ | ૧૧ |
| ૩ | મિશ્રે | ૮ | ૧૦૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ | ૨૨ |
| ૪ | અવિરતે | ૮ | ૧૦૪ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ | ૧૮ |
| ૫ | દેશવિરતે | ૮ | ૮૭ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ | ૩૫ |
| ૬ | પ્રમત્તસંયતે | ૮ | ૮૧ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ | ૪૧ |
| ૭ | અપ્રમત સંયતે | ૮ | ૭૬ | ૫ | ૬ | ૨ | ૧૪ | ૧ | ૪૨ | ૧ | ૫ | ૪૬ |
| ૮ | અપૂર્વ કરણે | ૮ | ૭૨ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૩૯ | ૧ | ૫ | ૫૦ |
| ૯ | અનિવૃત્તિ | ૮ | ૬૬ | ૫ | ૬ | ૨ | ૭ | ૧ | ૩૯ | ૧ | ૫ | ૫૬ |
| ૧૦ | સૂક્ષ્મ સંપરાયે | ૮ | ૬૦ | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૩૯ | ૧ | ૫ | ૬૨ |
| ૧૧ | ઉપશાંતમોહે | ૭ | ૫૯ | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૩૯ | ૧ | ૫ | ૬૩ |
| ૧૨ | ક્ષીણમોહે | ૭ | ૫૭/૫૫ | ૫ | ૬/૪ | ૨ | ૦ | ૧ | ૩૭ | ૧ | ૫ | ૬૫/૬૭ |
| ૧૩ | સયોગિ કેવલી | ૪ | ૪૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૩૮ | ૧ | ૦ | ૮૦ |
| ૧૪ | અયોગિ કેવલી | ૪ | ૧૨ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૯ | ૧ | ૦ | ૧૧૦ |

# ઉદીરણા-યંત્ર

| ૧૪ | ગુણસ્થાનકો | મૂળપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ | જ્ઞાનાવ૦ | દર્શનાવ૦ | વેદનીય | મોહનીય | આયુઃ | નામકર્મ | ગોત્રકર્મ | અંતરાય | અનુદીરણા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૮ | ૧૧૨ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૦ | ૦ |
| ૧ | મિથ્યાત્વે | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૫ |
| ૨ | સાસ્વાદને | ૮ | ૧૧૧ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ | ૧૧ |
| ૩ | મિશ્રે | ૮ | ૧૦૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ | ૨૨ |
| ૪ | અવિરતે | ૮ | ૧૧૪ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ | ૧૮ |
| ૫ | દેશવિરતે | ૮ | ૮૭ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ | ૩૫ |
| ૬ | પ્રમત્તસંયતે | ૮ | ૮૧ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ | ૪૧ |
| ૭ | અપ્રમત સંયતે | ૬ | ૭૩ | ૫ | ૬ | ૦ | ૧૪ | ૦ | ૪૨ | ૧ | ૫ | ૪૯ |
| ૮ | અપૂર્વ કરણે | ૬ | ૬૯ | ૫ | ૬ | ૦ | ૧૩ | ૦ | ૩૯ | ૧ | ૫ | ૫૩ |
| ૯ | અનિવૃત્તિ | ૬ | ૬૩ | ૫ | ૬ | ૦ | ૭ | ૦ | ૩૯ | ૧ | ૫ | ૫૯ |
| ૧૦ | સૂક્ષ્મ સંપરાયે | ૬ | ૫૭ | ૫ | ૬ | ૦ | ૧ | ૦ | ૩૯ | ૧ | ૫ | ૬૫ |
| ૧૧ | ઉપશાંતમોહે | ૫ | ૫૬ | ૫ | ૬ | ૦ | ૦ | ૦ | ૩૯ | ૧ | ૫ | ૬૬ |
| ૧૨ | ક્ષીણમોહે | ૫ | ૫૪/૫૨ | ૫ | ૬/૪ | ૦ | ૦ | ૦ | ૩૭ | ૧ | ૫ | ૬૮/૭૦ |
| ૧૩ | સયોગિ કેવલી | ૨ | ૩૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૮ | ૧ | ૦ | ૮૩ |
| ૧૪ | અયોગિ કેવલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨૨ |

# ૪. સત્તા

## સત્તાની વ્યાખ્યા ઉપશાંતમોહ ગુણસ્થાનક સુધી અને બીજા-ત્રીજામાં સત્તા

**सत्ता कम्माण ठिई बंधाऽऽई-लद्ध-अत्त-लाभाणं ।**
**संते अडयाल-सयं जा उवसमु, वि-जिणु बिअ-तइए ॥२५॥**

### શબ્દાર્થ :

**सत्ता** = સત્તા, **कम्माण** = કર્મોની, **ठिई** = સ્થિતિ, અવસ્થાન, **बंधा-ऽऽई** = બંધ આદિએ કરી, **लद्ध** = પ્રાપ્ત કર્યું છે, **अत्त** = આત્મ, પોતાનું, **लाभ** = સ્વરૂપ, **बंधा-ऽऽइ-लद्ध-अत्त-लाभाणं** = બંધાદિકે કરી પ્રાપ્ત કરેલ છે સ્વ-સ્વરૂપ જેઓએ, **संते** = સત્તામાં, **अडयाल-सयं** = એકસો અડતાલીસ, **जा** = યાવત્ **उवसमु** = ઉપશાંતમોહ, ગુણઠાણું, **वि-जिणु** = જિનનામ વિના, **बिअ** = બીજે, **तइए** = ત્રીજે. ૨૫.

### ગાથાર્થ :

**બંધાદિકે કરીને જેઓએ પોતાનું (તે તે કર્મ તરીકેનું) સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે. તેવા કર્મોની વિદ્યમાનતા, તે સત્તા સત્તામાં ઉપશાંતમોહ (ગુણસ્થાનક) સુધી એકસો અડતાલીસ પ્રકૃતિઓ હોય છે, બીજે અને ત્રીજે (ગુણસ્થાનકે) જિનનામકર્મ વિના (૧૪૭ની સત્તા)હોય છે. ૨૫**

**વિશેષાર્થ : સત્તા,** તે-બંધાદિકે-બંધ-સંક્રમણાદિકે-કરીને જેઓએ પોતપોતાનું-તે તે કર્મ તરીકેનું આત્મ-સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે, એહવા આત્મા સંઘાતે (?) લાભપણે લાધ્યાં-ઉપન્યાં-ઉપાર્જ્યાં, એહવાં કર્મોની જે સ્થિતિ (અવસ્થાન-રહેવું), તે **સત્તા.**

૧૪૮ની હોય, યાવત્ ઉપશાંતમોહ સુધી તે કયા ?

જ્ઞાનાવ૦ ૫, દર્શનાવ૦ ૯, વેદનીય ૨, મોહનીય ૨૮, આયુ ૪, નામ ૯૩, ગોત્ર ૨, અંતરાય ૫, એવં-૧૪૮ હોય.

ઇહાં કોઈક કહે છે કે-**મિથ્યાત્વે જિનનામની** સત્તા કેમ હોય ? तत्रोत्तरं -

મનુષ્યે પૂર્વે મિથ્યાત્વે નરકાયુ બાંધ્યું હોય પછી **ક્ષાયોપશમિક સમ્યક્ત્વ** પામીને જિનનામ બાંધે, તે જીવ મરતાં અવશ્ય **સમ્યક્ત્વ** વમીને નરકે જાય. તિહાં પાછું **સમ્યક્ત્વ** પામે, તે પહેલાં અંતર્મુહૂર્ત સુધી મિથ્યાત્વ રહે. તિહાં-જિનનામની સત્તા રહે.

બીજે-ત્રીજે (સાસ્વાદને અને મિશ્રે) **જિનનામની** સત્તા ન હોય, તે માટે એકસો સુડતાળીશની સત્તા હોય.

**જિનનામ** બાંધ્યા પછી **સાસ્વાદને** અને મિશ્રે તથા-સ્વભાવે સર્વથા ન આવે. **ઈત્યર્થઃ**

ઇહાં-અગ્યારમા ગુણાઠાણા સુધી ૧૪૮ની સત્તા કહી, તે નરકાયુઃ અને તિર્યગાયુઃની સત્તા કેમ હોય ?

નરક અને તિર્યગાયુઃ બાંધીને તો ઉપશમશ્રેણિ કરે નહિ, અને બંધ તથા ઉદય વિના તો આયુઃકર્મની સત્તા હોય નહિ તથા-છઠ્ઠે કર્મ્મગ્રંથે પણ આયુઃકર્મ્મના ભાંગા કર્યા છે, ત્યાં-૮-૯-૧૦-૧૧ ગુણઠાણે નરક-તિર્યગાયુની સત્તા નથી કહી. તો તે કેમ ઘટે ? तत्रोत्तरं-

શ્રેણિએ નરક અને તિર્યગાયુની સત્તા ઘટે તો નહિ, પણ કોઈક જીવ **ઉપશમશ્રેણિથી** પડીને ચારેય ગતિને પણ ફરસે, તે માટે-તે સંભવ સત્તાની વિવક્ષાએ ઇહાં ગ્રંથકારે સત્તા રાખી દીસે છે. (દર્શનસપ્તકને નહિ ખપાવનારા અવિરત સમ્યગ્દષ્ટિ વગેરેને ૧૪૮ ની સત્તા સંભવે છે.) ॥૨૫॥

ઉપશમશ્રેણિને આશ્રયિને-૮ માથી ૧૧ મા સુધી ૨ જો વિકલ્પ અને ક્ષાયિક સમ્યક્ત્વને આશ્રયિને-૪ થી ૭ મા સુધી ૨ જો વિકલ્પ.

**अपुव्वाऽऽइचउक्के अणतिरिनिरयाऽऽउविणु बियाल-सयं ।**
**सम्मा-इ-चउसु सत्तग-खयं मि इग-चत्त-सयमहवा ॥२६॥**

**શબ્દાર્થ :**

**अपुव्वा-ऽऽइ-चउक्के** = અપૂર્વકરણાદિક ચાર ગુણઠાણે, **अण-तिरि-निरयाऽऽउ-विणु** = અનંતાનુબંધીય તિર્યંચ અને નારકીના આયુષ્ય વિના, **बियालसयं** = એકસો બેંતાલીશ, **सम्माऽऽइचउसु** = સમ્યક્ત્વઆદિ ચાર ગુણઠાણે, **सत्तग-खयम्मि** = સાતનો ક્ષય થયે, **इग-चत्त-सयं** = એકસો એકતાલીશ, **अहवा** = અથવા ૨૬.

ગાથાર્થ :

અપૂર્વકરણાદિક ચાર ગુણસ્થાનકોમાં અનંતાનુબંધીય તિર્યગાયુઃ નરકાયુઃ વિના એકસો બેંતાલીશ. સપ્તકનો ક્ષય થયો હોય, તો અવિરત સમ્યગ્દૃષ્ટિ વિગેરે ચાર ગુણસ્થાનકોમાં એકસો એકતાલીશ અથવા-૨૬.

**વિશેષાર્થ :** તથા, જેણે અનંતાનુબંધિયા ૪ ક્ષય કર્યા છે, દેવાયુ બાંધ્યું છે, મનુષ્યાયુ વેદે છે, અને ઉપશમશ્રેણિએ ચઢે છે. તેહને અપૂર્વાદિક ૮, ૯, ૧૦, ૧૧ એ ચાર ગુણઠાણે-

**અનંતાનુબંધી ૪, તિર્યગાયુઃ ૧, નરકાયુઃ ૧.**

એ છ વિના એકસો બેંતાલીશની સત્તા હોય.

એ મોહનીયની ૨૪ પ્રકૃતિની સત્તાવાળો ઉપશમ સમ્યક્ત્વની દેવગતિનો જનાર જાણવો.

અવિરતાદિ (૪, ૫, ૬, ૭,) ચાર ગુણઠાણે અનંતાનુબંધીય ૪ અને સમ્યક્ત્વ ૧, મિશ્ર ૨, મિથ્યાત્વ ૩ એ ત્રણ મોહનીય એવં ૭ સાત પ્રકૃતિને ક્ષયે એકસો એકતાલીશની સત્તા હોય.

એ શ્રેણિ વિના ક્ષાયિક સમ્યક્ત્વીને જાણવી.

અથવા - ॥૨૬॥

ક્ષપકશ્રેણિને આશ્રયીને નવમાના પહેલા ભાગ સુધી બીજો વિકલ્પ.

**खवगं तु पप्प चउसु वि पण-यालं निरयतिरिसुराउ विणा ।**
**सत्तग-विणु अड-तीसं जा अ-निअट्टि-पढम-भागो ॥२७॥**

**શબ્દાર્થ :**

**तु** = અને, **खवगं** = ક્ષપકશ્રેણિને, **पप्प** = આશ્રયિને, **चउसुवि** = એ ચારેય ગુણઠાણે, **पणयालं** = એકસો પીસ્તાલીશ, **निरय** = નારક, **तिरि** = તિર્યંચ, **सुर** = દેવ, **आउ** = આયુષ્ય, **विणा** = વિના, **निरय-तिरि-सुरा-ऽऽउ-विणा** = નારક, તિર્યંચ અને દેવના આયુષ્ય વિના **सत्तग-विणु** = સાત વિના, **अड-तीसं** = એકસો આડત્રીસ, **जा** = યાવત્ સુધી, **अ-निअट्टि-पढम-भागो** = અનિવૃત્તિના પ્રથમ ભાગ. ૨૭.

**ગાથાર્થ :**

**અને ક્ષપકશ્રેણિને આશ્રયિને એ ચારેયમાં નારક, તિર્યગ અને દેવના આયુષ્ય વિના એકસો પીસ્તાલીસ હોય અને સપ્તક વિના અનિવૃત્તિના પહેલા ભાગ સુધી એકસો આડત્રીસ હોય. ॥૨૭॥**

**વિશેષાર્થ :** હવે ક્ષપકશ્રેણિ આશ્રયિને કહે છે-

જો ઔપશમિક કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વવંત થકો ક્ષપકશ્રેણિ માંડે, તો તે-

**નરકાયુ ૧, તિર્યગાયુઃ ૨, દેવાયુઃ ૩**

એ ત્રણની સત્તા ટાળે, ત્યારે તેને ૪, ૫, ૬, ૭ એ ચાર ગુણઠાણાને વિષે એકસો પીસ્તાલીશની સત્તા હોય.

પછી, તે, ક્ષાયિક સમ્યક્ત્વ પામીને ઉંચો ચઢે અને જો તે ચોથા ગુણઠાણાથીજ ક્ષાયિક સમ્યક્ત્વવંત થકો ક્ષપકશ્રેણિ કરે,

તો તેહને ચાર અનંતાનુબંધીય અને ત્રણ દર્શનમોહનીય એવં ૭ નો પણ ક્ષય હોય, ત્યારે, તેહને ૧૩૮નીજ સત્તા હોય.

તે ચોથાથી માંડીને નવમા અનિવૃત્તિ ગુણઠાણાના પહેલા ભાગ સુધી જાણવી. ૨૭

**ક્ષપકને નવમા ગુણસ્થાનકના બીજા ભાગમાં-**

**थावर-तिरि-निरया-ऽऽयव-दुग, थीण-तिगेगविगल-साहारं ।**
**सोलखओ दुवीस-सयं बिअंसि बिअ-तिअ-कसायंतो ॥२८॥**

**શબ્દાર્થ :**

**थावर-तिरि-निरयाऽऽयवदुग** = સ્થાવર, તિર્યંચ, નરક અને આતપના દ્વિકો, **थीण-तिग** = થીણદ્ધિત્રિક, **अेग** = એકેન્દ્રિય જાતિ, **विगल** = વિકલેન્દ્રિય **साहारं** = સાધારણ નામ, **सोल** = સોલનો, **खओ** = ક્ષય (થાય), **दु-वीस-सयं** = એકસો બાવીશ, **बीअंसि** = બીજે ભાગે (નવમાના) **बिअ-तिअ** = બીજા અને ત્રીજા, **कसायंतो** = કષાયનો અંત(થાય) ૨૮.

ગાથાર્થ :

**સ્થાવર, તિર્યંચ, નરક અને આતપના દ્વિકો, થિણદ્ધિત્રિક, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સાધારણ એ સોળનો ક્ષય થવાથી બીજે ભાગે એકસો બાવીશ. બીજા અને ત્રીજા કષાયનો અંત થવાથી. ॥૨૮॥**

**વિશેષાર્થ :** તે ક્ષપકને-નવમા ગુણઠાણાના નવ ભાગકરીએ, તિહાં-પહેલે ભાગે ૧૩૮ની સત્તા કહી-

હવે, બીજે ભાગે કહે છે-

**સ્થાવર ૧, સૂક્ષ્મ ૨, તિર્યગ્ગતિ ૧, તિર્યગાનુપૂર્વી ૨, નરકગતિ ૧, નરકાનુપૂર્વી ૨, આતપનામ ૧, ઉદ્યોતનામ ૨, થીણદ્ધિત્રિક ૩, એકેન્દ્રિયજાતિ ૧, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય ૩, સાધારણ નામ ૧.**

એ સોળ ૧૬ની સત્તા ટળે, ત્યારે નવમાને બીજે ભાગે એકસો બાવીસની સત્તા રહે.

હવે બીજા અપ્રત્યાખ્યાનીય ૪, અને ત્રીજા પ્રત્યાખ્યાનીય ૪, એવં ૮ કષાયની સત્તા ટળે, ત્યારે-॥૨૮॥

**ક્ષપકને નવમાના ત્રીજા ભાગથી ૯ ભાગ સુધીમાં-**

**तइआ-ऽऽइसु चउदस-तेर-बार-छ पण-चउ-तिहिय-सय-कमसो ।**
**नपु-इत्थि-हास-छग पुंस-तुरिअ-कोह-मय-माय-खओ ।२९।**

**શબ્દાર્થ :**

**तइआइसु** = ત્રીજા વિગેરે (ભાગો)માં, **चउदस-तेर-बार-छ-पण-चउ-तिहिअ-सय** = એકસો ઉપર-ચઉદ, તેર, બાર,છ, પાંચ, ચાર અને ત્રણ, **कमसो** = અનુક્રમે, **नपु-इत्थि-हास-छग-पुंस-तुरिअ-कोह-मय-माय-खओ** = નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિષટ્ક, પુરુષવેદ, ચોથા ક્રોધ-માન-માયાનો ક્ષય (થાય ત્યારે.) ૨૯

**ગાથાર્થ :**

**નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિષટ્ક, પુરુષવેદ,ચોથા-ક્રોધ, માન અને માયાનો ક્ષય થવાથી ત્રીજા વિગેરે ભાગોમાં અનુક્રમે એકસો ઉપર ચૌદ, તેર, બાર, છ, પાંચ, ચાર અને ત્રણ હોય. ॥૨૯॥**

**વિશેષાર્થ :** ત્રીજા ભાગને વિષે એકસો ચૌદ (૧૧૪) ની સત્તા હોય.

ત્યાર પછી-આગળ કહે છે, તે પ્રકૃતિ ઓછી કર્યે થકે, ચોથે ભાગે ૧૧૩. પાંચમે ભાગે ૧૧૨. છઠ્ઠે ભાગે ૧૦૬. સાતમે ભાગે ૧૦૫. આઠમે ભાગે ૧૦૪. અને નવમે ભાગે ૧૦૩ની સત્તા હોય.

અનુક્રમે-નપુંસક વેદ ટળ્યે ૧૧૩ ચોથે ભાગે, સ્ત્રીવેદ ટળ્યેથી ૧૧૨ પાંચમે ભાગે, હાસ્યાદિકષટ્ક ટળ્યેથી ૧૦૬ છઠ્ઠે

ભાગે, **પુરુષવેદ ટળ્યે ૧૦૫** સાતમે ભાગે, **સંજ્વલન ક્રોધ ટળ્યે** ૧૦૪ આઠમે ભાગે રહે.

**સંજ્વલન માન ટળ્યે** ૧૦૩ રહે, તે નવમે ભાગે જાણવી.

ત્યાર પછી-**સંજ્વલનની માયા** ટળ્યે-॥૨૯॥

### ક્ષપકને ૧૦ અને ૧૨ મે ગુણસ્થાનકે

## सुहुमि दुसय, लोहं तो खीणदुचरिमेगसयं, दुनिद्दखओ ।
## नव-नवई चरिम-समए, चउ-दंसण-नाण-विग्घंतो ॥३०॥

### શબ્દાર્થ :

**सुहुमि** = સૂક્ષ્મ સંપરાયે, **दु-सय** = એકસો બે, **लोहंतो** = લોભનો અંત થાય, **खीण** = ક્ષીણમોહ ગુણસ્થાનકના, **दु-चरिम** = દ્વિચરિમ સમયે, **अेग-सयं** = એકસો એક, **दुनिद्द-खओ** = બે નિદ્રાનો ક્ષય (થાય), **नव-नवई** = નવાણું, **चरिम-समए** = છેલ્લે સમયે, **चउ** = ચાર, **दंसण** = દર્શનાવરણીય, **नाम** = પાંચ જ્ઞાનાવરણીય, **विग्घ** = પાંચ અંતરાયનો, **अंतो** = અંત (થાય). ૩૦

### ગાથાર્થ :

**સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે એકસો બે, લોભનો અંત થવાથી ક્ષીણમોહ ગુણસ્થાનકના દ્વિચરિમ સમયે એકસો એક, અને બે-નિદ્રાનો ક્ષય થવાથી છેલ્લે સમયે નવાણું. ચાર દર્શનાવરણીય તથા જ્ઞાનાવરણીય અને અંતરાયનો ક્ષય થવાથી-૩૦.**

**વિશેષાર્થ :** દશમે **સૂક્ષ્મસંપરાય** ગુણઠાણે ૧૦૨ની સત્તા રહે.

ત્યાર પછી, **સંજ્વલન લોભને** ક્ષયે બારમા **ક્ષીણમોહના** છેલ્લા થકી આગળના સમયે એકસો એકની સત્તા હોય.

ક્ષપકશ્રેણિવાળો દશમાથી બારમે જ જાય, પણ અગ્યારમું ગુણઠાણું ફરસે નહીં.

ત્યાર પછી-બે નિદ્રાને ક્ષયે નવાણું પ્રકૃતિ બારમા ગુણઠાણાને છેલ્લે સમયે સત્તાએ હોય.

ત્યાર પછી-ચાર દર્શનાવરણીય, પાંચ જ્ઞાનાવરણીય અને પાંચ અંતરાય, એ ચૌદ પ્રકૃતિનો અંત થાય, ત્યારે- ॥૩૦॥

**૧૩ મે અને ૧૪ મે ગુણસ્થાનકે સત્તા**

**पणसीइ स-जोगि-अ-जोगि दु-चरिमे देव-खगई-गंध-दुगं ।**
**फासट्ठ-वन्न-रस-तणु-बंधण-संघाय-पण-निमिणं ॥३१॥**
**संघयण-अथिर-संठाण-छक्क अगुरुलहु-चउ अपज्जत्तं ।**
**सायं व असायं वा परि-त्तुवंग-तिग-सु-सर-निअं ॥३२॥**
**विसयरिखओ अ चरिमे तेरस मणुअतसतिग-जसाइज्जं ।**
**सुभग-जिणुच्च-पणिंदिअ साया-ऽसाएगयर-छेओ ॥३३॥**

**શબ્દાર્થ :**

**पणसीइ** = પંચાશી, **सजोगी** = સયોગિ ગુણઠાણે, **दु-चरिमे** = છેલ્લાના પહેલા સમયે, **देव** = દેવ, **खगई** = વિહાયોગતિ, **गंध-दुगं** = ગંધ દ્વિક, **फासट्ठ** = આઠ સ્પર્શ, **वन्न** = વર્ણ, **रस** = રસ, **तणु** = શરીર, **बंधण** = બંધન, **संघाय** = સંઘાતન, **पण** = પાંચ, **निमिणं** = નિર્માણ નામ. ૩૧

**संघयण** = સંઘયણ, **अथिर** = અસ્થિર, **संठाणछक्क** = સંસ્થાન, એ ત્રણ ષટ્ક **अगुरुलहु** = અગુરુલઘુ, **चउ** = ચાર, **अपज्जत्तं** = અપર્યાપ્ત નામ, **सायं** = સાતા વેદનીય, **व** = અથવા, **असायं** = અસાતા વેદનીય, **वा** = અથવા, **परित्त** = પ્રત્યેક, **उवंग-तिग** = ઉપાંગ ત્રિક, **सुसर** = સુસ્વર નામ, **निअं** = નીચ ગોત્ર. ૩૨

**बिसयरि** = બહોંતેરનો, **खओ** = ક્ષય (હોય), **चरिमे** = છેલ્લે સમયે, **तेरस** = તેર, **मणुअ-तस-तिग** = મનુષ્ય અને

ત્રસત્રિક, **जस** = યશનામ, **आइज्जं** = આદેયનામ, **सुभग** = સૌભાગ્ય નામ, **जिण** = જિનનામ, **उच्च** = ઉચ્ચૈર્ગોત્ર, **पणिंदिय** = પંચેન્દ્રિયજાતિનો, **सायं** = સાતા વેદનીય, **असायं** = અસાતા વેદનીય, **एगयर** = એ બેમાંથી કોઈ પણ એકનો, **छेओ** = છેદ (થાય) ૩૩.

ગાથાર્થ :

પંચ્યાશી સયોગિ ગુણસ્થાનકે અયોગિ ગુણસ્થાનકના દ્વિચરિમ સમયે-દેવ, વિહાયોગતિ અને ગંધદ્વિક, આઠ સ્પર્શ, વર્ણો, રસો, શરીરો, બંધનો અને સંઘાતનો પાંચ, નિર્માણ-૩૧.

સંઘયણ, અસ્થિર અને સંસ્થાનનું ષટ્ક, અગુરુલઘુચતુષ્ક, અપર્યાપ્ત, સાતા અથવા અસાતા, પ્રત્યેક અને ઉપાંગત્રિક, સુસ્વર, નીચગોત્ર-૩૨.

બોંતેરનો ક્ષય થવાથી-છેલ્લે સમયે તેર, મનુષ્ય અને ત્રસત્રિક, યશ અને આદેય, સૌભાગ્ય, જિન, ઉચ્ચગોત્ર, પંચેન્દ્રિય, સાતા અથવા અસાતા બેમાંથી એકનો ક્ષય-૩૩.

**વિશેષાર્થ :** સયોગિ ગુણઠાણે પંચ્યાશી પ્રકૃતિની સત્તા હોય તે અયોગિ ગુણઠાણાના છેલ્લા સમય થકી આગળના સમય સુધી ૮૫ પંચાશીની સત્તા હોય.

તે પછી-દેવગતિ ૧, દેવાનુપૂર્વી ૨, શુભ વિહાયોગતિ ૧, અશુભ વિહાયોગતિ ૨, બે ગંધ ૨, આઠ સ્પર્શ ૮, પાંચ વર્ણ ૫, પાંચ રસ ૫, પાંચ શરીર ૫, પાંચ બંધન ૫, પાંચ સંઘાતન ૫, નિર્મ્માણ નામ ૧, છ સંઘયણ ૬, અસ્થિર ૧, અશુભ ૨, દુર્ભગ ૩, દુઃસ્વર ૪, અનાદેય ૫, અયશ ૬, એ અસ્થિરષટ્ક ૬, છ સંસ્થાન ૬, અગુરુલઘુ ૧, ઉપઘાત ૨, પરાઘાત ૩, ઉચ્છ્વાસ ૪ એ ચાર, અપર્યાપ્ત નામ ૧.

સાતા વેદનીય, અસાતા વેદનીય એ બે માંહેથી એક

પ્રત્યેક ૧, સ્થિર ૨, શુભ ૩, એ ત્રણ ઔદારિકોપાંગ ૧, વૈક્રિયોપાંગ ૨, આહારકોપાંગ ૩, સુસ્વર નામ ૧, નિચૈર્ગોત્ર ૧.

પંચાશી માંહેથી એ બ્હોંતેરનો ક્ષય કરે, ત્યારે અયોગિ ગુણઠાણાને છેલ્લે સમયે તેર પ્રકૃતિની સત્તા રહે.

તે તેર કહે છે-મનુષ્યગતિ ૧, મનુષ્યાનુપૂર્વી ૨, મનુષ્યાયુ ૩, ત્રસ ૧, બાદર ૨, પર્યાપ્ત ૩, યશનામ ૧, આદેય નામ ૧, સુભગ નામ ૧, જિનનામ ૧, ઉચ્ચૈર્ગોત્ર ૧, પંચેન્દ્રિય જાતિ ૧, સાતા, અસાતા માંહેલી એક ૧.

એવં તેર પ્રકૃતિ છેલ્લે સમયે ક્ષય કરે ॥૩૧-૩૨-૩૩॥

**મતાન્તર અને સત્તા પ્રકરણનો તથા ગ્રંથનો ઉપસંહાર**

**नर-अणुपुव्वि-विणा वा बारस चरिम-समयंमि जो खविउं ।**
**पत्तो सिद्धिं देविंद-वंदिअं नमह तं वीरं ॥३४॥**

**- सत्तासमत्ता ॥**

**શબ્દાર્થ :**

**नर-अणुपुव्वि** = મનુષ્યાનુપૂર્વી, **विणा** = વિના, **वा** = અથવા, **बारस** = બાર પ્રકૃતિ, **चरिमसमयंमि** = છેલ્લે સમયે, **जो** = જે, **खविउं** = ખપાવીને, **पत्तो** = પામ્યા, **सिद्धिं** = સિદ્ધિગતિને, **देविंद-वंदिअं** = દેવેન્દ્રસૂરિએ અથવા દેવેન્દ્રોએ નમસ્કાર કરાયેલ, **नमह** = નમસ્કાર કરો, **तं** = તે, **वीरं** = મહાવીર પ્રભુને. ૩૪

**ગાથાર્થ**

**અથવા-મનુષ્યાનુપૂર્વી વિના બાર પ્રકૃતિઓ છેલ્લે સમયે ક્ષય કરીને દેવેન્દ્રસૂરિએ અથવા દેવેન્દ્રોએ વંદન કરાયેલ જે મોક્ષમાં જઈ પહોંચ્યા છે, તે મહાવીર પરમાત્માને નમસ્કાર કરો. ૩૪.**

**સત્તા સમાપ્ત**

**વિશેષાર્થ :** ઇહાં મતાન્તર કહે છે-

અથવા **મનુષ્યની આનુપૂર્વી** વિના બાર પ્રકૃતિ છેલ્લે સમયે ક્ષય કરીને સીઝે.

એહનો અભિપ્રાય કહીએ છીએ-

**મનુષ્યાનુપૂર્વીની સત્તા અયોગિને દ્વિચરિમ સમયેજ મનુષ્યગતિ માંહે સ્તિબુકસંક્રમે** કરીને ક્ષય કરે, ત્યારે તેહનાં દળિયાં છેલ્લે સમયે ન રહે. અને બાર પ્રકૃતિનો સ્વજાતીય વિના સ્તિબુક સંક્રમ નથી. તે માટે-તેહનાં દળિયાં ચૌદમા અયોગી ગુણસ્થાનકના ચરિમ સમયે પણ સત્તામાં પ્રાપ્ત હોય, તે માટે એ યુક્ત છે.

વળી, જેહનો ઉદય પૂર્વેથી જ ટળ્યો હોય, તેહની સત્તા દ્વિચરિમ સમયે જ જાય. **ચારે આનુપૂર્વી ક્ષેત્રવિપાકી છે.** તેથી તેહનો ઉદય ભવની અંતરાલ ગતિએ જ હોય, ભવસ્થને ન હોય. તે માટે-ઉદયના અભાવ થકી અયોગિને દ્વિચરિમ સમયે ૭૩ નો ક્ષય કરે, અને છેલ્લે સમયે ૧૨નો ક્ષય થાય. इति मतान्तरम्.

એ બારે પ્રકૃતિનો ક્ષય કરીને **સિદ્ધિપદ** (મોક્ષપદ) પ્રત્યે જે ભગવંત પામ્યા, તે - દેવેન્દ્ર કહેતાં ચોસઠ ઇન્દ્રવંદિત તથા દેવેન્દ્રસૂરિએ વંદિત એવા શ્રી મહાવીરદેવ, તે પ્રત્યે વાંદો-હે ભવ્યજનો ! તમે કાયા વડે પ્રણમો.

એવા પ્રકારે શ્રી મહાવીરની સ્તુતિ કરી. ॥૩૪॥

એ પ્રકારે કર્મસ્તવને વિષે સત્તાનો અધિકાર સંપૂર્ણ થયો.

**॥ इति सत्ताधिकारः ॥**

**श्रीमत्कर्म्मग्रन्थे, स्तबुकार्थो वृत्तितः सुगमरीत्या ।**
**बुध-जीवविजय विहितःकर्म्म स्तव-नामकस्य पूर्त्तिमगात् ॥१॥**

**॥ इति कर्मस्तव-द्वितीय-कर्मग्रन्थः ।**

# સત્તા યંત્રકમ્

| ૧૪ | ગુણઠાણેસત્તા | મૂલપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ | ઉપશમશ્રેણિ | ક્ષપકશ્રેણી | જ્ઞાનાવરણ | દર્શનાવરણ | વેદનીય | મોહનીય | આયુકર્મ | નામકર્મ | ગોત્રકર્મ | અંતરાય કર્મ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓધે | ૮ | ૧૪૮ | | | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ |
| ૧ | મિથ્યાત્વે | ૮ | ૧૪૮ | | | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ |
| ૨ | સાસ્વાદને | ૮ | ૧૪૭ | | | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૨ | ૨ | ૫ |
| ૩ | મિશ્રે | ૮ | ૧૪૭ | | | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૨ | ૨ | ૫ |
| ૪ | અવિરત | ૮ | ૧૪૮ | *૧૪૮/૧૪૧ | ૧૪૫/૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮ ૨૪ ૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૫ | દેશવિરતે | ૮ | ૧૪૮ | *૧૪૮/૧૪૧ | ૧૪૫/૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮ ૨૪ ૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૬ | પ્રમત્તસંયતે | ૮ | ૧૪૮ | *૧૪૮/૧૪૧ | ૧૪૫/૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮ ૨૪ ૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૭ | અપ્રમત્તસંયતે | ૮ | ૧૪૮ | *૧૪૮/૧૪૧ | ૧૪૫/૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮ ૨૪ ૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૮ | અપૂર્વકરણે | ૮ | ૧૪૮/૧૪૨ | ૧૪૨/૧૩૯ ૧ | ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮ ૨૪ ૨૧ | ૨/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૯ | અનિવૃત્તિકરણના ભાગ ૯ — ૧ | ૮ | ૧૪૮/૧૪૨ | ૧૪૨/૧૩૯ ૧ | ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૧ [૨] | ૨/૧ | ૯૩ | ૨ | ૫ |
| | ૨ | | | ૦ | ૧૨૨ | ૫ | ૯/૬ | ૨ | ૨૧ | ૨/૧ | ૯૩/૮૦ | ૨ | ૫ |
| | ૩ | | | ૦ | ૧૧૪ | ૫ | ૯/૬ | ૨ | ૧૩ | ૨/૧ | ૯૩/૮૦ | ૨ | ૫ |
| | ૪ | | | ૦ | ૧૧૩ | ૫ | ૯/૬ | ૨ | ૧૨ | ૨/૧ | ૯૩/૮૦ | ૨ | ૫ |
| | ૫ | | | ૦ | ૧૧૨ | ૫ | ૯/૬ | ૨ | ૧૧ | ૨/૧ | ૯૩/૮૦ | ૨ | ૫ |
| | ૬ | | | ૦ | ૧૦૬ | ૫ | ૯/૬ | ૨ | ૫ | ૨/૧ | ૯૩/૮૦ | ૨ | ૫ |
| | ૭ | | | ૦ | ૧૦૫ | ૫ | ૯/૬ | ૨ | ૪ | ૨/૧ | ૯૩/૮૦ | ૨ | ૫ |
| | ૮ | | | ૦ | ૧૦૪ | ૫ | ૯/૬ | ૨ | ૩ | ૨/૧ | ૯૩/૮૦ | ૨ | ૫ |
| | ૯ | | | ૦ | ૧૦૩ | ૫ | ૯/૬ | ૨ | ૨ | ૨/૧ | ૯૩/૮૦ | ૨ | ૫ |
| ૧૦ | સૂક્ષ્મ સંપરાયે | ૮ | ૧૪૮/૧૪૨ | ૧૪૨/૧૩૯ | ૧૦૨ | ૫ | ૯/૬ | ૨ | ૨૮ ૨૪ ૨૧ ૧ | ૨/૧ | ૯૩/૮૦ | ૨ | ૫ |
| ૧૧ | ઉપશાંતમોહે | ૮ | ૧૪૮/૧૪૨ | ૧૪૨/૧૩૯ | | ૫ | ૯/૬ | ૨ | ૨૮ ૨૪ ૨૧ | ૨/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૧૨ | ક્ષીણમોહે | ૭ | ૧૦૧/૯૯ | ૧૪૨/૧૩૯ | ૧૦૧/૯૯ | ૫ | ૬/૪ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| ૧૩ | સયોગિકેવલીએ | ૪ | ૮૫ | ૦ | ૮૫ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૮૬ | ૨ | ૦ |
| ૧૪ | અયોગિકેવલીએ | ૪ | ૮૫ ૧૩ ૧૨ | | ૮૫ ૧૩ ૧૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૮૦/૯ | ૨/૧ | ૦ |

* તદ્ભવ મોક્ષગામી અનંતાનુબંધી વિસંયોજક ઉપશમશ્રેણી માંડનાર ક્ષાયોપશમિક સમકિતને ૧૪૧ ની સત્તા ઘટે.
૧ તદ્ભવ મોક્ષે નહિ જનાર ઉપશમ શ્રેણીવાળા ક્ષાયિકસમકિતીને ઘટે.
૨ નવમા ગુણસ્થાનમાંમોહનીયના એ નવે અંક ૨૮-૨૪-૨૧ સહિત જાણવા.

# આઠ કર્મની ૧૪૮ પ્રકૃતિનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા કયા કયા અને કેટલા ગુણઠાણા સુધી હોય તેની સરળ સમજનું કોષ્ટક

| ઉત્તર પ્રકૃતિની સર્વ સંખ્યાનો ક્રમ | ઉત્તર પ્ર.નો ભિન્ન ભિન્ન સંખ્યાનો ક્રમ | ૮ મૂળ કર્મનાં તથા ૧૪૮ ઉત્તરપ્રકૃતિનાં અનુક્રમે નામ | કેટલા ગુણઠાણા સુધી બંધ હોય | કેટલા ગુણઠાણા સુધી ઉદય હોય | કેટલા ગુણઠાણા સુધી ઉદીરણા હોય | કેટલા ગુણઠાણા સુધી સત્તા હોય |
|---|---|---|---|---|---|---|
| | | **જ્ઞાનાવરણીય ૫** | | | | |
| ૧ | ૧ | મતિજ્ઞાનાવરણીય | ૧૦ | ૧૨ | ૧૨ | ૧૨ |
| ૨ | ૨ | શ્રુતજ્ઞાનાવરણીય | ૧૦ | ૧૨ | ૧૨ | ૧૨ |
| ૩ | ૩ | અવધિજ્ઞાનાવરણીય | ૧૦ | ૧૨ | ૧૨ | ૧૨ |
| ૪ | ૪ | મનઃપર્યવજ્ઞાનાવરણીય | ૧૦ | ૧૨ | ૧૨ | ૧૨ |
| ૫ | ૫ | કેવલજ્ઞાનાવરણીય | ૧૦ | ૧૨ | ૧૨ | ૧૨ |
| | | **દર્શનાવરણીય-૯** | | | | |
| ૬ | ૧ | ચક્ષુદર્શનાવરણીય | ૧૦ | ૧૨ | ૧૨ | ૧૨ |
| ૭ | ૨ | અચક્ષુદર્શનાવરણીય | ૧૦ | ૧૨ | ૧૨ | ૧૨ |
| ૮ | ૩ | અવધિદર્શનાવરણીય | ૧૦ | ૧૨ | ૧૨ | ૧૨ |
| ૯ | ૪ | કેવલદર્શનાવરણીય | ૧૦ | ૧૨ | ૧૨ | ૧૨ |
| ૧૦ | ૫ | નિદ્રા | ૮/૧ | ૧૨ સમય ન્યૂન | ૧૨ આવલિકા સમયાધિક ન્યૂન | ૧૨. સ૦ ન્યૂન |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **દર્શનાવરણીય-૯ ચાલુ** | | | | | | |
| ૧૧ | ૬ | નિદ્રા નિદ્રા | ૨ | ૬ | ૬ | ૯/૧ |
| ૧૨ | ૭ | પ્રચલા | ૯/૧ | ૧૨ સમય ન્યૂન | ૧૨ સમયાધિક આવલિકા ન્યૂન | ૧૨ સમય ન્યૂન |
| ૧૩ | ૮ | પ્રચલા પ્રચલા | ૨ | ૬ | ૬ | ૯/૧ |
| ૧૪ | ૯ | થીણદ્ધી | ૨ | ૬ | ૬ | ૯/૧ |
| **વેદનીય-૨** | | | | | | |
| ૧૫ | ૧ | સાતા વેદનીય | ૧૩ | ૧૪ | ૬ | ૧૪ |
| ૧૬ | ૨ | અસાતા વેદનીય | ૬ | ૧૪ | ૬ | ૧૪ |
| **મોહનીય-૨૮** | | | | | | |
| ૧૭<br>૧૮ | ૧<br>૨ | સમ્યક્ત્વ મોહનીય<br>મિશ્ર મોહનીય | [illegible] ૪ | ૪થી ૭<br>૩ જે | ૪થી ૭<br>૩ જે | ૧૧-૭<br>૧૧-૭ |
| ૧૯ | ૩ | મિથ્યાત્વ મોહનીય | ૧ | ૧ | ૧ | ૧૧-૭ |
| ૨૦ | ૪ | અનંતાનુબંધી ક્રોધ | ૨ | ૨ | ૨ | ૧૧-૭ |
| ૨૧ | ૫ | અનંતાનુબંધી માન | ૨ | ૨ | ૨ | ૧૧-૭ |
| ૨૨ | ૬ | અનંતાનુબંધી માયા | ૨ | ૨ | ૨ | ૧૧-૭ |
| ૨૩ | ૭ | અનંતાનુબંધી લોભ | ૨ | ૨ | ૨ | ૧૧-૭ |
| ૨૪ | ૮ | અપ્રત્યાખ્યાની ક્રોધ | ૪ | ૪ | ૪ | ૧૧-૯/૨ |
| ૨૫ | ૯ | અપ્રત્યાખ્યાની માન | ૪ | ૪ | ૪ | ૧૧-૯/૨ |
| ૨૬ | ૧૦ | અપ્રત્યાખ્યાની માયા | ૪ | ૪ | ૪ | ૧૧-૯/૨ |
| ૨૭ | ૧૧ | અપ્રત્યાખ્યાની લોભ | ૪ | ૪ | ૪ | ૧૧-૯/૨ |
| ૨૮ | ૧૨ | પ્રત્યાખ્યાની ક્રોધ | ૫ | ૫ | ૫ | ૧૧-૯/૨ |
| ૨૯ | ૧૩ | પ્રત્યાખ્યાની માન | ૫ | ૫ | ૫ | ૧૧-૯/૨ |
| ૩૦ | ૧૪ | પ્રત્યાખ્યાની માયા | ૫ | ૫ | ૫ | ૧૧-૯/૨ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **મોહનીય-૨૮ ચાલુ** | | | | | | |
| ૩૧ | ૧૫ | પ્રત્યાખ્યાની લોભ | ૫ | ૫ | ૫ | ૧૧-૯/૨ |
| ૩૨ | ૧૬ | સંજ્વલન ક્રોધ | ૯/૨ | ૯ | ૯ | ૧૧-૯/૭ |
| ૩૩ | ૧૭ | સંજ્વલન માન | ૯/૩ | ૯ | ૯ | ૧૧-૯/૮ |
| ૩૪ | ૧૮ | સંજ્વલન માયા | ૯/૪ | ૯ | ૯ | ૧૧-૯/૯ |
| ૩૫ | ૧૯ | સંજ્વલન લોભ | ૯/૫ | ૧૦ | ૧૦ | ૧૧-૧૦ |
| ૩૬ | ૨૦ | હાસ્ય નોકષાય | ૮/૭ | ૮ | ૮ | ૧૧-૯/૫ |
| ૩૭ | ૨૧ | રતિ નોકષાય | ૮/૭ | ૮ | ૮ | ૧૧-૯/૫ |
| ૩૮ | ૨૨ | અરતિ નોકષાય | ૬ | ૮ | ૮ | ૧૧-૯/૫ |
| ૩૯ | ૨૩ | શોક નોકષાય | ૬ | ૮ | ૮ | ૧૧-૯/૫ |
| ૪૦ | ૨૪ | ભય નોકષાય | ૮/૭ | ૮ | ૮ | ૧૧-૯/૫ |
| ૪૧ | ૨૫ | જુગુપ્સા નોકષાય | ૮/૭ | ૮ | ૮ | ૧૧-૯/૫ |
| ૪૨ | ૨૬ | પુરૂષવેદ નોકષાય | ૯/૧ | ૯ | ૯ | ૧૧-૯/૬ |
| ૪૩ | ૨૭ | સ્ત્રીવેદ નોકષાય | ૨ | ૯ | ૯ | ૧૧-૯/૪ |
| ૪૪ | ૨૮ | નપુંસકવેદ નોકષાય | ૧ | ૯ | ૯ | ૧૧-૯/૩ |
| **આયુઃકર્મ-૪** | | | | | | |
| ૪૫ | ૧ | દેવાયુ | * ૧થી૭ | ૪ | ૪ | ૧૧-૭ |
| ૪૬ | ૨ | મનુષ્યાયુ | * ૪ | ૧૪ | ૬ | ૧૪ |
| ૪૭ | ૩ | તિર્યંચાયુ | ૨ | ૫ | ૫ | ૭ |
| ૪૮ | ૪ | નરકાયુ | ૧ | ૪ | ૪ | ૭ |
| **નામકર્મની ૯૩-૧૦૩** | | | | | | |
| ૪૯ | ૧ | મનુષ્યગતિ નામકર્મ | ૪ | ૧૪ | ૧૩ | ૧૪ |
| ૫૦ | ૨ | તિર્યંચગતિ નામકર્મ | ૨ | ૫ | ૫ | ૧૧-૯/૧ |
| ૫૧ | ૩ | દેવગતિ નામકર્મ | ૮/૬ | ૪ | ૪ | ૧૪ ÷ |

* ત્રીજે ગુણઠાણે એકે આયુષનો બંધ હોય નહિ, માટે ૩જા વિના.

| નામકર્મની ૯૩-૧૦૩ ચાલુ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫૨ | ૪ | નરકગતિ નામકર્મ | ૧ | ૪ | ૪ | ૧૧-૮/૧ |
| ૫૩ | ૫ | xએકેન્દ્રિય જાતિ નામકર્મ | ૧ | ૨ | ૨ | ૧૧-૮/૧ |
| ૫૪ | ૬ | બેઇન્દ્રિય જાતિ નામકર્મ | ૧ | ૨ | ૨ | ૧૧-૮/૧ |
| ૫૫ | ૭ | તેઇન્દ્રિય જાતિ નામકર્મ | ૧ | ૨ | ૨ | ૧૧-૮/૧ |
| ૫૬ | ૮ | ચઉરિન્દ્રિય જાતિ નામકર્મ | ૧ | ૨ | ૨ | ૧૧-૮/૧ |
| ૫૭ | ૯ | પંચેન્દ્રિય જાતિ નામકર્મ | ૮/૬ | ૧૪ | ૧૩ | ૧૪ |
| ૫૮ | ૧૦ | ઔદારિક શરીર નામકર્મ | ૪ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૫૯ | ૧૧ | વૈક્રિય શરીર નામકર્મ | ૮/૬ | ૪ | ૪ | ૧૪ |
| ૬૦ | ૧૨ | આહારક શરીર નામકર્મ | ૮/૬ | છઠ્ઠું | છઠ્ઠું | ૧૪ |
| ૬૧ | ૧૩ | તૈજસ શરીર નામકર્મ | ૮/૬ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૬૨ | ૧૪ | કાર્મણ શરીર નામકર્મ | ૮/૬ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૬૩ | ૧૫ | ઔદારિક અંગોપાંગ નામકર્મ | ૪ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૬૪ | ૧૬ | વૈક્રિય અંગોપાંગ નામકર્મ | ૮/૬ | ૪ | ૪ | ૧૪ |
| ૬૫ | ૧૭ | આહારક અંગોપાંગ નામકર્મ | ૮/૬ | છઠ્ઠું | છઠ્ઠું | ૧૪ |
| ૬૬ | ૧૮ | ઔદારિક બંધન નામકર્મ | આ સર્વનો બંધ સ્વશરીર વત્ છે | સ્વશરીર વત્ | સ્વશરીર વત્ | ૧૪ |
| ૬૭ | ૧૯ | વૈક્રિય બંધન નામકર્મ | | | | ૧૪ |
| ૬૮ | ૨૦ | આહાર બંધન નામકર્મ | | | | ૧૪ |
| ૬૯ | ૨૧ | તૈજસ બંધન નામકર્મ | | | | ૧૪ |
| ૭૦ | ૨૨ | કાર્મણ બંધન નામકર્મ | | | | ૧૪ |
| ૭૧ | ૨૩ | ઔદારિક સંઘાતન નામકર્મ | | | | ૧૪ |
| ૭૨ | ૨૪ | વૈક્રિય સંઘાતન નામકર્મ | | | | ૧૪ |
| ૭૩ | ૨૫ | આહારક સંઘાતન નામકર્મ | | | | ૧૪ |
| ૭૪ | ૨૬ | તૈજસ સંઘાતન નામકર્મ | | | | ૧૪ |
| ૭૫ | ૨૭ | કાર્મણ સંઘાતન નામકર્મ | | | | ૧૪ |

x એકેન્દ્રિય તથા વિકલેન્દ્રિય માત્ર પહેલું અને બીજું એ બે જ ગુણઠાણાં હોય

નામકર્મની જે પ્રકૃતિઓની સત્તા ૧૪મા સુધી કહી છે, તેમાંથી મનુષ્યગતિ-પંચેન્દ્રિયજાતિ ત્રસ, બાદર-પર્યાપ્ત સુભગ-આદેય-યશ, તીર્થંકરનામકર્મ-સિવાયની ૭૧ પ્રકૃતિઓની સત્તા ૧૪માના દ્વિચરમ સમય સુધી હોય છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **નામકર્મની ૯૩-૧૦૩ ચાલુ** | | | | | | |
| ૭૬ | ૨૮ | વજ્રઋષભનારાચ સંઘયણ | ૪ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૭૭ | ૨૯ | ઋષભનારાચ સંઘયણ | ૨ | ૧૧ | ૧૧ | ૧૪ |
| ૭૮ | ૩૦ | નારાચ સંઘયણ | ૨ | ૧૧ | ૧૧ | ૧૪ |
| ૭૯ | ૩૧ | અર્ધનારાચ સંઘયણ | ૨ | ૭ | ૭ | ૧૪ |
| ૮૦ | ૩૨ | કીલિકા સંઘયણ | ૨ | ૭ | ૭ | ૧૪ |
| ૮૧ | ૩૩ | છેવઠ્ઠું સંઘયણ | ૧ | ૭ | ૭ | ૧૪ |
| ૮૨ | ૩૪ | સમચતુરસ્ર સંસ્થાન | ૬ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૮૩ | ૩૫ | ન્યગ્રોધ સંસ્થાન | ૨ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૮૪ | ૩૬ | સાદી સંસ્થાન | ૨ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૮૫ | ૩૭ | વામન સંસ્થાન | ૨ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૮૬ | ૩૮ | કુબ્જ સંસ્થાન | ૨ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૮૭ | ૩૯ | હુંડક સંસ્થાન | ૧ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૮૮ | ૪૦ | કૃષ્ણ વર્ણનામકર્મ | ૬ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૮૯ | ૪૧ | નીલ વર્ણનામકર્મ | આ સર્વે ૮માના ઉદય હોય છે | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૯૦ | ૪૨ | લોહિત વર્ણનામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૯૧ | ૪૩ | હારિદ્ર વર્ણનામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૯૨ | ૪૪ | શ્વેત વર્ણનામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૯૩ | ૪૫ | સુરભિ ગંધનામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૯૪ | ૪૬ | દુરભિ ગંધનામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૯૫ | ૪૭ | તિક્ત રસ નામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૯૬ | ૪૮ | કટુક રસ નામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૯૭ | ૪૯ | કષાય રસ નામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૯૮ | ૫૦ | આમ્લ રસ નામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૯૯ | ૫૧ | મધુર રસ નામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૦૦ | ૫૨ | કર્કશ સ્પર્શ નામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |

## નામકર્મની ૯૩-૧૦૩ ચાલુ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૦૧ | ૫૩ | મૃદુ સ્પર્શ નામકર્મ | આ સર્વ ૮માના ૬ઠ્ઠા ભાગ સુધી | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૦૨ | ૫૪ | ગુરૂ સ્પર્શ નામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૦૩ | ૫૫ | લઘુ સ્પર્શ નામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૦૪ | ૫૬ | શીત સ્પર્શ નામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૦૫ | ૫૭ | ઉષ્ણ સ્પર્શ નામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૦૬ | ૫૮ | સ્નિગ્ધ સ્પર્શ નામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૦૭ | ૫૯ | રૂક્ષ સ્પર્શ નામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૦૮ | ૬૦ | નરકાનુપૂર્વી નામકર્મ | ૧ | ૧-૪ | ૧-૪ | ૯/૧ |
| ૧૦૯ | ૬૧ | તિર્યંચાનુપૂર્વી નામકર્મ | ૨ | ૧-૨-૪ | ૧-૨-૪ | ૯/૧ |
| ૧૧૦ | ૬૨ | મનુષ્યાનુપૂર્વી નામકર્મ | ૪ | ૧-૨-૪ | ૧-૨-૪ | ૧૪ |
| ૧૧૧ | ૬૩ | દેવાનુપૂર્વી નામકર્મ | ૮/૬ | ૧-૨-૪ | ૧-૨-૪ | ૧૪ |
| ૧૧૨ | ૬૪ | શુભવિહાયોગતિ નામકર્મ | ૮/૬ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૧૩ | ૬૫ | અશુભવિહાયોગતિ નામકર્મ | ૨ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૧૪ | ૬૬ | પરાઘાત નામકર્મ | ૮/૬ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૧૫ | ૬૭ | ઉચ્છ્વાસ નામકર્મ | ૮/૬ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૧૬ | ૬૮ | આતપ નામકર્મ | ૧ | ૧ | ૧ | ૯/૧ |
| ૧૧૭ | ૬૯ | ઉદ્યોત નામકર્મ | ૨ | ૫ | ૫ | ૯/૧ |
| ૧૧૮ | ૭૦ | અગુરૂલઘુ નામકર્મ | ૮/૬ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૧૯ | ૭૧ | તીર્થંકર નામકર્મ | ૮ના૬ | ૧૩-૧૪ | ૧૩મું | ૧૪ |
| ૧૨૦ | ૭૨ | નિર્માણ નામકર્મ | ૮ માના ૬ઠ્ઠા ભાગ સુધી | ૧૩ | ૧૪ | ૧૪ |
| ૧૨૧ | ૭૩ | ઉપઘાત નામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૨૨ | ૭૪ | ત્રસ નામકર્મ | | ૧૪ | ૧૩ | ૧૪ |
| ૧૨૩ | ૭૫ | બાદર નામકર્મ | | ૧૪ | ૧૩ | ૧૪ |
| ૧૨૪ | ૭૬ | પર્યાપ્ત નામકર્મ | | ૧૪ | ૧૩ | ૧૪ |
| ૧૨૫ | ૭૭ | પ્રત્યેક નામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **નામકર્મની ૯૩-૧૦૩ ચાલુ** | | | | | | |
| ૧૨૬ | ૭૮ | સ્થિર નામકર્મ | ૮ માં ગુણ. ૬ઠ્ઠા ભાગે | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૨૭ | ૭૯ | શુભ નામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૨૮ | ૮૦ | સૌભાગ્ય નામકર્મ | | ૧૪ | ૧૩ | ૧૪ |
| ૧૨૯ | ૮૧ | સુસ્વર નામકર્મ | | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૩૦ | ૮૨ | આદેય નામકર્મ | ૮/૬ | ૧૪ | ૧૩ | ૧૪ |
| ૧૩૧ | ૮૩ | યશકીર્તિ નામકર્મ | ૧૦ | ૧૪ | ૧૩ | ૧૪ |
| ૧૩૨ | ૮૪ | સ્થાવર નામકર્મ | ૧ | ૨ | ૨ | ૯/૧ |
| ૧૩૩ | ૮૫ | સૂક્ષ્મ નામકર્મ | ૧ | ૧ | ૧ | ૯/૧ |
| ૧૩૪ | ૮૬ | અપર્યાપ્ત નામકર્મ | ૧ | ૧ | ૧ | ૧૪ |
| ૧૩૫ | ૮૭ | સાધારણ નામકર્મ | ૧ | ૧ | ૧ | ૯/૧ |
| ૧૩૬ | ૮૮ | અસ્થિર નામકર્મ | ૬ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૩૭ | ૮૯ | અશુભ નામકર્મ | ૬ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૩૮ | ૯૦ | દૌર્ભાગ્ય નામકર્મ | ૨ | ૪ | ૪ | ૧૪ |
| ૧૩૯ | ૯૧ | દુઃસ્વર નામકર્મ | ૨ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૧૪૦ | ૯૨ | અનાદેય નામકર્મ | ૨ | ૪ | ૪ | ૧૪ |
| ૧૪૧ | ૯૩ | અપયશ નામકર્મ | ૬ | ૪ | ૪ | ૧૪ |
| **ગોત્રકર્મ-૨** | | | | | | |
| ૧૪૨ | ૧ | ઉચ્ચ ગોત્ર | ૧૦ | ૧૪ | ૧૩ | ૧૪ |
| ૧૪૩ | ૨ | નીચ ગોત્ર | ૨ | ૫ | ૫ | ૧૪ |
| **અંતરાયકર્મ-૫** | | | | | | |
| ૧૪૪ | ૧ | દાનાંતરાય | ૧૦ | ૧૨ | ૧૨ | ૧૨ |
| ૧૪૫ | ૨ | લાભાંતરાય | ૧૦ | ૧૨ | ૧૨ | ૧૨ |
| ૧૪૬ | ૩ | ભોગાંતરાય | ૧૦ | ૧૨ | ૧૨ | ૧૨ |
| ૧૪૭ | ૪ | ઉપભોગાંતરાય | ૧૦ | ૧૨ | ૧૨ | ૧૨ |
| ૧૪૮ | ૫ | વીર્યાંતરાય | ૧૦ | ૧૨ | ૧૨ | ૧૨ |

# બીજો કર્મગ્રન્થ (કર્મસ્તવ)
# પ્રદીપક

૧ આ બીજા કર્મગ્રન્થનું નામ કર્મસ્તવ છે, તેનું કારણ છે, કે-ગ્રન્થકાર આચાર્ય મહારાજશ્રીએ ભગવાન મહાવીર દેવની સ્તુતિ કરતા હોય, સ્તવન કરતા હોય, એ રીતે પ્રાચીન કર્મસ્તવને અનુસરીને આ ગ્રન્થની રચના કરી છે. અને સાથે સાથે ભગવાનના જીવનનો સ્તુત્ય વિષય-કર્મનો બંધ, ઉદય, ઉદીરણા, સત્તાના સ્થાનોમાંથી ભગવાન કેવી રીતે પસાર થયા હતા ? -તે રાખેલ છે. અને સાથે સાથે ગુણસ્થાનકો ઉપર બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા ઘટાવી બતાવેલ છે. પહેલી જ ગાથામાં-

तह थुणिमो वीरजिणं०१. अजोगि अणुदीरगो भयवं०-२४ जो खविउं पत्तो सिद्धि.......

नमह तं वीरं ३४ વિગેરે પદોમાં આ ગ્રન્થનું સ્તવનપણું રાખ્યે ગયા છે.

## ગાથા ૧ લી

બંધ-જે આકાશપ્રદેશ ઉપર જે આત્માના જે પ્રદેશો રહેલા હોય, તે આત્મપ્રદેશો ત્યાંજ રહેલી કાર્મણ વર્ગણાઓને યોગ અને અધ્યવસાયોના બળથી ખેંચીને પોતાની સાથે દૂધ અને પાણીની માફક મેળવે, તે બંધ, અને એ રીતે બંધાયેલી કાર્મણ વર્ગણા જ્યારથી બંધાય અને જ્યાં સુધી છુટે નહીં, ત્યાં સુધી કર્મ કહેવાય.

ઉદય-જે કર્મની જેટલી સ્થિતિ બંધાઈ હોય, તે પ્રમાણે, અથવા અપવર્તનાદિક કરણોએ કરીને ઓચ્છી થઈ ગઈ હોય કે વધી હોય, તે પ્રમાણે બરાબર વખતસર કર્મનું ઉદયાવલિકામાં પ્રવેશ થઈને વેદન થવું, તે ઉદય.

ઉદીરણા-ઉદયકાળ પ્રાપ્ત થયા વિના જ જીવના તે કાળના સામર્થ્ય વિશેષના બળથી કર્મોને ઉદયાવલિકામાં પ્રવેશ કરાવીને પરાણે ઉદયમાં લાવવાં તે ઉદીરણા.

**સત્તા**-કાર્મણ વર્ગણાએ બંધ પામીને તે તે કર્મ તરીકેનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું હોય છે. અથવા સંક્રમાદિકે કરીને તે તે કર્મ તરીકેનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું હોય છે, એમ જે કર્મનું જે વખતે જે સ્વરૂપ પ્રાપ્ત થયું હોય, તે સ્વરૂપે જ અવસ્થાન-કાયમ ટકી રહેવું તે સત્તા.

**દાખલા તરીકે**-૧ મનુષ્ય ગતિ અને મનુષ્યાનુપૂર્વી એ બે કર્મ બંધાયા હોય તો તે બન્નેયે બંધથી પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું ગણાય અને બન્નેય તે સ્વરૂપે જ્યાં સુધી રહે ત્યાં સુધી તે બન્નેયની **સત્તા** ગણાય.

૨. હવે બંધ થયા પછી, જો મનુષ્યાનુપૂર્વી સ્વજાતિમાં એટલે મનુષ્યગતિ કર્મમાં સંક્રમી જાય, તો આનુપૂર્વી કર્મનું સ્વરૂપ મટી ગયું અને મનુષ્ય ગતિમાં તેનો સંક્રમ થવાથી મનુષ્યગતિ કર્મે બંધથી અને સંક્રમથી પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું ગણાય. એટલે મનુષ્યગતિ નામકર્મની એકની **સત્તા** ગણાય.

તથા-**મિથ્યાત્વ મોહનીયે** બંધથી સત્તા પ્રાપ્ત કરી હોવા છતાં તેમાંથી રસ ઓછો થઈ જવાથી તેના અર્ધ રસવાળા અને નીરસ પ્રાયઃ એમ બે ભાગ પડવાથી બંધ ન થવા છતાં **મિશ્રમોહનીય** અને **સમ્યક્ત્વ મોહનીયની** સત્તા માનવામાં આવે છે. કેમકે-એ બે પ્રકૃતિઓએ બંધ વિના પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરીને પોતાની વિદ્યમાનતા સિદ્ધ કરી સત્તા પ્રાપ્ત કરી છે.

## ગાથા ૨ જી

## ચૌદ ગુણસ્થાનકો

આ ગાથામાં ૧૪ ગુણસ્થાનકનાં નામો આપવામાં આવ્યાં છે. અને વિવેચનમાં તેનું ટૂંકમાં સ્વરૂપ સમજાવ્યું છે.

### ગુણસ્થાનકોની વ્યવસ્થા

જગત્માં અનંત જીવો છે. તે દરેક જીવો એક સરખા જોવામાં આવતા નથી. ઈન્દ્રિયોના વિભાગથી, વેદના વિભાગથી, જ્ઞાનશક્તિ, ઉપયોગ શક્તિ, લેશ્યા વિગેરેથી, જુદી જુદી રીતે શાસ્ત્રમાં જીવોના ભેદો પાડી બતાવ્યા છે અને જગત્માં દેખાય પણ છે.

પરંતુ, આધ્યાત્મિક વિકાસની દૃષ્ટિથી જે ભાગ પાડવામાં આવ્યા છે, તે આ ગુણસ્થાનકોની વ્યવસ્થાથી બરાબર વ્યવસ્થિત સમજાવી શકાય છે.

૧. સામાન્ય રીતે જીવના (૧) મિથ્યાત્વી અને (૨) સમ્યક્ત્વ ધારી એ બે પ્રકારો પાડવામાં આવે છે, એટલે કે-કેટલાક જીવો ગાઢ અજ્ઞાન અને વિરૂદ્ધ સમજના હોય છે. કેટલાક સમજદાર એટલે યોગ્ય લક્ષ્ય અને આદર્શને અનુસરીને જીવન ચલાવતા હોય છે.

સમ્યક્ત્વધારીઓમાં ત્રણ પ્રકાર પડી જાય છે. (૧) સમ્યક્ત્વથી પડતી વખતે સ્વલ્પ સમ્યક્ત્વવંત, (૨) અર્ધ સમ્યક્ત્વવંત-અર્ધમિથ્યાત્વવંત અને (૩) વિશુદ્ધ સમ્યક્ત્વવંત.

એટલે (૧) મિથ્યાત્વ (૨) સાસ્વાદન (૩) મિશ્ર અને (૪) સમ્યક્ત્વવંત ગુણસ્થાનકો. એમ ચાર વિભાગ ગુણસ્થાનકોના થયા.

**હવે સમ્યક્ત્વવંતમાં નીચે પ્રમાણે ભેદો પડે છે.**

(૧) સમ્યક્ત્વ છતાં ચારિત્ર રહિત. એટલે અવિરતિ. (૪ થું)

(૨) સમ્યક્ત્વ છતાં ચારિત્ર સહિત.

**સમ્યક્ત્વ છતાં ચારિત્ર સહિતના બે પ્રકાર પડે છે.**

(૧) દેશથી ચારિત્રવંત. (૫ મું) (૨) સર્વથી ચારિત્રવંત.

**સર્વથી ચારિત્રવંતના બે પ્રકાર પડે છે.**

(૧) પ્રમાદ સાથે સર્વ ચારિત્રવંત (૬ ઠું) (૨) અપ્રમાદ સાથે સર્વ ચારિત્રવંત.

**અપ્રમાદ સાથે સર્વ ચારિત્રના બે પ્રકાર પડે છે.**

(૧) કેવલી અવસ્થા (૨) છદ્મસ્થાવસ્થા

**કેવલજ્ઞાન સાથેના અપ્રમત્ત ચારિત્રના બે પ્રકાર પડે છે-**

(૧) મન વચન કાયાના યોગ સાથે અપ્રમત્ત ભાવે રહેલા સર્વથી ચારિત્રવંત કેવલી-સયોગી કેવલી સર્વ ચારિત્રવંત (૧૩મું ગુ૦)

(૨) મન વચન કાયાના યોગો વિના અપ્રમત્તભાવે રહેલા સર્વથી ચારિત્રવંત કેવલજ્ઞાની-અયોગી કેવલી અપ્રમત્ત સર્વ ચારિત્રવંત (૧૪મું ગુ૦)

આપના બાળકોને
શ્રદ્ધાળુ, જ્ઞાનવાન
અને
ચારિત્ર સંપન્ન બનાવવા
મહેસાણા
પાઠશાળામાં દાખલ
કરો
પ્રવેશ પત્ર મંગાવી
નીચેના સરનામે
ભરી મોકલો

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
ઠે. : સ્ટેશન રોડ,
મહેસાણા (ઉ.ગુ.) ૩૮૪૦૦૧.

: મુદ્રક :
ભરત પ્રિન્ટરી
(કાન્તિલાલ ડી. શાહ)
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૬૪૭૯૮